
દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ Volume 66 ■ Issue 264 ■ વિક્રમ સંવત ૨૦૭૯ ■ આશ્વિન વદ-૧૨ ■ 10 November 2023, Friday ■ REGD.No. MCS/058/2021-23
શુક્રવાર, ૧૦ નવેમ્બર ૨૦૨૩, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# બીસીસીઆઇએ વન-ડે વર્લ્ડ કપની સેમિફાઇનલ અને ફાઇનલ મેચની ટિકિટોનું કર્યું વેચાણ

નવી દિલ્હીઃ વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ તેના અંતિમ તબક્કા તરફ આગળ વધી રહ્યો છે. હવે તમામ ટીમો તેમની છેલ્લી લીગ મેચ રમી રહી છે અને આવતા અઠવાડિયે સેમિફાઈનલ અને ફાઈનલ મેચો યોજાવાની છે. આવી સ્થિતિમાં બીસીસીઆઈએ સેમિફાઈનલ અને ફાઈનલ મેચ માટે પણ ટિકિટ જાહેર કરવાનો નિર્ણય લીધો હતો. આ ટૂર્નામેન્ટનું આયોજન કરી રહેલા ભારતીય ક્રિકેટ બોર્ડે કહ્યું હતું કે નવ નવેમ્બરના રોજ ટિકિટ ખરીદવાની છેલ્લી તક આપવામાં આવી હતી.

બોર્ડે નોકઆઉટ મેચોની ટિકિટ આપતા પહેલા તમામને જાણ કરી હતી. બીસીસીઆઈએ તેની મીડિયા રિલીઝમાં લખ્યું હતું કે આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ તેના સમાપનની નજીક છે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ગુરુવારે ટિકિટની અંતિમ બેચ જાહેર કરી હતી.

પ્રથમ સેમિ-ફાઇનલ (૧૫ નવેમ્બર), બીજી સેમિ-ફાઇનલ (૧૬ નવેમ્બર) અને ૧૯ નવેમ્બરે ફાઇનલ માટે નવ નવેમ્બર રાત્રે આઠ વાગ્યાથી ટિકિટોનું વેચાણ શરૂ કરાયું હતું. ચાહકો વર્લ્ડ કપની સત્તાવાર ટિકિટિંગ વેબસાઇટ પર જઈને ટિકિટ ખરીદી શકે છે.

આ વર્લ્ડ કપમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કર્યું છે. અત્યાર સુધી અજેય રહીને ટીમ ઈન્ડિયાએ સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. હવે ભારત ફાઇનલમાં પહોંચવાથી એક જીત દૂર છે. ભારત ઉપરાંત દક્ષિણ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયાની ટીમો પણ સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે.

# ન્યૂઝિલેન્ડ સામે કુસલ પરેરાએ મચાવી ધમાલ

## વર્લ્ડ કપ ૨૦૨૩ની સૌથી ઝડપી અડધી સદી ફટકારી

બેંગલૂરુઃ આઇસીસી વર્લ્ડ કપ ૨૦૨૩ની ૪૧મી મેચ ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે બેંગલૂરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં શ્રીલંકાએ પ્રથમ બેટિંગ કરતા ૧૦ ઓવરમાં ૭૦ રનમાં ૫ વિકેટ ગુમાવી દીધી હતી. આ મેચમાં શ્રીલંકાના ઓપનર કુસલ પરેરાએ એક શાનદાર રેકોર્ડ પોતાના નામે કર્યો છે. કુસલ પરેરાએ ન્યૂઝીલેન્ડ સામે વિસ્ફોટક બેટિંગ કરીને વર્લ્ડ કપ ૨૦૨૩ની સૌથી ઝડપી અડધી સદી ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

આ મેચમાં પરેરા ઇનિંગની શરૂઆત કરવા આવ્યો હતો. ક્રિઝ પર આવતાની સાથે જ તેણે આક્રમક વલણ અપનાવ્યું હતું. પરેરાએ શાનદાર બેટિંગ કરી અને ૨૨ બોલમાં પોતાના ૫૦ રન પૂરા કર્યા હતા. દરમિયાન તેણે નવ શાનદાર ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી. આ સાથે તે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. પરેરા પહેલા કુસલ મેન્ડિસે ૨૫ બોલમાં ૫૦ રન કર્યા હતા. ઉપરાંત ટ્રેવિસ હેડે ૨૫ બોલમાં , ગ્લેન મેક્સવેલે ૨૭ બોલમાં અને ડેવિડ વોર્નરે ૨૮ બોલમાં અડધી સદી ફટકારી હતી. હવે કુસલ પરેરા આ બધાને પાછળ છોડીને આ સીઝનની સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. જો આપણે વન-ડે વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી ઝડપી અડધી સદીની વાત કરીએ તો તે ન્યૂઝીલેન્ડના પૂર્વ ક્રિકેટર બ્રેન્ડન મેક્કુલમના નામે છે. તેણે ૨૦૧૫માં ઈંગ્લેન્ડ સામે ૧૮ બોલમાં અડધી સદી ફટકારી હતી. ૨૦૦૭માં પણ તેણે કેનેડા સામે ૨૦ બોલમાં અડધી સદી ફટકારી હતી.

# ટ્રેન્ટ બોલ્ટે વર્લ્ડ કપમાં રચ્યો ઈતિહાસ

## ૫૦ વિકેટ ઝડપનાર ન્યૂઝિલેન્ડનો પ્રથમ બોલર બન્યો

બેંગલૂરુઃ શ્રીલંકા સામેની મેચમાં ન્યૂઝીલેન્ડના ઝડપી બોલર ટ્રેન્ટ બોલ્ટે શાનદાર બોલિંગ કરી ઇતિહાસ રચી દીધો હતો. આ મેચમાં ટ્રેન્ટ બોલ્ટે પણ ખાસ રેકોર્ડ બનાવ્યો છે. બોલ્ટ વન-ડે વર્લ્ડ કપના ઈતિહાસમાં ૫૦ વિકેટ લેનારો છઠ્ઠો બોલર બની ગયો છે. આ સાથે જ તે પાંચમો ઝડપી બોલર બની ગયો છે. બોલ્ટ ન્યૂઝીલેન્ડનો પ્રથમ બોલર બન્યો છે જેણે વન-ડે વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લીધી હોય. આ સિવાય બોલ્ટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૬૦૦ વિકેટ પણ પૂરી કરી લીધી છે. બોલ્ટ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૬૦૦ વિકેટ પૂરી કરનાર ન્યૂઝીલેન્ડનો ત્રીજો બોલર બની ગયો છે. બોલ્ટ પહેલા આવું કારનામું ડેનિયલ વેટ્ટોરી અને ટીમ સાઉદી ન્યૂઝીલેન્ડ માટે ૬૦૦ વિકેટ ઝડપી ચૂક્યા છે. ટીમ સાઉદીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અત્યાર સુધીમાં ૭૩૧ વિકેટ ઝડપી છે. ડેનિયલ વેટ્ટોરીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૭૦૫ વિકેટ લેવામાં સફળ રહ્યો હતો.

ટ્રેન્ટ બોલ્ટ વર્લ્ડ કપમાં ૫૦ વિકેટ લેનારો વિશ્વનો માત્ર છઠ્ઠો બોલર બન્યો છે. તેમના પહેલા વસીમ અકરમ (૫૫), લસિથ મલિંગા (૫૬), મિશેલ સ્ટાર્ક (૫૯), મુથૈયા મુરલીધરન (૬૮), અને ગ્લેન મેકગ્રા (૭૧) પણ આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

# મોહમ્મદ સિરાજ નંબર વન બોલર બનીને ખુશ નથી, કહ્યું- વર્લ્ડ કપ જીતવો મારું લક્ષ્ય

નવી દિલ્હીઃ તાજેતરમાં ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજ ફરી એકવાર વન-ડેમાં નંબર વન બોલર બન્યો હતો. વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં તેના શાનદાર પ્રદર્શનને કારણે ભારતીય ફાસ્ટ બોલરે નંબર વન રેન્કિંગ કબજે કર્યું હતું. પરંતુ આ દરમિયાન સિરાજે કહ્યું કે, નંબર વન રેન્કિંગથી તેને કોઈ ફરક નથી પડતો. બે નવેમ્બરે શ્રીલંકા સામે રમાયેલી મેચમાં ભારતીય ઝડપી બોલર સિરાજે ત્રણ વિકેટ ઝડપી હતી, જેના કારણે તેને નંબર વન રેન્કિંગ મેળવવામાં મદદ મળી હતી.

પરંતુ સિરાજના નિવેદન વિશે વાત કરતા ભારતીય ફાસ્ટ બોલરે કહ્યું હતું, કે, તેને નંબર વન રેન્કિંગથી કોઈ ફરક નથી પડતો કારણ કે તેનું લક્ષ્ય ૨૦૨૩ વર્લ્ડ કપ જીતવાનું છે. ટીમ ઈન્ડિયા ટૂર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. બેટ્સમેનોની સાથે સાથે બોલરોએ પણ ભારતને ટૂર્નામેન્ટની પ્રથમ સેમિફાઈનલમાં સ્થાન અપાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

આ સિવાય સિરાજે કહ્યું, હું આ ભારતીય ટીમનો ભાગ બનીને ખૂબ જ ખુશ અને ગર્વ અનુભવું છું. આ રીતે વર્લ્ડ કપમાં ભાગ લેવો અને આ પ્રકારનું પ્રદર્શન આપવું અદ્ભુત છે.

ટીમ ઈન્ડિયાએ ટૂર્નામેન્ટમાં આઠ લીગ મેચ રમી છે અને સિરાજ તમામ મેચોમાં પ્લેઈંગ ઈલેવનનો ભાગ રહ્યો છે. ત્રણ મેચમાં સિરાજે ૩૧.૭ની એવરેજથી ૧૦ વિકેટ ઝડપી છે.

નોંધનીય છે કે ભારતીય ટીમ અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં અજેય રહી છે. ટીમે તમામ આઠ મેચ જીતી હતી.

# ઑસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ સીરિઝમાં નહીં રમી શકે હાર્દિક પંડ્યા

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ ટીમનો ટી-૨૦નો કેપ્ટન હાર્દિક પંડ્યા ૨૩ નવેમ્બરથી શરૂ થનારી ઑસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ સીરિઝ ગુમાવે તેવી સંભાવના છે. સ્ટાર ઓલરાઉન્ડરને વર્લ્ડ કપની મેચ દરમિયાન તેના ડાબા પગમાં ઇજા પહોંચી હતી જેના કારણે હાર્દિક વર્લ્ડ કપમાંથી પણ બહાર થઇ ગયો હતો. એવું માનવામાં આવે છે કે ઑસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની ટી-૨૦ સીરિઝ માટેની ટીમની જાહેરાત ભારતના વર્લ્ડ કપ સેમિફાઇનલ પછી જ કરવામાં આવશે.

બીસીસીઆઈના સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૦ ડિસેમ્બરથી ડરબનમાં સાઉથ આફ્રિકા ટી-૨૦ સીરિઝ શરૂ થશે ત્યાં સુધીમાં હાર્દિક ફિટ થાય તેવી શક્યતા છે. નામ ન આપવાની શરતે બીસીસીઆઇના એક સૂત્રએ પીટીઆઇને કહ્યું હતું કે હાર્દિકને ફિટ જાહેર કરવામાં અને પસંદગી માટે ઉપલબ્ધ થવામાં થોડો સમય લાગી શકે છે. તે સાઉથ આફ્રિકા સામેની સીરિઝમાં વાપસી કરે તેવી શક્યતા છે.

એવું માનવામાં આવે છે કે હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં ઑસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ સીરિઝમાં સૂર્યકુમાર યાદવ અથવા એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા ટીમના કેપ્ટન રુતુરાજ ગાયકવાડ ટીમના કેપ્ટન બનાવવામાં આવી શકે છે.

ઑસ્ટ્રેલિયા સામેની સીરિઝમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, કે.એલ. રાહુલ જેવા વરિષ્ઠ ખેલાડીઓને આરામ આપવામાં આવી શકે છે.

# કુસ્તીબાજ બજરંગ પુનિયાને માનહાનિ કેસમાં જામીન મળ્યા

નવી દિલ્હીઃ કુસ્તીબાજ બજરંગ પુનિયાને કોચ નરેશ દહિયા દ્વારા દાખલ કરવામાં આવેલા ફોજદારી માનહાનિના કેસમાં ગુરુવારે દિલ્હીની કોર્ટે જામીન આપ્યા હતા. દહિયાએ કુસ્તીબાજ બજરંગ પર રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના આઉટગોઇંગ વડા બ્રિજ ભૂષણ શરણ સિંહના વિરોધ પ્રદર્શન દરમિયાન કરેલા નિવેદનથી તેમની છબી ખરાબ કરવાનો આરોપ લગાવ્યો હતો.

કુસ્તીબાજોના વિરોધ પ્રદર્શન દરમિયાન બજરંગે કહ્યું હતું કે દહિયા પાસે તેના આંદોલનનો વિરોધ કરવાનો નૈતિક આધાર નથી કારણ કે તેમની સામે બળાત્કારનો કેસ પેન્ડિંગ હતો. ત્યાર બાદ દહિયાએ કોર્ટમાં અરજી કરી હતી. બજરંગને તાજેતરમાં એશિયન ગેમ્સમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તે મેડલ વિના પરત ફર્યો હતો.

દહિયાના વકીલ રાજેશ કુમાર રેક્સવાલે પીટીઆઈને કહ્યું હતું કે, બજરંગે કોર્ટમાં પોતાની હાજરીમાંથી મુક્તિ માંગી હતી. તે પ્રથમ ત્રણ સુનાવણીમાં હાજર રહ્યો ન હતો. આજે તેઓ રૂબરૂ હાજર થયો હતો અને કોર્ટે તેને જામીન આપ્યા છે. કેસની આગામી સુનાવણી પાંચ માર્ચના રોજ યોજાશે.

# વિજય હઝારે ટ્રોફીઃ ટીમની બહાર રહેલા દિનેશ કાર્તિકનું નસીબ ચમક્યું, તમિળનાડુ ક્રિકેટ ટીમે બનાવ્યો કેપ્ટન

ચેન્નઇઃ ભારતીય ક્રિકેટ ટીમમાંથી બહાર રહેલા વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકનું નસીબ ચમક્યું હતું. ભારતીય વિકેટકીપર બેટ્સમેનને ૨૦૨૩માં યોજાનારી વિજય હઝારે ટ્રોફી માટે તમિલનાડુ ક્રિકેટ ટીમની કેપ્ટનશિપ સોંપવામાં આવી છે. ૫૦ ઓવરની ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ ૨૩ નવેમ્બર, ગુરુવારથી શરૂ થશે અને ફાઇનલ ૧૬ ડિસેમ્બરે રમાશે.

અગાઉ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તમિલનાડુની કેપ્ટનશિપ સ્ટાર ઓલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરને સોંપવામાં આવી હતી. હવે ૫૦ ઓવરની ટૂર્નામેન્ટ માટે તમિલનાડુ તરફથી કેપ્ટનશિપની જવાબદારી ભારત તરફથી રમતા વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકને સોંપવામાં આવી છે. જો કે કાર્તિક છેલ્લાએક વર્ષથી ભારતીય ક્રિકેટ ટીમની બહાર છે.

દિનેશ કાર્તિક ઑસ્ટ્રેલિયામાં રમાયેલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨માં ભારતીય ટીમનો ભાગ હતો. આ પછી તેણે નવેમ્બર ૨૦૨૨માં બંગલાદેશ સામેની ટી-૨૦ શ્રેણીમાં ટીમ ઇન્ડિયા માટે તેની છેલ્લી મેચ રમી હતી.

# સૌરવ ગાંગુલીએ કહ્યું- હું ઈચ્છું છું કે ‘પાકિસ્તાનની ટીમ સેમિફાઇનલમાં પહોંચે’

નવી દિલ્હીઃ ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ વર્લ્ડ કપ ૨૦૨૩ની સેમિફાઈનલ મેચને લઇને મોટી વાત કરી હતી. તેણે કહ્યું હતું કે, તે પાકિસ્તાનને સેમિફાઈનલમાં રમતા જોવા માગે છે.

ગાંગુલીનું કહેવું છે કે સેમિફાઈનલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચથી વધુ સારું શું હોઈ શકે. મીડિયા સાથેની વાતચીતમાં ગાંગુલીએ કહ્યું હતું કે હું ઈચ્છું છું કે પાકિસ્તાન સેમિફાઈનલમાં પહોંચે અને ભારત સામે રમે. આનાથી મોટી કોઈ સેમિફાઈનલ મેચ ન હોઈ શકે.

વર્લ્ડ કપ ૨૦૨૩માં ભારત, દક્ષિણ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયાની ટીમો સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે. હવે માત્ર એક જ સ્થાન બાકી છે અને તેના માટે ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે રેસ છે. આવી સ્થિતિમાં ચોથી ક્વોલિફાઇંગ ટીમને સેમિફાઇનલમાં ટીમ ઇન્ડિયાનો સામનો કરવો પડશે. હવે જો પાકિસ્તાન છેલ્લી ચારમાં પહોંચશે તો સેમિફાઈનલમાં તેનો સામનો ભારત સાથે થશે.

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૨ ■ Volume 66 ■ Issue 264 ■ વિક્રમ સંવત ૨૦૭૯ ■ આશ્વિન વદ-૧૨

■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 November 2023, Friday ■ REGD.No. MCS/058/2021-23

શુક્રવાર, ૧૦ નવેમ્બર ૨૦૨૩, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



celltone® FRIDGE TO Oven 304 Foodgrade Microwave Container
વધેલી રસોઈ ફ્રીજમાં સાચવો ગમે ત્યારે ઓવનમાં ગરમ કરી વાપરો
OVEN SAFE. Available in all Sizes. LEAKPROOF FOOD CONTAINER
FOR CORPORATE/GIFTING ENQUIRY: MUDRA MARKETING:+91 9320194958
FOR SALES ENQUIRY:+918879155057
E :- sales@celltone21.com


સુપ્રીમ કોર્ટનો હાઈ કોર્ટને આદેશ

## નેતાઓ સામેના કેસ ઝડપી ચલાવો


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road, Opp. Matunga Central Railway Station, Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.


નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે દેશના સાંસદો અને વિધાન-સભ્યોની સામેના પાંચ હજારથી વધુ પેન્ડિંગ (નિકાલ થયા વિના પડેલા) ફોજદારી કેસને ઝડપી ચલાવવા અને તેના પર સતત નજર રાખવા માટે ખાસ બૅન્ચ રચવાનો વડી અદાલતોને ગુરુવારે આદેશ આપ્યો હતો.

તેણે રાજકારણીઓ સામેના આવા ખટલા ચલાવતી ખાસ અદાલતોને યોગ્ય કારણ વિના સુનાવણી મુલતવી નહિ રાખવા પણ હુકમ કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે વડી (જુઓ પાનું ૨)

શ્રીલંકા સામે ન્યૂઝિલેન્ડનો વિજય ૨


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 55,260/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
HAPPY Dhanteras
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS



## દેશમાં મોંઘવારી કાબૂમાં, અર્થતંત્ર મજબૂતઃ રિઝર્વ બૅન્ક


મુંબઈઃ ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ)ના ગવર્નર શક્તિકાંતા દાસે ગુરુવારે દાવો કર્યો હતો કે દેશમાં મોંઘવારી કાબૂમાં આવી રહી છે અને અર્થતંત્ર વધુ ને વધુ મજબૂત બની રહ્યું છે.


ગવર્નરે જણાવ્યું હતું કે આરબીઆઇ ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટેની અસરકારક નીતિનો અમલ કરાવી રહી છે. અમારી આર્થિક નીતિ દેશના આર્થિક વિકાસને વધારનારી (જુઓ પાનું ૨)







LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બ્રિજભૂષણ મુદ્દે ચૂપ રહેનારા દેશનું ભલું કરશે?

**બિહારના** મુખ્ય પ્રધાન નીતીશ કુમારે બિહાર વિધાનસભામાં બિહારમાં વસતી નિયંત્રણ અંગે કરેલી શરમજનક ટીપ્પણીના મુદ્દે બબાલ મચી ગઈ છે. બિહારમાં વસતી વધારા પર નિયંત્રણ આવ્યું છે એ માટે છોકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું એ કારણ જવાબદાર છે એવી વાત કરતાં કરતાં નીતીશ કુમારે સાવ ગંદી વાત કરી નાંખી. નીતીશે કરેલી વાત અહીં લખી શકાય તેમ નથી કેમ કે તેની ભાષા અશોભનિય છે.

એક રાજ્યના મુખ્ય પ્રધાન આવી ભાષામાં વાત કરે એ શરમજનક કહેવાય એ જોતાં તેની ઝાટકણી કઢાય એ યોગ્ય જ છે. મહિલા કે પુરુષ, કોઈના વિશે વાત કરતી વખતે એક મર્યાદા જાળવવી જ જોઈએ, કોઈ પણ પ્રકારની અશ્લિલતા ન આવે તેનું ધ્યાન રાખવું જ જોઈએ. નીતીશ કુમાર એ મર્યાદા ચૂક્યા ને વિવેકભાન ભૂલ્યા એ વ્યક્તિગત રીતે તો તેમના માટે શરમજનક કહેવાય જ પણ આ દેશ માટે પણ શરમજનક કહેવાય.

નીતીશ કુમારે મહિલાઓ પર કરેલી વાંધાજનક ટિપ્પણી બદલ માફી માગીને આ વિવાદ પર પડદો પાડવા પ્રયત્ન કર્યો છે. વિધાનસભાની અંદર નિવેદન આપ્યાના બીજા દિવસે નીતીશે વિધાનસભાની બહાર અને ગૃહમાં પણ અનેકવાર હાથ જોડીને ખેદ વ્યક્ત કર્યો. નીતીશે કહ્યું કે, મારા નિવેદનથી કોઈને દુઃખ થયું હોય તો હું માફી માગુ છું. હું મારી જાતની નિંદા કરું છું અને આવી વાત મેં કરી એ બદલ મને શરમ આવે છે.

નીતીશે એમ પણ કહ્યું કે, વસ્તી નિયંત્રણ માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે અને મારો ઉદ્દેશ્ય માત્ર શિક્ષણના કારણે વસ્તી વૃદ્ધિ પર આવેલા અંકુશ અંગે બોલવાનો હતો પણ મેં ખરાબ ભાષામાં વાતને મૂકી તેથી હું માફી માંગુ છું. હું મારા શબ્દો પાછા લઉં છું. મેં જે કહ્યું તે ખોટું હતું, અને મારાથી કોઈ દુઃખ થયું હોય, તો હું માફી માંગુ છું. આ પછી પણ જો કોઈ મારી ટીકા કરે તો હું તેને ધન્યવાદ આપીશ.

ભારતમાં રાજકારણીઓ જાડી ચામડીના હોય છે ને પોતે કરેલી ભૂલ બદલ માફી માગવામાં નાના બાપના થઈ જતા હોય છે તેથી ગમે તેટલી હોહા થાય, માફી માગતા જ નથી. નીતીશે આ માનસિકતા બતાવવાના બદલે માફી માગીને વાતને વાળી એ સારું કર્યું પણ તેના કારણે આ વિવાદ ખતમ થવાનો નથી. ભાજપને નીતીશ સામે પ્રહાર કરવાનો મોકો મળી ગયો છે તેથી ભાજપ આ મોકાને છોડે એ વાતમાં માલ નથી એ જોતાં આ મુદ્દો હજુ ગાજ્યા કરશે.

ખેર, રાજકારણમાં મુદ્દો તો ગાજ્ય કરતા હોય છે પણ નીતીશના નિવેદને આપણા નેતાઓની હલકી માનસિકતાને ફરી છતી કરી દીધી. સાથે સાથે એ પણ સ્પષ્ટ કરી દીધું કે, આપણે ત્યાં મહિલાઓને સન્માન આપવાની વાતો બધા કરે છે પણ મહિલા સન્માનની ખરેખર વાત આવે ત્યારે રાજકારણ વચ્ચે આવી જાય છે.

નીતીશના નિવેદનને મામલે એ જ થઈ રહ્યું છે. કૉંગ્રેસ સહિતના ભાજપ વિરોધી પક્ષો નીતીશનો બચાવ કરી રહ્યા છે જ્યારે ભાજપ અને તેના સાથી પક્ષો પૂરી તાકાતથી તૂટી પડ્યા છે. ભાજપે તો આ નિવેદન બદલ નીતીશના રાજીનામાની માગ પણ કરી નાંખી છે. કેન્દ્રીય પ્રધાન અશ્વિની ચૌબેએ તો ત્યાં સુધી કહ્યું છે કે, નીતીશનું નિવેદન સાવ હલકી કક્ષાનું છે એ જોતાં તેમણે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. નીતીશ રાજીનામું ના આપે તો કેન્દ્ર સરકારે તેમને બરતરફ કરી દેવા જોઈએ. બિહાર બીજેપીએ ટ્વિટર પર લખ્યું છે કે નીતીશ બાબુ જેવા અશ્લિલ નેતા ભારતીય રાજકારણમાં જોયા નથી. નીતીશબાબુના મગજમાં એડલ્ટ બી ગ્રેડની ફિલ્મોનો કીડો ઘૂસી ગયો છે. જાહેરમાં તેમના દ્વિઅર્થી સંવાદો પર પ્રતિબંધ મૂકવો જોઈએ. લાગે છે સંગતની રંગત વધી ગઈ છે.

બિહારના નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવથી માંડીને કૉંગ્રેસીઓ સુધીના બધા નીતીશના સમર્થક નેતા બચાવ કરી રહ્યા છે એ જોઈને આઘાત લાગે છે. તેજસ્વીએ તો નીતીશની વાતને સેક્સ એજ્યુકેશન ગણાવી દીધી. ભલા માણસ, સેક્સ એજ્યુકેશન માટે આવી ગંદી ભાષા કઈ રીતે વાપરી શકાય? બિહારની વસતી નિયંત્રણમાં આવી રહી છે તેનું શ્રેય છોકરીઓમાં વધેલા શિક્ષણના પ્રમાણને આપવાની વાત યોગ્ય છે પણ તેના કારણે છોકરીઓનું અપમાન થઈ જાય એવી ભાષા ના જ વાપરી શકાય ને? નીતીશને બચાવ કરનારા બધા એ રીતે ખોટા છે ને નીતીશની સાથે સાથે તેમણે પણ માફી માગવી જોઈએ.

જો કે આઘાત તો ભાજપના નેતાઓના વર્તનને કારણે પણ લાગે છે કેમ કે ભાજપને અચાનક જ મહિલાઓના સન્માનની વાત યાદ આવી ગઈ છે. મણિપુરમાં આપણી બહેન-દીકરીઓ પર ગેંગ રેપ કરીને તેમની નગ્નાવસ્થામાં જાહેર પરેડ કરાવી ત્યારે ભાજપના નેતા ચૂપ હતા. નીતીશના નિવેદન કરતાં એ ઘટના વધારે ગંભીર હતી છતાં ભાજપના કેટલાક નેતાઓએ સરકારી રાહે ટીકા કરીને વાતનો વીંટો વાળી દીધો. અત્યારે નીતીશના રાજીનામાની માગણી કરનારામાંથી કોઈએ એ વખતે કહેલું કે, મણિપુરના મુખ્ય પ્રધાન બિરેનસિંહે રાજીનામું આપવું જોઈએ ને બિરેન રાજીનામું ના આપે તો તેમને લાત મારીને તગેડી મૂકવા જોઈએ ? ભાજપના કોઈ નેતાએ એવું કહ્યું હોવાનું યાદ આવે છે?

મણિપુર જેવો જ શરમજનક કિસ્સો ભાજપના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ સામે આપણા ગૌરવ સમાન કુશ્તીબાજ દીકરીઓની છેડતીના આક્ષેપોનો હતો. ભાજપના ક્યા નેતાએ કહ્યું કે, બ્રિજભૂષણ જેવા લંપટ માણસને લાત મારીને તગેડી મૂકવો જોઈએ? નીતિશના નિવેદનની આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટીકા કરી. મોદીએ નીતીશના નિવેદનને અશ્લિલ ગણાવીને કહ્યું કે, અહંકારી ગઠબંધનના એક બહુ મોટા નેતા પોતાનો ઝંડો લઈને ફરે છે, તેમણે વિધાનસભામાં માતાઓ અને બહેનોની હાજરીમાં એવી અભદ્ર ભાષામાં વાત કરી, જેની કલ્પના પણ કરી શકાતી નથી. તેમને કોઈ શરમ નથી. આપણે કેટલા નીચા જઈશું? તેઓ દુનિયામાં દેશનું અપમાન કરી રહ્યા છે. ભારત ગઠબંધનનો એક પણ નેતા માતા-બહેનોના ભયાનક અપમાન સામે એક શબ્દ બોલવા તૈયાર નહોતો. શું આવા વિચારો ધરાવતા લોકો તમારું કોઈ ભલું કરી શકે છે?

મોદી સાહેબ બ્રિજભૂષણને મુદ્દે એક શબ્દ નહોતા બોલ્યા ને આજેય નથી બોલતા. સવાલ એ છે કે, બ્રિજભૂષણ જેવા હલકટોને છાવરનારા આ દેશનું ભલું કરશે?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(દક્ષિણાયન સૌર હેમંતઋતુ), શુક્રવાર, તા. ૧૦-૧૧-૨૦૨૩, ધનતેરસ, ધન્વંતરી પૂજન, પ્રદોષ

- ભારતીય દિનાંક ૧૯, માહે કાર્તિક, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૭૯, શા. શકે ૧૯૪૫, આશ્વિન વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૪૯, માહે આશ્વિન, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૪થો તીર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૮મો આવાં, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૭મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- નક્ષત્ર હસ્ત મધ્યરાત્રે ક. ૨૪-૦૭ સુધી, પછી ચિત્રા.
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૧ સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૬ સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૯-૫૨, રાત્રે ક. ૨૨-૩૮
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૧ (તા. ૧૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૯, 'આનંદ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ- દ્વાદશી. ગુરુ દ્વાદશી, ધનતેરસ, યમદીપદાન, ધન્વંતરી જયંતી, પ્રદોષ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, અન્નપ્રાશન, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પ્રદોષકાળ વ્યાપિની તેરસ હોવાથી આજ રોજ ધનપૂજન કરવું. ધન્વંતરી ભગવાનનું પૂજન, સુવર્ણ - રજત સિક્કા, આભૂષણ - રત્નો આદિ ધનનું પૂજન કરવું. શ્રી યંત્ર - લક્ષ્મીયંત્ર, સ્વ. હરિહર પંડિત મહેસાણાવાળા સંશોધિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર આદિની સ્થાપના પૂજા, ઈષ્ટદેવના મંત્રાદિ અનુષ્ઠાનનું માહાત્મ્ય છે.
- **મુહૂર્ત સમય આ પ્રમાણે છેઃ** (૧) સવારે ક. ૦૬-૪૪ થી ક. ૦૮-૦૮ (ચલ) (૨) સવારે ક. ૦૮-૦૮ થી ક. ૦૯-૩૩ (લાભ) (૩) સવારે ક. ૦૯-૩૩ થી ક. ૧૦-૫૮ (અમૃત) (૪) બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૭ (શુભ) (૫) સાંજે ક. ૧૬-૩૬ થી ક. ૧૮-૦૧ (ચલ) (૬) રાત્રે ક. ૨૧-૧૨ થી ક. ૨૨-૪૭ (લાભ) (૭) મધ્યરાત્રે ક. ૦૦-૨૨ થી ક. ૦૧-૫૮ (તા. ૧૧) (શુભ) (૮) મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૮ થી ક. ૦૩-૩૩ (તા.૧૧) (અમૃત) (૯) મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૨ થી ક. ૦૫-૦૮ (તા.૧૧) (ચલ)
- ધનતેરસ પર્વના સ્થિર લગ્નો : (૧) સવારે ક. ૦૭-૧૫ થી ક. ૦૯-૨૮ (વૃશ્ચિક) (૨) બપોરે ક. ૧૩-૨૪ થી ક. ૧૫-૦૧ (કુંભ) (૩) સાંજે ક. ૧૮-૨૩ થી રાત્રે ક. ૨૦-૨૨ (વૃષભ) (૪) મધ્યરાત્રિ પછી ક. ૦૦-૫૧ થી ક. ૦૩-૦૦ (તા. ૧૧) (સિંહ) (૫) પ્રદોષયુક્ત ધનતેરસના યોગમાં (મુંબઈ સૂર્યાસ્ત ક. ૧૮-૦૧) સમયે પવિત્ર ગોરજ સમયમાં.
- આચમનઃ બુધ-શનિ ચતુષ્કોણ સંકુચિત મનના
- ખગોળ જ્યોતિષઃ બુધ-શનિ ચતુષ્કોણ
- ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-તુલા, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-મેષ, શુક્ર-કન્યા, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## પ્રજામત

### મહિલા અનામત

મહિલા અનામત ખરડો સંસદના બંને ગૃહોએ પસાર કરતાં, દેશભરમાં ખાસ કરી ભાજપ મહિલા કાર્યક્રમોમાં ખુશીનો માહોલ છવાયેલો છે, પરંતુ મહિલા સંસદ સુપ્રિયાએ કહ્યું છે કે મહિલા અનામત પોસ્ટ ડેટેડચેક છે. તેમનું આ વિધાન વાસ્તકવિકતાની નજીક જણાય છે. તેનું કારણ એ છે કે મહિલા અનામતનો અમલ સીમાંકન અને વસ્તી ગણતરી બાદ પ્રગટ થનાર આંકડાઓ પર આધારિત છે. રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે આ પ્રક્રિયા પૂર્ણ થતા સુધીમાં ૨૦૨૯ની લોકસભાની ચૂંટણી આવી જશે. એટલે કે સંભવ છે કે ૨૦૨૯માં પણ મહિલા અનામત લાગુ થશે નહીં.

જો લોકડાઉન અને નોટબંધીના નિર્ણયો રાતોરાત ખૂબ જ ટૂંકી નોટિસથી લાગુ કરી શકાતા હોય તો મહિલા અનામત તત્કાળ લાગુ કરવામાં શો વાંધો આવે તે સમજી શકાતું નથી.

**- અશ્વિનકુમાર કારીયા**
પાલનપુર

### કચરાનો નિકાલ

તાજેતરમાં ભારતનાં ઉપપ્રમુખશ્રી ધનખડની મુલાકાત દરમિયાન મઝગાંવ વિસ્તારમાં કચરાનાં ઢગલા જોઈ મુખ્યમંત્રીશ્રી શિંદેએ આ બાબતમાં દરેક વોર્ડ અધિકારી/આસિસ્ટન્ટ કમિશનરોને કચરાના નિકાલ માટે ચીમકી આપી કચરાને નિકાલ નહીં થાય તો યોગ્ય પગલા લેવાની તાકીદ કરી હતી. આના અનુસંધાનમાં મહાપાલિકા તરફથી એક ફતવો બહાર પાડવામાં આવ્યો કે ભીનો અને સૂકો કચરો અલગ જમા નહીં કરવામાં આવે તો કચરો ઉપાડવામાં નહીં આવે. કચરો ન ઉપાડવાનું એક યોગ્ય બહાનું જડી ગયું. પરંતુ આમાં ઘણી વ્યવહારિક નડતરનો વિચાર કરવામાં આવ્યો નથી. પહેલી વાત કે ભીના અને સૂકા કચરાના ડબ્બા અલગ હોવા છતાં, કચરો નિયમિત ઉપાડવામાં આવતો ન હોય ત્યારે એક ડબ્બો ભરાય ગયો હોય અને બીજો ડબ્બો ખાલી દેખાય તો સ્વાભાવિક રીતે લોકો તેમાં કચરો નાખે ઉપરાંત ભાડાનાં મકાનોમાં વૉચમેન હોતા નથી. તો બહારના લોકો કચરો નાખી જાય તેના પર નિયંત્રણ રહેતું નથી.

સૌથી મહત્ત્વની વાત કે સૂકા અને ભીના કચરા માટે ગાડી તો એક જ હોય છે એટલે બંને કચરા છેવટે ભેગા જ થાય છે...

માટે પહેલા મહાપાલિકાએ બંને કચરા માટે અલગ ગાડીઓની વ્યવસ્થા કરી, નિયમિત કચરો ઉપાડવો જોઈએ. પોતાની જવાબદારી નાગરિકો પર થોપવી યોગ્ય નથી.

**- મહેન્દ્ર ઓઝા**

### સમાન નાગરી કાયદાની ભીતર...!?

આપણે સ્વાતંત્ર્ય મેળવ્યું ત્યારથી જ સમાન નાગરી કાયદો વિવાદાસ્પદ રહેલ છે કારણકે હિન્દુઓને સમાન નાગરી કાયદો જોઈતો હતો કિન્તુ, મુસ્લિમ બંધુ ભગિનીઓને શરિયા જોઈતો હતો. ધર્મના નામે રાષ્ટ્ર ચલાવાય નહીં પણ ધર્મ પર આધારિત કાયદાઓ કરવામાં આવ્યા. જેમ જેમ મુસ્લિમ જનસંખ્યા વધવા માંડી તેમ તેમ હિન્દુ વર્ગમાં અસંતોષ વધવા લાગ્યો. કૉંગ્રેસનો મતાધાર ઘટવા માંડેલ. હિન્દુત્વના નવા વાયરાઓ ફૂંકાવા લાગ્યા.

પ્રારંભમાં આપણા બંધારણમાં 'ધર્મનિરપેક્ષ' શબ્દ ન'તો, ઈન્દિરા ગાંધીજીએ ૧૯૭૬ની સાલમાં ૪૨મા બંધારણ સુધારામાં સમાવેશ કરેલ. તેના પછી હિન્દુ સમાજને પાકી ખાતરી થઈ ગઈ કે આપણે અલ્પસંખ્યક થઈ જશું તેથી રાજકીય પક્ષો પર દબાણ વધવા લાગ્યું.

હિન્દુઓએ પોતાનો રાજકીય પક્ષ શોધવાનો આરંભ કર્યો, કિન્તુ અપેક્ષા અપૂર્ણ રહેલ. વખત જતાં મોદીજીના રૂપે તે મળ્યા. કલમ ૩૭૦, રામમંદિર એવા જટિલ પ્રશ્નો મોદીજીએ સહેલાઈથી છોડાવ્યા. તેથી સમાન નાગરી કાયદો બની શક્યો. અમારો સાલસ અભિપ્રાય છેઃ "મોદીજી સમાન નાગરી કાયદો"લાવી શક્યા કારણકે મોદીજીની કાર્યશેલી તેવી છે. તે દૃષ્ટિએ વિવિધ આયોગો દ્વારા પગલાં ભરવા માંડ્યા છે તેથી ડરવાની કશી જરૂર નથી. કાયદા સર્વ માટે સમાન જ હશે."

**- અનસૂયા કે. બારોટ**
અંધેરી-મુંબઈ

# ન્યૂઝિલેન્ડે શ્રીલંકાને પાંચ વિકેટથી હરાવ્યું

## સેમિફાઈનલમાં પહોંચવાનો દાવો કર્યો મજબૂત

બેંગલૂરુઃ વર્લ્ડ કપની ૪૧મી મેચમાં ન્યૂઝિલેન્ડે શ્રીલંકાને પાંચ વિકેટ હરાવ્યું હતું. ટૂર્નામેન્ટમાં આ તેની પાંચમી જીત છે અને તેણે સેમિફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રાખી છે. બેંગ્લોરના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ન્યૂઝિલેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાની ટીમ ૧૭૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યૂઝિલેન્ડે ૨૩.૧ ઓવરમાં પાંચ વિકેટે ૧૭૨ રન કરીને મેચ જીતી લીધી હતી. ટ્રેન્ટ બોલ્ટ મેન ઓફ ધ મેચ રહ્યો હતો

ન્યૂઝિલેન્ડની જીતથી પાકિસ્તાની ટીમની સેમિફાઇનલમાં પહોંચવાની આશાને જોરદાર ફટકો પડ્યો છે. આ જીત બાદ ન્યૂઝિલેન્ડના ૯ મેચમાં ૧૦ પોઈન્ટ થઈ ગયા છે. ન્યૂઝિલેન્ડની ટીમ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે.

શ્રીલંકાના ૧૭૧ રનના જવાબમાં બેટિંગ કરવા આવેલી ન્યૂઝિલેન્ડની શરૂઆત શાનદાર રહી હતી. ન્યૂઝિલેન્ડના ઓપનર ડ્વેન કોનવે અને રચિન રવિન્દ્રએ પ્રથમ વિકેટ માટે ૧૨.૨ ઓવરમાં ૮૬ રન જોડ્યા હતા. ડ્વેન કોનવે ૪૨ બોલમાં ૪૫ રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો. રચિન રવિન્દ્રએ ૩૪ બોલમાં ૪૨ રન કર્યા હતા. આ પછી કિવી કેપ્ટન કેન વિલિયમ્સન પેવેલિયન પરત ફર્યો હતો. કેન વિલિયમ્સને ૧૫ બોલમાં ૧૪ રન કર્યા હતા.

ડેરીલ મિશેલે ૩૧ બોલમાં ૪૩ રન કર્યા, જ્યારે માર્ક ચેપમેને ૭ બોલમાં ૭ રન કર્યા હતા.

પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાની ટીમ ૪૬.૪ ઓવરમાં ૧૭૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. કુસલ પરેરાએ સૌથી વધુ ૫૧ રન કર્યા હતા. તિક્ષણાએ અણનમ ૩૮ રનનું યોગદાન આપ્યું હતું. ન્યૂઝીલેન્ડ તરફથી ટ્રેન્ટ બોલ્ટે ત્રણ વિકેટ ઝડપી હતી. ન્યૂઝીલેન્ડની ટીમ ૧૭૨ રનના ટાર્ગેટને સરળતાથી હાંસલ કરવાનો પ્રયાસ કરશે અને સેમિફાઇનલમાં પોતાનું સ્થાન લગભગ નિશ્ચિત કરી લેશે.

ઓપનર પથુમ નિશંકાએ બે, કુસલ મેન્ડિસ છ રન કરીને આઉટ થયા હતા. સાદિરા સમરવિક્રમાએ બે બોલમાં એક રન કર્યો હતો. આ પછી ચરિથ અસલંકા, એન્જેલો મેથ્યુઝ, ધનંજય ડી સિલ્વા અને ચમિકા કરુણારત્નેએ અનુક્રમે ૮, ૧૬, ૧૯ અને ૭ રનનું યોગદાન આપ્યું હતું. શ્રીલંકન ટીમના સાત બેટ્સમેન ડબલ ફિગર સુધી પહોંચી શક્યા ન હતા.

જોકે, નીચલા ક્રમના બેટ્સમેન મહિષ તિક્ષણાએ ચોક્કસપણે સંઘર્ષ કર્યો હતો. તિક્ષણાએ ૯૧ બોલમાં ૩૯ રનનું યોગદાન આપ્યું હતું. દિલશાન મધુશંકાએ ૪૮ બોલમાં ૧૯ રન ફટકાર્યા હતા. આ રીતે મહિષ અને દિલશાન મધુસંકા વચ્ચે છેલ્લી વિકેટ માટે ૪૩ રનની ભાગીદારી થઈ હતી. જેના કારણે શ્રીલંકાની ટીમ ૧૭૧ રન સુધી પહોંચી શકી હતી.

ન્યુઝીલેન્ડ માટે ટ્રેન્ટ બોલ્ટ સૌથી સફળ બોલર રહ્યો હતો. ટ્રેન્ટ બોલ્ટે શ્રીલંકાના ત્રણ ખેલાડીઓને આઉટ કર્યા હતા. આ સિવાય લોકી ફર્ગ્યુસન, મિશેલ સેન્ટનર અને રચિન રવિન્દ્રએ બે-બે વિકેટ લીધી હતી. ટિમ સાઉથીને એક સફળતા મળી હતી.

# યુએસ ફાઈટર જેટે સીરિયામાં હવાઈ હુમલો કર્યોઃ નવનાં મોત

નવી દિલ્હીઃ ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ મધ્ય-પૂર્વમાં તણાવ વધી રહ્યો છે. પૂર્વી સીરિયામાં સ્થિત અમેરિકી સૈન્ય મથકો પર ઈરાન સમર્થિત જૂથ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, આ હુમલાના જવાબમાં અમેરિકાએ બુધવારના રોજ હવાઈ હુમલો કર્યો, જેમાં ઈરાન સમર્થિત જૂથના કુલ ૯ શખસો માર્યા ગયા હતા. અમેરિકાએ ઈરાન સમર્થિત જૂથ દ્વારા ઉપયોગમાં લેવાતાં હથિયારોના વેરહાઉસ પર હુમલો કર્યો હતો.

યુ.એસ. એરફોર્સે ૨ F-૧૫ ફાઈટર જેટની મદદથી ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ સાથે જોડાયેલા હથિયારોના વેરહાઉસ પર હુમલો કર્યો હતો. અમેરિકાના સંરક્ષણ પ્રધાન લોયડ ઓસ્ટીને આ અંગે માહિતી આપી હતી. લોયડ ઓસ્ટીને કહ્યું કે અમારા માટે અમેરિકાના સૈનિકોની સુરક્ષા કરતાં વધુ મહત્ત્વનું કંઈ નથી. આ કાર્યવાહીથી અમે સાબિત કર્યું કે અમેરિકા તેના સૈનિકોના હિત માટે કંઈ પણ કરી શકે છે. છેલ્લાં બે અઠવાડિયામાં બીજી વખત અમેરિકાએ સીરિયામાં હાજર ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ સાથે જોડાયેલાં હથિયારોના ગોદામોને નિશાન બનાવ્યાં હતાં. અમેરિકાના સંરક્ષણ પ્રધાનના જણાવ્યા મુજબ ૧૭ ઓક્ટોબરથી અત્યાર સુધીમાં ૪૦થી વધારે વખત અમેરિકન સૈન્ય મથકોને નિશાન બનાવી હુમલા કરવામાં આવ્યા હતા. અમેરિકન ઈરાન અને તેના સાથી દેશો ઈઝરાયેલ-હમાસ સંઘર્ષને પ્રાદેશિક યુદ્ધમાં ફેરવવા પ્રયાસ કરી રહ્યું છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ વધવાની શકયતા વધી રહી છે. ઇસ્લામિક સ્ટેટને ફરીથી રોકવા માટે, અમેરિકાએ તેના લગભગ ૨,૫૦૦ સૈનિકો ઈરાકમાં અને ૯૦૦ સીરિયામાં તહેનાત કર્યા છે.

# ₹ ૧૪ કરોડની છેતરપિંડીની તપાસ માટે મુંબઈ પોલીસની ટુકડી ગોવામાં

## ગોવાના ભૂતપૂર્વ પ્રધાન ગુનાના આરોપી

મુંબઈઃ માલમત્તાની ખરીદીના વ્યવહારમાં રૂ. ૧૪ કરોડની છેતરપિંડીને મામલે તપાસ કરવા મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાની ટુકડી ગોવા પહોંચી હતી. આર્થિક ગુના શાખાએ ગોવાસ્થિત રિયલ એસ્ટેટ કંપની અને તેનાં ત્રણ સંચાલક વિરુદ્ધ રૂ. ૧૪ કરોડની છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો હતો.

ગુનાના આરોપીઓમાંથી એક સુરેશ પરુળેકર ગોવાના ભૂતપૂર્વ પ્રધાન છે.

મુંબઈ તાડદેવ પોલીસ સ્ટેશનમાં જૂન મહિનામાં આ મામલે રઈશ-માગૂશ રિયલ એસ્ટેટ કંપનીના સંચાલક તેમ જ સુરેશ પરુળેકર સહિત ત્રણે વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

કંપનીના ત્રણ સંચાલક સુરેશ પરુળેકર સહિત પ્રસાદ પરુળેકર અને મંદા સુરેશ પરુળેકર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગોવાસ્થિત ડિંચોલીના રહેવાસી પ્રમેચંદ ગવસે કરેલી ફરિયાદને આધારે આ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ગવસે જાન્યુઆરી ૨૦૦૮થી ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીના સમયગાળા દરમિયાન નિયમિત હપ્તા મારફતે રૂ. ૧૪.૪૦ કરોડની ચુકવણી કરી હતી.

મુકરર કરવામાં આવેલી સમયમર્યાદામાં જમીન મેળવી આપવાનું ગવસેને આશ્વાસન આપવામાં આવ્યું હતું.

આરોપીઓએ સબ-રજિસ્ટ્રાર સાથે સાઠગાંઠ કરી જમીન વેચાણના કરારની નોંધણી કરાવી નહોતી. જમીનની સરળતાપૂર્વક ખરીદી કરવા તૈયાર કરવામાં આવેલા પાવર ઑફ એટર્નીમાં આરોપીએ ફેરફાર કર્યા હોવાનું આક્ષેપ દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં કરવામાં આવ્યો હતો.

પહેલા પાનાનું ચાલુ

### નેતાઓ સામેના કેસ

અદાલતો, જિલ્લા ન્યાયાધીશો અને ખાસ અદાલતોને સાંસદો, વિધાનસભાના સભ્યો અને વિધાન પરિષદોના સભ્યો સામેના ફોજદારી કેસની સુનાવણીને પ્રાધાન્ય આપવાની સૂચના પણ આપી હતી. દેશના મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ અને ન્યાયાધીશ જે. બી. પારડીવાલા તેમ જ ન્યાયાધીશ મનોજ મિશ્રાની બૅન્ચે નીચેની અદાલતોને સંબંધિત આદેશ આપતા જણાવ્યું હતું કે સાંસદો અને વિધાનસભ્યોની સામેના ફોજદારી કેસ ઝડપી ચલાવવા માટે અને તેના પર નજર રાખવા માટે વડી અદાલતોના મુખ્ય ન્યાયાધીશે આપમેળે જ પગલાં લઇને ખાસ બૅન્ચ રચવી જોઇએ.

તેણે જણાવ્યું હતું કે અનેક સ્થાનિક પાસાં અને કારણને લીધે સર્વોચ્ચ અદાલત માટે દેશભરમાં આવા ખટલા ચલાવતી અદાલતો માટે સમાન માર્ગદર્શિકા ઘડવી મુશ્કેલ છે. બંધારણની કલમ ૨૨૭ હેઠળ વડી અદાલતોને પોતાના પ્રદેશની નીચેની બધી અદાલતોને આવા કેસ ઝડપી ચલાવવાની સૂચના આપવાનો અધિકાર અપાયો છે. વડી અદાલતોના મુખ્ય ન્યાયાધીશ કે અન્ય ન્યાયાધીશના નેતૃત્વ હેઠળની ખાસ બૅન્ચ આવા કેસ ઝડપી ચલાવવા જરૂર જણાય એમ સમયાંતરે વિવિધ પગલાં આપમેળે જ લઇ શકે છે. વડી અદાલત આવા કિસ્સામાં એડવોકેટ જનરલ કે સરકારી વકીલની મદદ લઇ શકે છે. આ ઉપરાંત, વડી અદાલત મુખ્ય જિલ્લા (પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ) અને સત્ર (સેશન્સ) ન્યાયાલયોની પાસે આવા ખટલાને લગતા અહેવાલ નિયમિત મગાવી શકે છે.

સર્વોચ્ચ અદાલતની બૅન્ચે સાંસદો અને વિધાનસભ્યોની સામેના જે ફોજદારી કેસમાં દેહાંતદંડ કે જનમટીપ થવાની શક્યતા હોય તેને ઝડપી ચલાવવા માટે પ્રાધાન્ય આપવું જોઇએ અને તે પછી જે ખટલામાં પાંચ વર્ષ કે તેનાથી વધુની જેલ થવાની સંભાવના હોય તેને હાથ ધરવા જોઇએ. ખાસ બૅન્ચે નેતાઓ સામેના અટકેલા એટલે કે જેમાં સ્થગિત આદેશ મળ્યો હોય, તેવા કેસના ઝડપી નિકાલ માટે પણ પગલાં લેવા જોઇએ. મુખ્ય જિલ્લા (પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ) અને સત્ર (સેશન્સ) ન્યાયાધીશે નિયુક્ત ખાસ અદાલતોને પૂરતી આંતરિક સુવિધા આપવી જોઇએ અને કેસ ઝડપી ચલાવવા અત્યાધુનિક ટૅક્નૉલૉજી અપનાવવી જોઇએ.

સર્વોચ્ચ અદાલતની બૅન્ચે જણાવ્યું હતું કે વડી અદાલતે સાંસદો અને વિધાનસભ્યો સામેના કેસની માહિતી જિલ્લા મુજબ ભેગી કરવા માટે પોતાની વેબસાઇટ પર અલગ 'ટેબ' રાખવું જોઇએ.

અશ્વિની ઉપાધ્યાયે રાજકારણીઓ સામેના ફોજદારી કેસ ઝડપી ચલાવવા માટે વકીલ અશ્વની દુબે દ્વારા જાહેર હિતની અરજી કરી હતી અને તેના સંબંધમાં સર્વોચ્ચ અદાલતે આ સૂચના આપી હતી. અદાલતના સલાહકારે આપેલા ૨૦૨૨ની ૧૪ નવેમ્બર સુધીના આંકડા મુજબ દેશમાં રાજકારણીઓ સામે ૫,૧૭૫ ફોજદારી કેસ પેન્ડિંગ હતા અને તેમાંના ૨,૧૧૬ ફોજદારી કેસ પાંચ વર્ષ કરતાં વધુ સમયથી નિકાલ થયા વિના પડેલા છે અને નેતાઓ સામેના ફોજદારી કેસમાં દરરોજ વધારો થઇ રહ્યો છે. (એજન્સી)

### દેશમાં મોંઘવારી

અને મોંઘવારીને નિયંત્રણમાં રાખનારી છે.

અગાઉ, સરકારે રિઝર્વ બૅન્કને ફુગાવા આધારિત કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) ચાર ટકા રાખવાની તાકીદ કરી હતી.

શક્તિકાંતા દાસે ટોક્યો ખાતે એક પરિસંવાદમાં દાવો કર્યો હતો કે ભારતની ફિન્ટેક ઇકોસિસ્ટમ ગ્રાહક-કેન્દ્રિત છે અને સારા વહીવટીતંત્ર પર વધુ ધ્યાન અપાઇ રહ્યું છે. ભારતનું અર્થતંત્ર કોવિડ-૧૯ના રોગચાળા સહિતના અનેક વિઘ્ન અને પડકારનો સામનો કરીને સંતોષકારક સ્થિતિમાં પહોંચ્યું છે. આર્થિક નીતિમાં મેક્રોઇકોનોમિક્ના સિદ્ધાંતને પ્રાધાન્ય અપાઇ રહ્યું છે અને જરૂરી આર્થિક સુધારા કરાઇ રહ્યા છે. કોવિડ-૧૯ના રોગચાળા બાદ કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)નો વૃદ્ધિદર ૨૦૨૦-૨૧ના ૫.૮ ટકા સુધીના ઘટાડા બાદ વધીને ૨૦૨૧-૨૨માં ૯.૧ ટકા અને ૨૦૨૨-૨૩ ૭.૨ ટકા રહ્યો હતો. આ ઉપરાંત, ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રિમાસિકગાળામાં જીડીપીનો વિકાસદર ૭.૮ ટકા રહ્યો હતો અને આ ગતિએ વૃદ્ધિ ચાલુ રહેવાની આશા છે.

ભારતીય રિઝર્વ બૅન્કે ૨૦૨૩-૨૪માં જીડીપી વૃદ્ધિદર ૭.૮ ટકા રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી.

શક્તિકાંતા દાસે ફુગાવાના સંબંધમાં જણાવ્યું હતું કે આર્થિક નીતિ કરતી સમિતિની છેલ્લે ઑક્ટોબરમાં મળેલી બેઠકમાં ફુગાવા આધારિત કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ ૨૦૨૩-૨૪માં ૫.૪ ટકા રહેવાની આશા વ્યક્ત કરાઇ હતી. અગાઉ, ૨૦૨૨-૨૩માં આ દર ૬.૭ ટકા હતો અને તેમાં આ વર્ષે સારો ઘટાડો થવાની ધારણા છે. સમિતિની આગામી બેઠક ડિસેમ્બરની શરૂઆતમાં મળવાની છે.

રિઝર્વ બૅન્કના ગવર્નરે જણાવ્યું હતું કે ભારતમાં યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઇ)એ ફિન્ટેક ક્ષેત્રે ક્રાંતિ આણી છે અને તે આંતરરાષ્ટ્રીય દૃષ્ટાંતરૂપ બની ગયું છે. યુપીઆઇ દ્વારા મોબાઇલ એપ્લિકેશનની મદદથી એક બૅન્ક ખાતામાંથી બીજા બૅન્ક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવાની પદ્ધતિથી ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં ભારે વધારો થયો છે અને અન્ય દેશો તેમાં જોડાઇ રહ્યા છે.

શક્તિકાંતા દાસે જાપાનના ટોક્યોમાં ટોક્યો ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયન ઇકોનોમિક સ્ટડીઝ દ્વારા 'ભારતીય અર્થતંત્ર ૨૦૨૩' વિષય પર યોજાયેલા પરિસંવાદને સંબોધ્યો હતો. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### પૂ. શ્રી. ધીરગુરુદેવની નિશ્રામાં કાયમી પ્રભાવનામાં ૧ કરોડના ફંડથી ધર્મોલ્લાસ

શ્રી વિલેપારલા સ્થાનકવાસી જૈન સંઘ, વિરાણી ઉપાશ્રયના આંગણે પૂ. શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે આત્મજાગૃતિ ચાતુર્માસ પ્રવચન શ્રેણીમાં સમ્યક્ પરાક્રમના ૭૩ પ્રશ્નોત્તર અધિકાર ચાલુ છે. સંઘમાં કાયમી વ્યાખ્યાન અને ભક્તામર જાપ પ્રભાવના તેમ જ પાખીના લોગસ્સ જાપ અને દર મહિનાના પ્રથમ રવિવારે સમૂહ સામાયિક, નવકારથી, પ્રભાવનામાં દાતાઓ તરફથી ૧ કરોડનું અનુદાન મળતાં ધર્મોલ્લાસ છવાયો છે. આગામી તા. ૧૦-૧૧-૧૨ના ધનતેરસ શુક્રવારથી પ્રભુ મહાવીરની અંતિમ દેશના -ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયન સાર પ્રવચન શ્રેણી સવારે ૯-૩૦ થી ૧-૪૫ કલાકે યોજાશે. નૂતનવર્ષ મહામાંગલિક કાર્યક્રમ તા. ૧૪ને મંગળવારે સવારે ૭ કલાકે સમૂહ ભક્તામર અને મહામાંગલિક કાર્યક્રમ યોજાશે. તા. ૧૫ના શ્રી કિશોરભાઇ સંઘવીના સ્મૃતિદિને આયંબિલ-જાપ રાખેલ છે. વીર આવો અમારી સાથે મહિલા મંડળના પ્રફુલ્લાબેન કામદાર વગેરેની સેવા પ્રવૃત્તિ બિરદાવી સન્માન કરવામાં આવેલ.

## મધ્ય રેલવેના દાદર ખાતેના બે પ્લેટફોર્મ પછી અન્ય પ્લેટફોર્મ પર ભીડ ઓછી કરવાની યોજનાઓ પર વિચારણા

મુંબઈઃ રેલ પ્રવાસીઓના ઘસારાને ધ્યાનમાં રાખીને મધ્ય રેલવે દાદર સ્ટેશનના પ્લેટફોર્મ પાંચ પરથી ફાસ્ટ લાઇન પર ઉપડતી ટ્રેનોની સંખ્યામાં વધારો કરવાનું વિચારી રહી છે. હાલમાં આ પ્લેટફોર્મ પરથી દસથી ઓછી ટ્રેનો ચાલે છે. આ માટે જોગવાઈઓ કરવા માટે, મધ્ય રેલવે સત્તાવાળાઓ પ્લેટફોર્મ ચાર અને પાંચ વચ્ચેના બેરિકેડને દૂર કરશે અને ટ્રેકની ગોઠવણીમાં સુધારો કરશે. દાદર સ્ટેશનની સાથે થાણે અને કલ્યાણ જેવા અન્ય સ્ટેશનો પર ભીડ ઓછી કરવાની આ મોટી યોજનાનો એક ભાગ છે. હાલમાં, મધ્ય રેલવેએ દાદર સ્ટેશન પર વિસ્તરણના કામો હાથ ધર્યા છે , જેમાં વધુ મુસાફરોને સમાવવા અને ભીડ ઘટાડવા માટે પ્લેટફોર્મ બે ને કાયમી ધોરણે બંધ કરવા અને પ્લેટફોર્મ એકને પહોળું કરવાની જરૂર છે. પ્લેટફોર્મ ચાર અને પાંચ પરથી ટ્રેનોની અવરજવરને સરળ બનાવવા માટે પણ યોજનાઓ ચાલી રહી છે. મુસાફરોને ડબલ ડિસ્ચાર્જ સુવિધા પૂરી પાડવા માટે મધ્ય રેલવે દાદર સ્ટેશન પર પ્લેટફોર્મ પાંચને પહોળું કરવા માગે છે જેથી કરીને તેઓ પ્લેટફોર્મ ચાર અને પાંચ બંને પર ઉતરી શકે. મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. આનાથી અમને દાદરથી શરૂ થતી વધુ ઉત્તર તરફની (કલ્યાણ, કસારા અને કર્જત) ફાસ્ટ ટ્રેન સેવાઓ ઉમેરવાનો અવકાશ મળશે.

દરમિયાન, રેલવેએ પ્લેટફોર્મ એક અને બે ને સાત મીટરથી ૧૦.૫ મીટર સુધી પહોળું કરવાનું ઘણું કામ પૂરું કર્યું છે. એકવાર પ્લેટફોર્મ બે ને પહોળું કરવાનું કામ પૂરું થઈ જાય ત્યાર બાદ મુસાફરોની અવરજવર સરળ થશે.

દાદર સ્ટેશન હાલમાં છ પ્લેટફોર્મ ધરાવે છે અને દરરોજ પાંચથી છ લાખથી વધુ લોકો ઉપયોગ કરે છે. તે મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેને જોડે છે અને તે લાંબા અંતરની ટ્રેનો માટેનું ટર્મિનલ પણ છે.

## ભાવનગરના ભંગારના વેપારી સાથે ₹ ૨૭ લાખની છેતરપિંડીઃ ચાર પકડાયા

પાલઘરઃ ભાવનગરના ભંગારના વેપારી પાસેથી ૨૭.૮૭ લાખ રૂપિયા પડાવી કથિત છેતરપિંડી કરવાના કેસમાં ચાર આરોપીને કલ્યાણ અને નાશિકથી પકડી પાડવામાં આવ્યા હતા.

વિરારના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર રામચંદ્ર દેશમુખે જણાવ્યું હતું કે ગુજરાતના ભાવનગર ખાતે રહેતા વેપારીએ ૨૮ ઑક્ટોબરે પાલઘર જિલ્લાના માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે એક આરોપીએ ફરિયાદીનો સંપર્ક સાધી મેંઢે ગામની કંપનીમાં એલ્યુમિનિયમના ભંગારનો સામાન હોવાનું કહ્યું હતું. આ સામાન વેચવાનો હોવાથી ફરિયાદીને મેંડે ગામ બોલાવવામાં આવ્યો હતો. બાદમાં ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરવા માટે તેને કંપનીમાં લઈ જઈ ભંગારનો સામાન પણ દેખાડવામાં આવ્યો હતો.

સામાન ટ્રકમાં ભરવામાં આવ્યા પછી આરોપી અને તેના સાથીઓએ વેપારીને રૂપિયા ચૂકવવાનું કહ્યું હતું. ૨૭.૮૭ લાખ રૂપિયા કંપનીના ખાતામાં જમા થયા પછી ટ્રક નક્કી કરેલા સ્થળે પહોંચી જશે, એવું વેપારીને કહેવામાં આવ્યું હતું. જોકે વેપારીએ રૂપિયા ચૂકવ્યા પછી આરોપી ટ્રક સાથે ફરાર થઈ ગયા હતા. આરોપીનો મોબાઈલ ફોન પણ સ્વિચઑફ આવતો હોવાથી વેપારીને તેની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાની જાણ થઈ હતી. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી વેપારીએ જે બૅન્ક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા તેને ફ્રીઝ કરવામાં આવ્યું હતું. બાદમાં ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી ત્રણ આરોપીને કલ્યાણથી પકડી પાડવામાં આવ્યા હતા. તેમનો એક સાથી મુંબઈ-વારાણસી ટ્રેનથી ઉત્તર પ્રદેશ સ્થિત વતન જઈ રહ્યો હોવાનું આરોપીએ કહ્યું હતું. માહિતીને આધારે પોલીસે નાશિક રેલવે સ્ટેશને છટકું ગોઠવી તેને તાબામાં લીધો હતો.

આરોપીઓની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ચારેય આરોપી નવી મુંબઈ, રાયગઢ, ધુળે, છત્રપતિ સંભાજીનગર અને દિલ્હીમાં નોંધાયેલા આવા જ પ્રકારના અનેક ગુનામાં સંડોવાયેલા છે. ધરપકડથી બચવા આરોપી વારંવાર તેમના નામ-રહેઠાણ, સિમ કાર્ડ અને મોબાઈલ ફોન બદલતા હતા. તેમની પાસેથી કાર, ૧૫ મોબાઈલ ફોન, ૧૦ એટીએમ કાર્ડ, આધાર કાર્ડ, પેન કાર્ડ જપ્ત કરવામાં આવ્યાં હતાં. (પીટીઆઈ)

## રિડેવલપમેન્ટ પહેલા સીએસએમટીમાં હવા - ઘોંઘાટના પ્રદૂષણ પર ચાંપતી નજર

મુંબઈઃ શહેરમાં હવાનું પ્રદૂષણ સતત વધી રહ્યું છે એ પરિસ્થિતિમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ના, ૨,૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવનારા રિડેવલપમેન્ટ નિમિત્તે રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા સ્ટેશન માટે બાંધકામ પ્રક્રિયા શરૂ કરવા પૂર્વે હવાના પ્રદૂષણની માત્રા પર દેખરેખ રાખવા ઉપકરણો બેસાડવામાં આવ્યા છે. આ ઉપકરણો સ્ટેશનની ઈમારતના મુખ્ય પ્રવેશદ્વાર નજીક પ્લેટફોર્મ નંબર બે અને ત્રણની સામે રાખવામાં આવ્યા છે. મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યું હતું કે 'સીએસએમટી ખાતે બાંધકામ શરૂ કરવા પૂર્વે અત્યારે એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ)નું અને ઘોંઘાટના પ્રદૂષણનું પ્રમાણ કેટલું છે એ જાણવાના હેતુથી આ ઉપકરણો બેસાડવામાં આવ્યા છે.'

સૂત્રોએ આપેલી માહિતી અનુસાર હાલ શહેરમાં હવામાં પ્રદૂષણની માત્રા વધી રહી હોવાથી મધ્ય રેલવેએ ખબરદારી રાખવાને પ્રાધાન્ય આપ્યું છે અને કોન્ટ્રેક્ટર પ્રદૂષણને નિયંત્રણમાં રાખે તેમજ બાંધકામથી પર્યાવરણને માઠી અસર ન પહોંચે એની તકેદારી રાખવામાં આવી છે. આ ઉપકરણો હવામાં રહેલા રજકણોના પ્રમાણની માહિતી આપશે તેમજ ઘોંઘાટના પ્રદૂષણથી પણ વાકેફ કરશે. અલબત્ત આવા ઉપકરણ અન્ય સ્ટેશનો પર બેસાડવામાં નહીં આવે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

## મુંબઈ રેલવેના અધિકારીઓ સીબીઆઇના સકંજામાં

મુંબઇઃ દરેક સરકારી ખાતામાં ભ્રષ્ટાચાર ચાલતો જ હોય છે અને રેલવે પણ આમાંથી બાકાત નથી. રેલવેના દરેક વિભાગોમાં ચાલતા ભ્રષ્ટાચારની વિગતો છાશવારે બહાર આવતી જ હોય છે. લાંબા અંતરની ટ્રેનોમા પેન્ટ્રી કાર ચલાવતા કોન્ટ્રાક્ટરો હોય કે ટિકિટિંગ સ્ટાફ હોય દરેક વિભાગમાં ભ્રષ્ટાચારની ફરિયાદો અવારનવાર ઉઠતી જ હોય છે. પણ હવે આ મુદ્દે લાગતા વળગતા અધિકારીઓએ સખત વલણ અપનાવવા માંડ્યુ છે. આવાજ એક મામલામાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (ઈઇઈ) એ રેલવેના બે ચીફ પાર્સલ સુપરવાઇઝર અને અન્ય બે ખાનગી વ્યક્તિ સામે કેસ નોંધ્યો છે. મુંબઇના લોકમાન્ય તિલક ટર્મિનસના ચીફ પાર્સલ સુપરવાઈઝર સામે અને તેમની ઑફિસમાં તૈનાત સ્ટાફ સામે ફરિયાદ મળ્યા બાદ આ અંગે તપાસ યોજવામાં આવી હતી. ચીફ પાર્સલ સુપરવાઈઝરની ઑફિસ પાર્સલ બુક કરાવનારા લીઝ ધારકો પાસેથી અયોગ્ય લાભ લે છે એવી ફરિયાદ મળી હતી. જે અધિકારી સામે કેસ કરવામાં આવ્યા છે તેમની ઓળખ ઈર્જ જનાર્દન દેશપાંડે, સંજય ગાડગે તરીકે થઇ છે, જ્યારે બે ખાનગી વ્યક્તિની ઓળખ અર્જુન જયસ્વાલ અને સૂર્યભાન દિપકર તરીકે થઇ છે.

આ અંગે ફરિયાદ મળ્યા બાદ સીબીઆઇ સક્રિય થઇ હતી. સોમવારે સીબીઆઈની ટીમ દ્વારા ઓચિંતી તપાસ કરવામાં આવી હતી. દરમિયાન ગાડગેએ માહિતી આપી હતી કે રેલવે દ્વારા પ્રકારના પાર્સલ બુક કરવામાં આવે છે. પાર્સલનો એક પ્રકાર લીઝ ધારકો દ્વારા હોય છે જેમાં રેલ્વેનો લીઝ ધારકો સાથે કરાર હોય છે જેમને ચોક્કસ વજન સુધીના પાર્સલ પરિવહન કરવાની મંજૂરી આપવામાં આવે છે જ્યારે અન્ય પ્રકારના પાર્સલ તે છે જે રેલ્વે દ્વારા સીધા જ બુક કરવામાં આવે છે.

લીઝ હોલ્ડ પ્રકારના પાર્સલમાં, લીઝ ધારકો તમામ કન્સાઇનર્સનું બુકિંગ કરે છે અને તેઓ પછી રેલવેને તમામ પાર્સલની વિગતો આપે છે જેમાં તેઓ કુલ પેકેજોની સંખ્યા અને કન્સાઇનમેન્ટના કુલ વજનનો ઉલ્લેખ કરે છે. લીઝ ધારકો દરેક પેકેજની વિગતો રેલવેને આપતા નથી. જ્યારે, રેલ્વે દ્વારા કરવામાં આવતી ડાયરેક્ટ બુકિંગમાં, રેલ્વે કર્મચારીઓ દરેક કન્સાઈનમેન્ટ બુક કરે છે અને તેથી, રેલ્વે દ્વારા બુક કરાયેલ દરેક પાર્સલની વિગતો રેલ્વે પાસે ઉપલબ્ધ હોય છે.

દેશપાંડે અને જયસ્વાલના મોબાઈલ ફોનની તપાસ કરવામાં આવી હતી જેમાં બહાર આવ્યું છે કે દેશપાંડેને ૦૧.૦૮.૨૦૨૨ થી ૨૩.૦૬.૨૦૨૩ દરમિયાન અર્જુન જયસ્વાલ પાસેથી ૮,૧૬,૧૦૦ રુપિયા મળ્યા હતા. ગાડગે અને દીપકરના મોબાઈલ ફોનની તપાસમાંથઈ બહાર આવ્યું છે કે ગાડગેએ ૦૬.૦૭.૨૦૨૨ થી ૨૮.૧૦.૨૦૨૩ સુધીનો સમયગાળામાં દિપાકર પાસેથી ૫,૧૮,૧૮૫ રુપિયા મેળવ્યા હતા. આકરી પૂછપરછ કરવા પાર ગાડગેએ જણાવ્યું હતું કે તે તેની સમક્ષ રજૂ કરાયેલા દરેક ઇનવર્ડ અને આઉટવર્ડ કન્સાઇનમેન્ટ પર સહી કરવા માટે દીપકર પાસેથી ૫૦૦ રુપિયાની લાંચ લેતો હતો ઓચિંતી તપાસ બાદ સીબીઆઇએ જણાવ્યું હતું કે ચીફ પાર્સલ સુપરવાઇઝર જનાર્દન દેશપાંડે અને સંજય ગાડગેએ તેમના સત્તાવાર પદનો દુરુપયોગ કર્યો છે અને મુંબઇના લોકમાન્ય તિલક ટર્મિનસ (એલટીટી)માં કામ કરતા બંને ખાનગી એજન્ટો જયસ્વાલ અને દીપકર પાસેથી અયોગ્ય લાભ લઇને ભ્રષ્ટાચાર કર્યો છે.

## પારસી મરણ

કેટી કેરસી સિગનપોરીયા તે મરહુમ કેરસી ફકીરજી સિગનપોરીયાનાં ધનીયાની. તે મરહુમો એમી તથા એરચશાહ મેહતાના દીકરી. તે હોમીયાર કેરસી સિગનપોરીયાના માતાજી. તે નીલુફર હોમીયાર સિગનપોરીયાના સાસુજી. તે દીનસુ એરચશાહ મેહતા તથા મરહુમો ફરોખ તથા મહારૂખના બહેન. તે જેહાનના બપઈજી. (ઉ. વ. ૭૮) ઠે. ૩૦૧, આશીર્વાદ સી. એચ. એસ. લી., ક્રોસ રોડ નં. ૬, બોરીવલી (વે), મુંબઈ-૪૦૦૧૦૩. ઉઠમણાની ક્રિયાઃ ૧૧-૧૧-૨૦૨૩ના રોજે બપોરે ૩-૪૫ કલાકે, ભાભા-૧ બંગલી, ડુંગરવાડીમાં થશેજી.

## હિન્દુ મરણ

**લુહાણા**

જામ ખંભાળિયા હાલ મુંબઇ તે રમેશભાઇ તન્ના (ઉ.વ. ૮૧) તે સ્વ. મથુરાદાસ ધનજી તન્નાના સુપુત્ર. તે સ્વ. શાંતિલાલ, સ્વ. જમનાદાસ, સ્વ. મનસુખલાલના નાનાભાઇ. તે સ્વ. ગીતાબેનના પતિ. સ્વ. નટવરલાલ પરીખના જમાઇ. ભાવેશભાઇ, રૂપાલીબેન કમલેશકુમાર, હેમાલીબેન દીપકકુમારના પિતાશ્રી. અ. સૌ. રૂચિતા, કમલેશકુમાર, દિપકભાઇના સસરા તા. ૯-૧૧-૨૩ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૧૧-૨૩ના સાંજે ૫થી ૭. ઠે. લોહાણા મહાજનવાડી, ૧લે માળે, એસ. વી. રોડ., કાંદિવલી (વેસ્ટ).

**કપોળ**

અમરેલીવાળા હાલ ગોરેગામ મંગળાબેન કનૈયાલાલ મહેતાના પુત્ર મનોજભાઈ (ઉ. વ. ૬૩) બુધવાર, ૮-૧૧-૨૩ના શ્રીજીચરણ પામ્યા છે. તે નીતાબેનના પતિ. તે પ્રજ્ઞાબેન હરેશભાઈ મહેતા તથા ચેતનભાઈના ભાઈ. તે સ્વ. ધનવંતરાય જયંતીલાલ મહેતાના જમાઈ. તે કલ્પનાબેનના જેઠ. નીપુણાના કાકા. પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ભાવનગરવાળા હાલ અમદાવાદ સ્વ. નિર્મળાબેન ત્રંબકલાલ જેઠાલાલ મોદીના પુત્રવધૂ ભાવના જીતેન્દ્રકુમાર મોદી (ઉ.વ. ૭૩) તે ૧/૧૧/૨૩ના શ્રીજીશરણ પામેલ છે. તે બિમલના માતુશ્રી. પૂજાના સાસુ. નૈતિક, જીયાના દાદી. સુરેશભાઈ, જયંતભાઈ, ચારુબેન ચંદ્રવદન દેસાઈ, ઉર્મિલાબેન સતિષચંદ્ર મહેતાના ભાઈના પત્ની. પિયરપક્ષે ખાંભાવાળા સ્વ. અનંતરાય કેશવજી ગાંધીના દીકરી. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ડેડાણવાળા, હાલ ભાયંદર ગોરડિયા નાગરદાસ હરજીવનદાસના પુત્ર. અનંતરાયના ધર્મપત્ની નિરૂપા (ઉં.વ. ૬૯) તા. ૮/૧૧/૨૩ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે ભૂપેશના માતા. પૂજાના સાસુ. સ્વ. મથુરદાસ, સ્વ. ધીરજલાલ, મનુભાઈ, કિશોરભાઈ, મહેશભાઈ, રસીલાબેન પ્રવીણકુમાર મોદી તથા ભારતીબેન દિલીપકુમાર શાહના ભાભી. પિયર પક્ષે સિહોરવાળા સ્વ. રમણીકલાલ જેઠાલાલ મહેતાની દીકરી. સાદડીની પ્રથા બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી**

ભડી ભંડારીયા, હાલ ભદ્રક (ઓડિશા) સ્વ. શાંતિલાલ માનચંદ ભગતના ધર્મપત્ની દેવીબાળા (ઉ.વ. ૮૩) તે ૫/૧૧/૨૩ શ્રીજીશરણ પામેલ છે. તે નરેશ, નિલેશ, ધનેશ, મિનેષ, કલ્પના શૈલેષ શાહ, જયશ્રી જયેશ શાહના માતા. પિયરપક્ષે ભાવનગર મણિલાલ ત્રિકમલાલ મહેતાના દીકરી. સ્વ. જશુભાઈ, સ્વ. બિપીનભાઈ, જયાબેન ભાગીલાલ શેઠ, સ્વ. પ્રવિણાબેન હર્ષદરાય ગાંધીના બહેન. પારૂલ, અલ્પા, ભાવિકાના સાસુ. તેમની લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા લાડ વણિક**

સ્વ. રાજીવભાઈ શેઠ (ઉં.વ. ૫૭), તે મૂળ વલસાડના, હાલ મુંબઈ તા. ૮-૧૧-૨૩ બુધવાર દેવલોક પામ્યા છે. તે પૂર્વી શેઠના પતિ. સ્વ. શિરીષ શેઠ અને રાકાબેન શેઠના દીકરા. અમી અને કોમલના ભાઈ. મનિષ અને પ્રશાંતના સાળા. સ્વ. રજનીકાંતભાઈ અને સ્વ. ચંદ્રિકાબેનના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

વઢવાણના (હાલ મલાડ) નાથાભવનવાળા સ્વ. સુરેશચંદ્ર સવાઈલાલ શાહ (દાદભાવાળા)ના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૭૫) તે જીતેન, સંદીપ, જાગૃતિ ચંદ્રકાંત મહેતાના માતુશ્રી. જયશ્રીબેન, આરતીબેનના સાસુ. તે સ્વ. મહાસુખલાલ, સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. જયાબેન વસંતલાલ સંઘવીના ભાભી. વૃષ્ટિ તારકકુમાર શાહ, હર્ષિત, આયુષના નાની. પિયર પક્ષે પોપટલાલ ચત્રભુજ વોરાના દીકરી ૮-૧૧-૨૩ના બુધવાકરે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિ વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૪૪- નેમાણી ચાલ, રોટરી કલબની સામે, મલાડ (પ).

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

સ્વ. રમેશભાઈ અંબાલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. તારાબેન રમેશભાઈ શાહ (ઉં. વ. ૮૬) ૮-૧૧-૨૩, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સતીષભાઈ- નીતાબેન અને બીનાબેનના માતુશ્રી. જયશ્રીબેન- સુમનકુમાર અને વિજયકુમારના સાસુજી. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. સતીષભાઈ રમેશભાઈ શાહ, ફ્લેટ નં. ૯-૧૦, પાંચમે માળે, માતૃ મંદિર, તારદેવ, મુંબઈ-૪.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવિનાળના વિમળા હરખચંદ વોરા (ઉં.વ. ૬૯) તા. ૬/૧૧/૨૩ના અવસાન પામેલ છે. ઉમરબેન લાલજી રાજપારના પુત્રવધૂ. હરખચંદના ધર્મપત્ની. શિતલ, આરતીના માતુશ્રી. કાંડાગરાના સાકરબેન માવજી પાસુના સુપુત્રી. મંજુલા મનોહર, ભરતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસઃ હરખચંદ વોરા, ૬૦૪/ લુઇસ એપાર્ટમેન્ટ, લુઇસ વાડી, પપ્પુ દા ઢાબાની સામે ગલ્લી, યુનિયન બેંકની સામે, થાણા (વેસ્ટ)-૬૦૨.

ગોધરાના હીરબાઇ વસનજી સાલીયા (ઉં.વ. ૯૯), તા. ૭/૧૧/૨૩ના દેહ પરિવર્તન કરેલ છે. લીલબાઇ ગોવરના પુત્રવધૂ. સ્વ. વશનજીના ધર્મપત્ની. મણીલાલ, ચંદ્રકાંત, લાયજાના કસ્તુર દામજી, રાયણના રમીલા સુરેન્દ્ર, મુંબઇના રંજન પ્રકાશના માતુશ્રી. લાયજાના જેતબાઇ કેશવજી છેડાના સુપુત્રી. કલ્યાણજી, મણીલાલ દેવજી, કો. મહા.ના નર્મદા હરખચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચંદ્રકાંતભાઇ વસનજી સાલીયા, એ/૩૦૪, હાઇલેન્ડ હારમની, મહાવીર નગર, કાંદીવલી- વે.

કોડાયના રંજનબેન કાન્તીલાલ ગાલા (ઉં.વ. ૬૯) તા. ૭-૧૧-૨૩ના અવસાન પામ્યા છે. ગાંગબાઇ ડુંગરશીના પુત્રવધૂ. કાન્તીલાલના ધર્મપત્ની. જીગર, ઋષભના માતુશ્રી. રામાણીયા મણીબેન હીરજી દેરાજના સુપુત્રી. ના. ભાડીયા ચંદન રવિલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાન્તીલાલ ગાલા, એ-૧૭, મધુગીરી સી.એચ.એસ., વી.એન. પુરવ માર્ગ, ચેમ્બુર (ઇ.).

મોથાળા હાલે અલિબાગના મંજુલા વીરજી દેઢિયા (ઉં.વ. ૭૦) તા. ૬-૧૧-૨૩ના અવસાન પામેલ છે. સોનબાઇ વાલજી કેશવજીના પુત્રવધૂ. વીરજીના પત્ની. અમિતના મમ્મી. મોરબીના કાંતાબેન ઓધડભાઇ જાનીના પુત્રી. સ્વ. ભૂપેન્દ્ર, સ્વ. હરેશ, સ્વ. અરૂણાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અમીત વીરજી દેઢિયા, કમલ પાર્ક, બજાર પેઠ, અલીબાગ, રાયગઢ-૪૦૨૨૦૧.

વડાલાના હીરજી (બાબુ) મઠુભાઇ ધરોડ (ઉં.વ. ૮૪) તા. ૮/૧૧/૨૩ના અવસાન પામેલ છે. જવેરબેનના પતિ. ભાણબાઇ મઠુ ઘેલાના પુત્ર. મીના, ભરત, રંજન, કીર્તીના પિતાશ્રી. સ્વ. મગન, સ્વ. કાંતીલાલ, મેઘબાઇના ભાઇ. વડાલાના લઘુ હેમરાજ દેઢિયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જવેરબેન હીરજી, ૧૧ થેલમા એપાર્ટમેન્ટ, સિધ્ધાર્થ નગર, વાકોલા, સાંતાક્રુઝ (ઇ.).

**ઝાલાવાડી દશા દેરાવાસી જૈન**

ચુડા, હાલ મલાડ સ્વ. ભીખાલાલ મોહનલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. સુશીલાબેન (ઉં.વ. ૮૦) તા. ૮-૧૧-૨૩ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે જયશ્રીબેન, મુકેશભાઈ અને મનોજભાઈના માતુશ્રી. તથા નરેશકુમાર, નમ્રતા અને ધર્મિષ્ઠાના સાસુજી. ભગવાનજી કસ્તુરચંદના દિકરી (જાળીલા). પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દહેગામ સમાજ દશા શ્રીમાળી જૈન**

હાલ બોરીવલી સ્વ. રમણીકલાલ નારણદાસ શાહના ધર્મપત્ની રમાબેન શાહ (ઉં.વ. ૮૫) તા. ૮-૧૧-૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે સંગીતાબેન, તુષારભાઈ, જયશ્રીબેન, શિલ્પાબેન, નિલીમાબેનના માતુશ્રી. અ.સૌ. ચાર્મી ચિરાગ શાહના દાદી તથા નાગરદાસ બાવીસીના પુત્રી. સ્વ. દિલીપભાઈ, સ્વ. હસુબેન, સ્વ. હીરાબેનના બેન. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

શિયાનગર, હાલ વસઈ રોડ, સ્વ. શાંતાબેન અને શાંતિલાલ અદાણીના પુત્ર વૃજલાલભાઈ (ઉં.વ. ૮૦), તા. ૯-૧૧-૨૩ને ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે અરૂણાબેનના પતિ. ધર્મેશભાઈ, વિક્રમભાઈ, હર્ષા મનોજકુમાર, પારૂલ હરેશકુમારના પિતાશ્રી. પ્રિતીબેન, કૃપાબેનના સસરા. સ્વ. છબીલભાઈ, સ્વ. ચીમનભાઈ, સ્વ. રમણીકભાઈ, સ્વ. ચંદ્રિકાબેન ચીમનભાઈ, અ.સૌ. ઈન્દુબેન બળવંતરાયના ભાઈ. સસુરાલ પક્ષે લીલાવંતીબેન હરગોવિંદભાઈ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બરવાળા ઘેલાશા, હાલ ઘાટકોપર, સ્વ. કંચનબેન ધનજીભાઈ બાવીશીના પુત્ર રમેશ (ઉં.વ. ૭૭), અમેરિકામાં તા. ૧-૧૧-૨૩ના અરિહંતશરણ થયેલ છે. તે લખતર નિવાસી સ્વ. કમળાબેન ગીરધરલાલ શેઠના જમાઈ. અંજુના પતિ. જતીન-મિલનના પિતા. જીજ્ઞા-કવિતાના સસરા. સ્વ. ચંદ્રકાન્ત, સ્વ. શશીકાન્ત, સ્વ. દિલીપ, સ્વ. નલીનીબેન પ્રતાપરાય વોરાના ભાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા હાલ મુલુંડ સ્વ. ગીરધરલાલ જેચંદભાઇ શાહના સુપુત્ર સ્વ. શાંતિલાલના પત્ની કુસુમબેન (ઉં. વ. ૭૯) તે કેતન, વિશાલ, અનિતા, કવિતાના માતુશ્રી. અંજલિ, રીના, પ્રદીપકુમાર વેજાની, અજયકુમાર દોશીના સાસુ. સ્વ. ઉમેદભાઇ, સ્વ. ભુપતભાઇ, સ્વ. ચીમનભાઇ, સ્વ. મહેશભાઇ તથા કનુભાઇ, સ્વ. સૂરજબેન, સ્વ. ચંદ્રાબેન, હંસાબેન તથા રમાબેનના ભાભી. નિધિ, ઋષભ, સૃષ્ટિના નાની. પિયર પક્ષે ચોગઠવાળા જેઠાલાલ જીવરાજભાઇ શાહના દીકરી તા. ૮-૧૧-૨૩ બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ₹ ૨૫,૦૦૦ કરોડનું

લાગુ કરવામાં આવશે જેને કારણે મહારાષ્ટ્રના લગભગ ૫,૦૦૦ લઘુ-મધ્યમ (એમએસએમઇ) અને મોટા ઉદ્યોગોને લાભ મળશે તેવી આશા રાજ્ય સરકારે વ્યક્ત કરી હતી. આ નીતિના માળખાકીય કામકાજો માટે ચોક્કસ નિકાસલક્ષી પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલ પ્રોજેક્ટ માટે ૫૦ કરોડની મર્યાદા અને નિકાસલક્ષી ઔદ્યોગિક પાર્ક માટે રુ. ૧૦૦ કરોડની નાણાકીય સહાય પૂરી પાડશે. આ સાથે નિકાસ યોગ્ય એમએસએમઇને વીમા કવચ, વ્યાજ સબસિડી અને નિકાસ પ્રોત્સાહન સબસિડી પણ આપવામાં આવશે.

મે મહિનામાં રાજ્ય સરકારે નવી કાપડ ઉદ્યોગ નીતિ જાહેર કરી હતી અને આ નવી નીતિથી ૫ લાખ નવી રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. આ પોલિસીમાં ટેક્સટાઇલ ઉદ્યોગના અને અનેક સંગઠનોના સૂચનો બાદ આ પોલિસીમાં ફેરફાર કરવામાં આવ્યા હતો. સાથેજ નંદુરબાર જિલ્લાને ઝોન ત્રણમાંથી ઝોન બેમાં ખસેડવામાં આવ્યો છે. કેબિનેટે મોટા ટેક્સટાઇલ પ્રોજેક્ટ્સની સ્થિતિને અપગ્રેડ કરવા અને તેને પ્રોત્સાહિત કરવા મંજૂરી આપી છે.

રાજ્ય સરકાર નરીમાન પોઈન્ટ ખાતે આવેલી એર ઈન્ડિયાની ભવ્ય ઈમારત ૧૬૦૧ કરોડ રુપિયામાં ખરીદશે. આ બાબતને ધ્યાનમાં રાખીને કેબિનેટે એર ઈન્ડિયાની તમામ ડૂબી ગયેલી આવક અને અન્ય દંડને માફ કરવાનો નિર્ણય લીધો હતો. ૨૨ માળની આ ઇમારતમાં ૪૬,૪૭૦ ચોરસ મીટર જગ્યા પર બનાવવામાં આવેલી છે.

આ પહેલા પણ મહાવિકાસ આઘાડી (એમવીએ) સરકારે એર ઈન્ડિયા બિલ્ડિંગ ખરીદવા માટે કેન્દ્ર સરકાર સામે ૧૪૦૦ કરોડ રુપિયાની દરખાસ્ત મૂકી હતી, પરંતુ તે સમયે ૨૦૦૦ કરોડ રુપિયાની માંગ કરવામાં આવી હતી, જેના કારણે આ ડીલ સ્થગિત કરી હતી.

### કલ્યાણ પાસેની

જ્યારે બે ફરાર થઈ ગયા હતા. અંધેરી પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ ઈકબાલ ઈરાની તરીકે થઈ હતી. ઈકબાલ વિરુદ્ધ ચેન સ્નેચિંગ જેવા ૩૫ ગુના નોંધાયેલા હોવાનું પોલીસનું કહેવું છે. પોલીસના જણાવ્યા મુજબ પખવાડિયા પહેલાં અંધેરી પૂર્વમાં બનેલી ચેન સ્નેચિંગની ઘટનામાં આરોપી ઈકબાલની સંડોવણી સામે આવી હતી. આ પ્રકરણે બાઈક પર ફરાર થઈ ગયેલા આરોપીઓ વિરુદ્ધ અંધેરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આરોપીની ઓળખ થયા પછી છેલ્લા ૧૦ દિવસથી અંધેરી પોલીસની એક ટીમ કલ્યાણ પાસેના આંબિવલી સ્થિત ઈરાની બસ્તી પર નજર રાખી રહી હતી. ત્રણ આરોપીની રોજિંદી ગતિવિધિનો અભ્યાસ કર્યા પછી બુધવારની રાતે પોલીસે કાર્યવાહીની યોજના બનાવી હતી. નક્કી થયા મુજબ અંધેરી પોલીસ સ્ટેશન અને કલ્યાણના ખડકપાડા પોલીસ સ્ટેશનના ૬૦ પોલીસ અધિકારી-કર્મચારીની આઠ અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. આ ટીમ ટુરિસ્ટ વાહનમાં ઈરાની બસ્તીમાં પ્રવેશી હતી અને ત્રણેય આરોપીને તાબામાં લીધા હતા. જોકે આ બાબતની જાણ થતાં ઈરાની બસ્તીના રહેવાસીઓ એકઠા થઈ ગયા હતા. આરોપીઓને છોડાવવા માટે પોલીસની ટીમ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. રહેવાસીઓએ અન્ય વસ્તુઓ વડે પણ પોલીસ પર હુમલો કર્યો હતો.

### અજિત પવાર જૂથના

લોકોના નામે શપથપત્ર દાખલ કરવામાં આવ્યા હોવાનો દાવો કર્યો હતો. આ બધાને પગલે હવે એનસીપી પક્ષ અને ચિહ્ન પરની આગામી સુનાવણી ૨૦ નવેમ્બરે કરવામાં આવશે. સિંઘવીએ કહ્યું હતું કે અજિત પવાર જૂથ તરફથી ૨,૦૦૦થી વધુ ખોટા શપથપત્ર દાખલ કરવામાં આવ્યા છે. આમાંથી અનેક લોકોના મૃત્યુ થયા છે, જ્યારે કેટલાક લોકો અન્ય પક્ષના છે. અંદાજે દોઢ કલાક કલાક ચાલેલી સુનાવણીમાં સિંઘવીએ એમ પણ જણાવ્યું હતું કે શરદ પવાર પક્ષના સંસ્થાપક અધ્યક્ષ છે. સાથે જ એનસીપીની રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં શરદ પવારને પક્ષાધ્યક્ષ બનાવવાના ઠરાવને એકમતે મંજૂરી ાપવામાં આવી હતી. અજિત પવાર જૂથે એવો દાવો કર્યો હતો કે શરદ પવાર રાષ્ટ્રીય અધ્યક્ષ નથી તેમાં તથ્ય નથી. વાસ્તવમાં અજિત પવારે પોતે જ શરદ પવારને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવા માટે અનુમોદન આપ્યું હતું. તેમણે સંસદસભ્ય અમોલ કોલ્હે, વિધાનસભ્ય અશોક પવારે અજિત પવાર જૂથ તરફથી શપથપત્ર દાખલ કર્યા હતા તેના પર પણ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો.

#### ટેક્નિકલ મુદ્દા ઉપસ્થિત કરીને સુનાવણી લંબાવવાનો પ્રયાસઃ તટકરે

મુંબઈઃ અજિત પવાર જૂથના સંસદસભ્ય સુનિલ તટકરેએ ગુરુવારની સુનાવણી પૂરી થયા બાદ એમ કહ્યું હતું કે વાસ્તવમાં આજે મેરિટ પર દલીલ થવી જોઈતી હતી, પરંતુ ટેક્નિકલ બાબતો ઉપસ્થિત કરીને સુનાવણી લંબાવવાનો પ્રયાસ શરદ પવાર જૂથ દ્વારા કરવામાં આવ્યો હતો. અમારા તરફથી અઢી લાખથી વધુ શપથપત્ર દાખલ કરવામાં આવ્યા હતા, ત્યારે તેમાંથી છટકબારીઓ શોધવાના અત્યંત અલ્પ એવા શપથપત્ર પર કેટલીક ખામીઓ હોવાનું જણાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, એમ પણ તટકરેએ જણાવ્યું હતું. સળંગ સુનાવણી હાથ ધરવામાં આવે એવી અમારી માગણી હતી અને તેને માન્ય રાખતાં હવે ૨૦ નવેમ્બરથી સળંગ સુનાવણી હાથ ધરવામાં આવશે. ટેક્નિકલ ખામી છે તે અદાલત સમક્ષ માંડવાનો પ્રયાસ કરવામાં આવશે, એમ પણ તટકરેએ કહ્યું હતું.

### બોરીવલીથી મુલુંડ

હવે મલાડ પશ્ચિમમાં નવો ફ્લાયઓવર બનાવવામાં આવશે. વિકાસ યોજના ૨૦૩૪ માં, મલાડ પશ્ચિમમાં મલાડ જળાશયથી લોખંડવાલા સંકુલને જોડતા અપ્પાપાડા સુધીના ૧૮.૩૦ મીટરના રસ્તાનો વિકાસ પ્રથમ તબક્કામાં પ્રસ્તાવિત છે. આ અંતર્ગત ફ્લાયઓવર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પુલ ૯૦૦ મીટર લાંબો છે અને તેને સિમેન્ટ કોંક્રીટ અને સ્ટીલનો ઉપયોગ કરીને બનાવવામાં આવશે.

## ઓબીસી આરક્ષણ વધારવાના આદેશને પડકારતી અરજી હાઈ કોર્ટમાં

### જવાબ આપવાનો મહારાષ્ટ્ર સરકારને નિર્દેશ

મુંબઈઃ અન્ય પછાત જાતિઓ (ઓબીસી) માટે આરક્ષણમાં વધારો કરતા ૧૯૯૪ના માર્ચ મહિનાના સરકારી ઠરાવ (જીઆર)ને પડકારતી સંખ્યાબંધ અરજીઓનો જવાબ આપવા હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને નિર્દેશ કર્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ આરિફ ડૉક્ટરની ખંડપીઠે બુધવારે સરકારને સોગંદનામું દાખલ કરવા ૧૦ ડિસેમ્બર સુધીની મહેતલ આપી હતી. હવે આ અંગે સુનાવણી ત્રીજી જાન્યુઆરી, ૨૦૨૪ના દિવસે કરવામાં આવશે. જરુરી પ્રક્રિયા અનુસર્યા વિના ૧૯૯૪માં ઓબીસી અનામતમાં વધારો કરવામાં આવ્યો હોવાનો દાવો અરજદારોએ કર્યો હતો. મરાઠાઓનો સમાવેશ ઓબીસીમાં કરવાની તાજેતરની માગણીને પગલે ઓબીસી અનામતનો મુદ્દો આજકાલ ખાસ્સો ચર્ચાઈ રહ્યો છે. કેટલાક ઓબીસી નેતાઓ જ એનો વિરોધ કરી રહ્યા છે. એક અરજદાર બાળાસાહેબ સરાટેના કહેવા અનુસાર રાજ્યમાં ઓબીસીની અનામતની ટકાવારી ૪૨ ટકાથી વધી ગઈ છે. (પીટીઆઈ)

## એસી લોકલ પર પથ્થર મારનારા અંતે પકડાયા

થાણેઃ મધ્ય રેલવેમાં તાજેતરમાં એસી લોકલ પર પથ્થર મારવાના હિંસક બનાવમાં બે જણની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ટ્રેનમાં મુસાફરી કરનારાની સુરક્ષા મુદ્દે ગંભીર સવાલ ઊભા થયા છે. મધ્ય રેલવેમાં ટિટવાલાથી સીએસએમટી જતી એસી લોકલ ટ્રેન પર પથ્થરમારો કરવાની ઘટના સામે આવી હતી. આ પથ્થરમારાને લીધે ગુરુવારે એક મહિલા પ્રવાસીને ઇજા થઈ હતી. આ મામલે રેલ્વે પોલીસે બે લોકોની ધરપકડ કરવામાં કરી હતી એસી લોકલ ટ્રેન ટિટવાલાથી સીએસએમટી જઈ રહી હતી, ત્યારે સવારે પીક અવર્સ દરમિયાન ઠાકુર્લી અને ડોમ્બિવલી વચ્ચે ટ્રેન પર કોઈ અજાણી વ્યક્તિએ પથ્થર માર્યો હતો. જેને લીધે ટ્રેનની બારીને નુકસાન પહોંચ્યું હતું. એટલું જ નહીં, લોકલ ટ્રેનમાં મુસાફરી કરતી ૨૮ વર્ષની મહિલા જખમી થઈ હતી, એમ જીઆરપીના એક અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટનાની તપાસ કરવા માટે જીઆરપીએ આ રેલવે પરિસરના વિસ્તારમાં લગાડેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરી અને બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે અને હવે આગળની તપાસ કરવામાં આવી રહી છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



મુંબઈ સમાચાર આયોજિત...

Bachubhai Samjibhai Trust (Dinesh Zala, Borivali) સહયોગથી ઊજવીએ

રંગોળી હરીફાઈ

આજે દિવસ પ્રથમ... તૈયાર છોને તમે

વિજેતાઓને મળશે રોકડ અને પૈઠણી-બાંધણી સાડીઓ

| પ્રથમ ઈનામ | બીજું ઈનામ | ત્રીજું ઈનામ | ચોથું ઈનામ | પાંચમું ઈનામ | આ ઉપરાંત |
| --- | --- | --- | --- | --- | --- |
| ૨૧,૦૦૦ | ૧૫,૦૦૦ | ૧૧,૦૦૦ | ૭૫૦૦ | ૫૧૦૦ | ૧૦ સાડીઓ |

+ પચાસ જણને જ્યુરી સ્પેશિયલ ઈનામો અને પચાસ જણને ટ્રોફી

વય બાધ નથી અને તમામ લોકો આમાં ભાગ લઈ શકશે.

રંગોળી સ્પર્ધામાં મુંબઈના ટોચના જજો નિર્ણાયકની ભૂમિકા ભજવશે
મનીષા શેઠ, પુનીતા હીરાની, નેહા સોની, નીલમ સોની, મીરા ઝાલા, નિધિ પંડ્યા

કાર્યક્રમને રંગીન બનાવવા માટે સુભાષ ઠાકરનો હાસ્ય દરબાર અને પ્રખ્યાત સિંગર પંકજ કક્કડના કંઠે સુમધુર ગીતોની રમઝટ

કાર્યક્રમનું સંચાલન કરશે દૃષ્ટિ વાજાર

તમારી બેસ્ટમાં બેસ્ટ રંગોળી ૧૦, ૧૧ અને ૧૨મીના બપોરે ૧૨ વાગ્યા સુધી સ્વીકારાશે.

મુંબઈ સમાચારને

રંગોળી મોકલવાનું એકદમ આસાન છે

સૌપ્રથમ તમે રંગોળી બનાવતો વીડિયો ઉતારો અને બાદમાં રંગોળી તૈયાર થઈ ગઈ હોય એનો ફોટો મોકલાવો. આટલું સિમ્પલ છે હરીફાઈમાં ભાગ લેવાનું.

નોંધઃ કોઈ પણ પ્રતિયોગી પોતાની બેસ્ટમાં બેસ્ટ રંગોળી મોકલી શકે છે. એકથી વધુ રંગોળી મોકલનારની રંગોળી માન્ય નહીં ગણાય અને મુંબઈ સમાચાર અને સહયોગી સંસ્થાના સભ્યો ભાગ નહીં લઈ શકે.

રંગોળી બનાવતો વીડિયો અને ફોટો તમારે અમારા નીચે આપેલા વૉટ્સઍપ નંબર પર મોકલવાનો રહેશે.

૯૩૨૬૧૫૨૯૪૨

ઈનામ વિતરણનું સ્થળ-સમયઃ મહાવીર બૅન્કવેટ, પંચશીલ આર્કેડ બિલ્ડિંગ, પહેલો માળ, મહાવીર નગર, ડી-માર્ટની સામે, કાંદિવલી (પશ્ચિમ). ૧૩મી નવે. સાંજે ૪ વાગ્યાથી

મરાઠી અને ગુજરાતીનો મેળાપ રોકડ ઈનામો સાથે મરાઠી ભાતીગળની પૈઠણી સાડી...

visit: www.bombaysamachar.com



# કાર્તીકી એકાદશીની પૂજા મનોજ જરાંગેના હાથે કરાવોઃ મરાઠા સમાજની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાર્તીકી એકાદશીના દિવસે પંઢરપુરના વિઠ્ઠલમંદિરમાં શાસકીય પૂજા નાયબ મુખ્ય પ્રધાનને બદલે મનોજ જરાંગેના હસ્તે સપત્ની કરાવવી એવી માગણી મરાઠા ક્રાંતી મોરચા દ્વારા કરવામાં આવી છે.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પંઢરપુરની શાસકીય પૂજામાં હાજરી આપશે એવું કહેવાઈ રહ્યું છે ત્યારે મરાઠા ક્રાંતી મોરચાના રાજ્ય સમન્વયક રામભાઉ ગાયકવાડે કહ્યું હતું કે પુજા મનોજ જરાંગે પાટીલના હસ્તે કરાવવી. નિયમ મુજબ દરવર્ષે કાર્તીકી એકાદશીના રોજ શાસકીય મહાપુજા નાયબ મુખ્ય પ્રધાનને હસ્તે કરવામાં આવે છે અને અષાઢી એકાદશીની પુજા મુખ્ય પ્રધાનના હસ્તે કરવામાં આવે છે. આ વખતે બે નાયબ મુખ્ય પ્રધાન હોવાથી કોને આમંત્રણ આપવું એવો યક્ષપ્રશ્ન મંદિર સમિતિ સમક્ષ ઉપસ્થિત થયો હતો. ત્યારે બીજી તરફ સકલ મરાઠા સમાજે નાયબ મુખ્ય પ્રધાનને મહાપુજા માટે બોલાવવાનો વિરોધ કર્યો છે.

કાર્તીકી એકાદશીના દિવસે વિઠ્ઠલ મહાપુજા કોને હસ્તે કરાવવી તે માટે મંદિર સમિતિએ વિધિ અને ન્યાય વિભાગ પાસેથી અભિપ્રાય મગાવ્યો હતો. તેનો જવાબ હજી સુધી આવ્યો નથી.



# ગેરકાયદે બાંધકામો પર સરકાર અને રેરા જવાબ આપેઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે ગેરકાયદે બાંધકામો પર લગામ તાણવા માટે આવેલી જનહિતની અરજી પર સુનાવણી કરતા રેરા અને રાજ્ય સરકારને સોગંદનામું આપવાનો નિર્દેશ આપ્યો હતો. અરજીમાં બનાવટી દસ્તાવેજો દ્વારા રેરા રજિસ્ટ્રેશન અને સર્ટિફિકેટ મેળવવા પર રોક લગાવવાની માગણી કરવામાં આવી છે. આ માટે અસરકારક વ્યવસ્થા બનાવવા માટેનો નિર્દેશ આપવાની માગ કરવામાં આવી છે.

જનહિતની અરજીની સુનાવણી સમયે રેરાના વકીલ એ.કે. સક્સેનાએ જણાવ્યું હતું કે સરકારે આ મુદ્દે ૨૩મી ફેબ્રુઆરીના રોજ એક આદેશ બહાર પાડ્યો હતો. ત્યાર બાદ રેરાએ પણ એક સર્ક્યુલર બહાર પાડ્યો છે. રેરા અને સરકાર તરફથી સોગંદનામું રજૂ કરવા માટે વકીલે ચાર અઠવાડિયાંનો સમય માગ્યો છે. દરમિયાન આ મુદ્દે બીજી વાર સ્ક્રૂટિની કરવાની તાકીદ કોર્ટે કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૨૧ની અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે કલ્યાણ-ડોંબિવલી વિસ્તારમાં મોટા પ્રમાણમાં એવા અનેક પ્રોજેક્ટ મળી આવ્યા છે જે બનાવટી દસ્તાવેજોના આધાર પર રેરાનું રજિસ્ટ્રેશન મેળવ્યું છે. બનાવટી દસ્તાવેજોમાં સીસી અને મંજૂર પ્લાનનો પણ સમાવેશ થાય છે.

# મુંબઈ આવતી બસ કોલ્હાપુરની નદીમાં ઊતરીઃ પ્રવાસીઓ સુરક્ષિત

મુંબઈઃ ગોવાથી મુંબઈ આવી રહેલી લક્ઝરી બસ કોલ્હાપુર તાલુકામાં નદીમાં ઊતરી ગઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. નદી પરના બ્રિજનો અંદાજો મેળવવામાં થયેલી ડ્રાઈવરની ભૂલને કારણે આ ઘટના બની હોઈ સદ્‌નસીબે કોઈ પ્રવાસીને ઇજા થઈ નહોતી.પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની સવારે સાહુવાડી વિસ્તારમાં બની હતી. ઘટના સમયે બસમાં ૪૦ પ્રવાસી હતા.

ખાનગી લક્ઝરી બસ ગોવાથી મુંબઈ આવી રહી હતી ત્યારે ડ્રાઈવર હ્રષીકેશ જગદીશ ભાટે (૨૩) સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. નદી પરના બ્રિજ પરથી બસ પસાર થવાની હતી, પરંતુ અંદાજો મેળવવામાં થયેલી ભૂલને કારણે બસ રસ્તા પરથી નીચે ઊતરી ગઈ હતી. બસ સીધી નદીમાં જતી રહી હતી.અધિકારીના જણાવ્યા મુજબ સદ્‌નસીબે આ ઘટનામાં કોઈને ઇજા થઈ નહોતી. જોકે વાહનવ્યવહારને થોડા સમય માટે અસર થઈ હોવાનું કહેવાય છે. (પીટીઆઈ)

# બોમ્બે હાઈ કોર્ટના ચુકાદાઓ હવે ગુજરાતી સાથે મરાઠી, કોંકણીમાં અનુવાદિત કરાશે

નાગપુરઃ બોમ્બે હાઈ કોર્ટના નિર્ણયને અંગ્રેજીમાંથી મરાઠી, કોંકણી અને ગુજરાતીમાં અનુવાદિત કરવાનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)ની મદદથી કોર્ટના ચુકાદાઓનો અંગ્રેજી ભાષામાંથી સ્થાનિક ભાષાઓમાં અનુવાદ કરવામાં આવી રહ્યો છે. કોર્ટના નિર્ણયો મહારાષ્ટ્રની સત્તાવાર ભાષા મરાઠી અને ગોવાની સત્તાવાર ભાષા કોંકણીમાં ઉપલબ્ધ રહેશે અને ગુજરાતી ભાષામાં પણ અનુવાદ કરવામાં આવશે.

૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે કોર્ટના નિર્ણયોને સ્થાનિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાનું કામ શરૂ કર્યું હતું. સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો અંગ્રેજી ભાષામાંથી દેશની નવ મુખ્ય ભાષાઓમાં અનુવાદ કરવા માટે એક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. હવે બોમ્બે હાઈ કોર્ટમાં એઆઇની મદદથી કોર્ટના નિર્ણયોનું ત્રણ ભાષામાં અનુવાદ કરવામાં આવી રહ્યું છે. કોર્ટની સાથે નાગપુર, ઔરંગાબાદ અને ગોવાની બેન્ચના ચુકાદાઓનો પણ અનુવાદ કરવામાં આવી રહ્યા છે. હાલમાં, પસંદગીના કોર્ટના નિર્ણયોનું ભાષાંતર કરવામાં આવી રહ્યું છે અને જેમ જેમ એઆઇ સોફ્ટવેર વધુ અદ્યતન અને ભૂલ-મુક્ત બનશે તેમ, અનુવાદિત નિર્ણયોની સંખ્યામાં વધારો થશે.

અનુવાદ એ ચાલુ પ્રક્રિયા છે. આ કાર્ય માટે એક વિશેષ સમિતિની નિમણૂક કરવામાં આવી છે અને તમામ નિર્ણયો સમિતિ દ્વારા લેવામાં આવે છે, નાગપુર બેંચના એડમિનિસ્ટ્રેશન મેનેજર રવિન્દ્ર સદ્રાણીએ જણાવ્યું હતું. ■

# જે. જે. હૉસ્પિટલમાં શ્વસન સંબંધિત બીમારીઓ માટે અલગ વોર્ડ શરૂ

મુંબઈઃ રાજ્યના આરોગ્ય વિભાગે તીવ્ર શ્વસન બિમારીઓ માટે ‘સેન્ટિનલ સર્વેલન્સ’ લાગુ કરવા માટે રાજ્યની ૧૭ હૉસ્પિટલોમાંની એક તરીકે જે.જે. હૉસ્પિટલની નિમણૂક કર્યાના ત્રણ દિવસ પછી, હૉસ્પિટલે વાયુ પ્રદૂષણ સંબંધિત બિમારીઓ માટે સમર્પિત ૧૭ બેડનો વોર્ડ શરૂ કર્યો. આ વોર્ડ હૉસ્પિટલના પલ્મોનરી મેડિસિન વિભાગ હેઠળ કાર્યરત રહેશે.

શહેરમાં ઘટતા હવાની ગુણવત્તા અને શ્વસન સંબંધી વિકૃતિઓ ધરાવતા દર્દીઓમાં સંભવિત વધારાને ધ્યાનમાં રાખીને આ વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. તબીબી શિક્ષણ પ્રધાને રાજ્યની તમામ મેડિકલ કોલેજોને તેના પર પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હોવાનું હોસ્પિટલના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું. દક્ષિણ મુંબઈની હૉસ્પિટલોમાં પ્રેક્ટિસ કરતા શ્વસન દવાઓના નિષ્ણાત ડૉ. રાજેશ શર્માએ જણાવ્યું હતું કે, શહેરમાં તેમના ઘણા વર્ષોની પ્રેક્ટિસમાં, એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઇ) ક્યારેય આટલો ખરાબ ન હતો.

“જ્યારે હવાની ગુણવત્તા ચોક્કસ બિંદુથી આગળ વધે છે, ત્યારે સૌથી તંદુરસ્ત ફેફસાં પણ તીવ્ર પ્રતિક્રિયા આપે છે. ■

# બીએમસીએ મલબાર હિલ જળાશય પ્રોજેક્ટ માટે નિષ્ણાતોની નવી પેનલ બનાવી

મુંબઇઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનએ મલબાર હિલ જળાશયના પુનઃનિર્માણની દેખરેખ રાખવા માટે આઈઆઈટી બોમ્બેના નિષ્ણાતો સહિત આઠ સભ્યોની સમિતિની રચના કરી છે. સમિતિ પાણી પુરવઠાને અસર કર્યા વિના જળાશયનું સમારકામ કરી શકાય કે કેમ તેનું મૂલ્યાંકન કરશે અને તબક્કાવાર પુનર્નિર્માણ વિકલ્પોની શોધ કરશે. એક મહિનામાં લોકો અને નિષ્ણાતોના સૂચનો સ્વીકારવામાં આવશે.આ પેનલમાં આઈઆઈટી મુંબઈના ચાર નિષ્ણાતો પ્રોફેસર અશોક ગોયલ, આર. એસ. જાંગિડ, જોતિ પ્રકાશ અને દાસકા મૂર્તિ , સ્થાનિક પ્રતિનિધિ આર્કિટેક્ટ રાહુલ કાદરી, બે સિવિલ એન્જિનિયર અને સ્થાનિક પ્રતિનિધિઓ - ડૉ. વાસુદેવ નોરી અને એ સેઠ અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ( સ્પેશિયલ એન્જિનિયરિંગ), સી એચ કંડલકર નો સમાવેશ કરવામાં આવ્યો છે. ગોયલ અને જાંગીડે તેમના મંતવ્યો બીએમસીને સુપરત કર્યા હતા જેના આધારે પ્રોજેક્ટ શરૂ થયો હતો.એક ઈમેલ આઈડી બનાવવામાં આવશે અને અખબારોમાં પ્રકાશિત કરવામાં આવશે. મેરિટ પરના સૂચનો ચકાસવા માટે આઈડી પ્રકાશિત કર્યાની તારીખથી નિષ્ણાતોની પેનલને લગભગ ૧૫ દિવસનો સમય આપવામાં આવશે.ત્યારબાદ સમિતિ એક મહિનાની અંદર સ્થાનિક રહેવાસીઓ, જનપ્રતિનિધિઓ અને નિષ્ણાતો તરફથી મળેલી કોઈપણ કાર્યવાહી કરવા યોગ્ય દરખાસ્તનો અભ્યાસ કરશે અને અભિપ્રાય આપશે, અધિકારીઓએ જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે આઈઆઈટી મુંબઈને અન્ય કોઈ યોગ્ય યોજના સૂચવવા માટે પણ કહેવામાં આવશે.■

કપોળ મરણ



અમરેલીવાળા હાલ ગોરેગાવ
મંગળાબેન કનૈયાલાલ મહેતાના સુપુત્ર
**શ્રી મનોજભાઈ મહેતા**
ઉ.વ. - 63
બુધવાર તા. 08.11.2023 ના રોજ શ્રીજીચરણ પામ્યા છે
તે નીતાબેનના પતિ
તે પ્રજ્ઞાબેન હરેશભાઈ મહેતા,
ચેતનભાઈના ભાઈ,
તે સ્વ. ધનવંતરાય જયંતિલાલ મહેતાના જમાઈ,
તે કલ્પનાબેનના જેઠ,
તથા નિપુણાના કાકા,
વિવેક/શ્રદ્ધા ના મામા.
પ્રાર્થના સભા અને લૌકિક પ્રથા બંધ છે

# ચાર આરોપી પકડાયાઃ મોબાઈલ ચોરીના ૧૭ કેસ ઉકેલાયા

થાણેઃ પોલીસે નવી મુંબઈથી ચાર આરોપીને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી ચોરીના ૨૯ મોબાઇલ જપ્ત કરવામાં આવ્યા હતા.

આરોપીઓની ધરપકડ કરીને પોલીસે મોબાઇલ ચોરીના ૧૭ ગુના ઉકેલી કાઢ્યા હતા, જે પનવેલ તાલુકા, કામોઠે, તળોજા, પનવેલ શહેર, ખાંદેશ્વર, કલંબોલી, ખારઘર અને સીબીડી બેલાપુર પોલીસ સ્ટેશનની હદમાં નોંધાયા હતા.

પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે ચારેય આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓ જાલના, યવતમાળ, હિંગોલી અને સાતારાના વતની છે.

આરોપીઓ નવી મુંબઈમાં કામ કરતા હતા અને પોલીસે તેમની પાસેથી મોટરસાઇકલ પણ જપ્ત કરી હતી. (પીટીઆઇ) ■




# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| असीम | અનુસાર |
| मुताबिक | અનહદ |
| अनुठा | અપવાસ |
| बदहजमी | અનોખું |
| अनशन | અપચો |

## ઓળખાણ પડી?



ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ત્રણ દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચન, ગોવિંદા અને રજનીકાંતે ત્રણ દાયકા પહેલા સાથે કરેલી ફિલ્મની ઓળખાણ પડી?

અ) અંધા કાનૂન બ) કુલી નંબર વન ક) અગ્નિપથ ડ) હમ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ ફ | ળ | તા | ■ | ૩ નિ | ષ્ફ | ળ | ૪ તા | ■ |
| ૫ ર | ટ | ■ | ■ | ૬ આ | રા | ■ | ■ | ૭ ક | ૮ લા |
| ળ | ■ | ■ | ૯ સં | ભા | ળું | ■ | ૧૦ બિ | ■ | ગ |
| ૧૧ તા | ૧૨ ર | ૧૩ ક | ■ | ર | ■ | ૧૪ શા | હ | ■ | ણી |
| ■ | ૧૫ સ | રા | ઇ | ■ | ૧૬ પ | ક | ડ | ૧૭ દા | વ |
| ૧૮ સ્વ | ના | મ | ■ | ૧૯ આ | ર | ■ | ■ | ૨૦ તા | શ |
| તં | ■ | ૨૧ ત | ૨૨ ક્ષ | ક | ■ | ૨૩ અ | ૨૪ ગ | ર | ■ |
| ૨૫ ત્ર | સ્ત | ■ | ૨૬ તિ | રા | ૨૭ ડ | ■ | પ | ■ | ૨૭-અ સં |
| તા | ■ | ૨૮ લ્હા | ■ | ■ | ગ | ■ | શ | ■ | બં |
| ■ | ૨૯ ઋ | ણ | મુ | ક્તિ | ■ | ૩૦ અ | પ | રા | ધ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | | ■ | ■ | ૬ | ■ | | ■ | |
| ૭ | ૮ | ■ | ૯ | | | ■ | ૧૦ | ૧૧ | ■ |
| ■ | ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | |
| | ■ | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | | ■ | |
| ૨૪ | ૨૫ | | | ■ | ■ | | ■ | ૨૬ | |
| ૨૭ | | ■ | ૨૮ | ૨૯ | ■ | | | | ■ |
| | ■ | ૩૦ | ■ | ૩૧ | ૩૨ | ■ | ૩૩ | | ૩૪ |
| ■ | ૩૫ | | | | | | ■ | ૩૬ | |

### આડી ચાવી

૧. સરસ્વતીદેવીના પૂજનનો દિન (૫)
૩. દીવડા પ્રગટાવો (૪)
૭. ડર, ભય (૨)
૯. બોધ થવો કે આપવો તે (૩)
૧૦. વસીલો, ઓળખાણ (૨)
૧૨. મઠની દાળની પૂરી (૩)
૧૪. એક અપશુકનિયાળ સંખ્યા (૨)
૧૬. વડીલને પગે લાગો (૨)
૧૮. કરનાર, કર્તા (૩)
૧૯. બાર મહિના (૩)
૨૦. --- કોને રે સંભળાવું તોળાંદે (૨)
૨૧. ઠેકાણું (૨)
૨૩. અક્કલ, કરાર, ડહાપણ (૩)
૨૪. ચોરી કરવી તે (૪)
૨૬. નિર્ણાયક (૨)
૨૭. આગ (૨)
૨૮. --- કુલ રીત સદા ચલી આઇ (૨)
૩૧. માતા (૨)
૩૩. મનગમતું (૩)
૩૫. હવે શરૂ થશે નવું વર્ષ (૩,૩)
૩૬. વિચાર, ગાયકીનો પ્રકાર (૨)

### ઊભી ચાવી

૧. યોગ્ય, ઘટિત (૩)
૨. બગીચો (૨)
૪. સાડી કે સાડલાનો છેડો (૩)
૫. એક ફળ (૨)
૬. ધનની પૂજાનો દિવસ (૫)
૮. કટિ, કેડ (૩)
૯. ભીંડીનો સાંઠો (૨)
૧૧. મંદિરનું ગર્ભગૃહ (૩)
૧૩. બરોબર, ચાલે એવું (૪)
૧૫. એક બંગાળી મીઠાઇ (૫)
૧૭. ભાઇ બહેનના ઘરે જમવા જાય (૪)
૧૮. પ્રેત-ઉપાસનાની રાત (૫)
૨૨. હળવો, ઝીણો, અવાજ (૩)
૨૫. ધ્વનિ (૨)
૨૬. લોકોની સંખ્યા (૪)
૨૯. 'ઘુમાવવુ'નું આજ્ઞાર્થ (૩)
૩૦. એક ધાર્મિક વિધિ (૨)
૩૨. દૂધ ઉપર હોય મલાઇની... (૨)
૩૪. પાંખડી, દિલ, સૈન્ય (૨)

## ગુજરાત મોરી મોરી રે

બાળ કલાકાર તરીકે શરૂઆત કરી 'લવની ભવાઈ', 'ઓમ મંગલમ સિંગલમ' અને 'ચલ જીવી લઈએ' જેવી ફિલ્મોમાં પોતાની હાજરીથી પ્રભાવ પાડનાર અભિનેત્રીનું નામ જણાવશો?

અ) આરોહી પટેલ બ) શ્રદ્ધા ડાંગર
ક) અપૂર્વા અરોરા ડ) પૂજા ઝવેરી

## જાણવા જેવું

ચિત્રકાર એમ. એફ. હુસેન માધુરી દીક્ષિતના ગજબના દીવાના હતા. તેમણે માધુરીની ફિલ્મ 'હમ આપકે હૈં કૌન' ૬૭ વખત જોઈ હતી અને 'આજા નચલે' રિલીઝ થઈ ત્યારે આખું થિયેટર બુક કરાવ્યું હતું, બોલો. દીવાનગી અહીં અટકતી નથી. હુસેને 'ગજ ગામિની' નામની ફિલ્મ દિગ્દર્શિત કરી હતી જેમાં માધુરીને લીધી હતી અને તેણે ફિલ્મમાં પાંચ પાત્ર ભજવ્યાં હતાં.

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે મહાન અભિનેતા દિલીપ કુમાર - સંજીવ કુમારે સાથે કામ કર્યું હતું એ ફિલ્મ આપેલા વિકલ્પમાંથી કઈ છે એ જણાવો.

અ) કર્મા બ) અંગુર ક) વિધાતા ડ) મશાલ

## નોંધી રાખો

માનવીની અંદર જે સમાઈ જઈ એને અણગૌરવ બક્ષે એ સ્વાભિમાન અને માનવીની બહાર છલકાઈ એનું ગૌરવ ઘટાડે એ અભિમાન.

## માઈન્ડ ગેમ

ટોચના બે કલાકાર રણવીર સિંહ અને પ્રિયંકા ચોપડા કઈ ફિલ્મમાં ભાઈ - બહેનના રોલમાં જોવા મળ્યા હતા એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) ગુન્ડે બ) બાજીરાવ મસ્તાની
ક) દિલ ધડકને દો ડ) ગલી બોય

## સુડોકુ-૪૯૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | | ૬ | | | | | ૮ |
| ૨ | | | | | | ૪ | | |
| | | | ૨ | ૫ | | | | ૭ |
| ૯ | ૪ | | | ૮ | | ૧ | | |
| | | | ૪ | | ૬ | | | |
| | | ૮ | | ૧ | | | ૪ | ૫ |
| ૮ | | | | ૩ | ૪ | | | |
| | | ૫ | | | | | | ૪ |
| ૬ | | | | | ૧ | | ૮ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૪૯૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૮ | ૯ | ૧ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૩ | ૨ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ | ૯ |
| ૪ | ૫ | ૯ | ૩ | ૮ | ૨ | ૬ | ૭ | ૧ |
| ૬ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ | ૭ | ૨ | ૪ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૭ | ૧ | ૬ | ૫ |
| ૨ | ૭ | ૪ | ૧ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ |
| ૯ | ૩ | ૭ | ૫ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૯ | ૮ | ૩ | ૧ | ૭ |
| ૧ | ૮ | ૨ | ૭ | ૪ | ૩ | ૫ | ૯ | ૬ |

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| गंजा | માથાની ટાલ |
| गंजेडी | ગાંજાનો વ્યસની |
| गँवार | ગામડિયું, અસભ્ય |
| गँवाना | ગુમાવવું |
| गलियारी | નાનકડી ગલી |

ગુજરાત મોરી મોરી રે
મહિયરની ચૂંદડી

ઓળખાણ પડી?
ટોમ હેન્ક્સ

માઈન્ડ ગેમ
કેદારનાથ

ચતુર આપો જવાબ
મૃગયા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મૂલરાજ કપૂર (૪) શ્રદ્ધા આશર (૫) ખુશરૂ કાપડિયા (૬) ભારતી બુચ (૭) વિભા મહેશ્વરી (૮) મહેન્દ્ર લોઢાવિયા (૯) મીનળ કાપડિયા (૧૦) પુષ્પા પટેલ (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) દેવેન્દ્ર સંપટ (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબદુલ્લા એફ મુનીમ (૨૧) લજિતા ખોના (૨૨) મહેશ દોશી (૨૩) ભાવના કર્વે (૨૪) મહેશ સંઘવી (૨૫) હર્ષા મહેતા (૨૬) કલ્પના આશર (૨૭) સુનીતા પટવા (૨૮) રજનીકાંત પટવા (૨૯) અરવિંદ કામદાર (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) વિણા સંપટ (૩૨) જગદીશ ઠક્કર (૩૩) દિલીપ પરીખ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) હિના દલાલ (૩૬) રમેશ દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) ભારતી પ્રકાશ કટકિયા (૪૦) નીતા દેસાઈ (૪૧) નિતીન બજરિયા

# 'એનિમલ' અને 'ફાઈટર'ના રોલ માટે અનિલ કપૂરનો અદ્ભૂત કાયાકલ્પ

અનિલ કપૂરની શારીરિક તંદુરસ્તી અને તેમનો લૂક દર વખતે ચર્ચાનો વિષય બને છે. અનિલ કપૂરે તેમની આગામી બે ફિલ્મોના એક બીજાથી સાવ જ જુદા પાત્રો ભજવવા માટે કરેલી ટ્રેનીંગની એક ઝલક શેર કરી હતી. અનિલ કપૂર રણબીર કપૂર સ્ટારર ફિલ્મ એનિમલમાં રણબીરના ૬૫ વર્ષીના પિતા બલબીરની ભૂમિકામાં જોવા મળશે તો તેઓ ફિલ્મ ફાઈટરમાં ૪૫ વર્ષીના એરફોર્સ ઓફિસર રોકીના રોલમાં જોવા મળશે. આ બંને ફીલ્મોના પાત્રો માટે અનિલ કપૂરે પોતાનો શર્ટલેસ તસ્વીરો સોશિયલ મીડિયા પર શેર કરી હટી જેમાં તેમની બોડી ટ્રાન્સફોર્મેશન દેખાઈ રહી છે. અનિલ કપૂરે એક વિડિયો શેર કર્યો હતો જેમાં તે બરફવાળા પાણીમાં સ્નાન કરતાં જોવા મળી રહ્યા છે.

અનિલ કપૂરની આગામી ફિલ્મ એનિમલ આ ૧ ડિસેમ્બરે થિએટરમાં રીલીઝ થવા જય રહી છે. આ ફિલ્મને સંદીપ રેડ્ડી વાંગાએ ડિરેક્ટ કરી છે. અનિલ કપૂરની સાથે આ ફિલ્મમાં રણબીર કપૂર, રશ્મિકા મંદન્ના, બોબી દેઓલ અને તૃપ્તિ ડિમરી પણ જોવા મળશે. અનિલ કપૂર તેમની બીજી ફિલ્મ ફાઇટરમાં હૃતિક રોશન, દીપિકા પાદુકોણ અને કરણ સિંહ ગ્રોવર સાથે સ્ક્રીન શેર કરતાં જોવા મળશે

આ તસવીરો શેર કરતાં અનિલ કપૂરે કેપ્શન આપ્યું હતું કે ગયા વર્ષમાં બે જુદી-જુદી ભૂમિકાઓ વચ્ચે સ્વિચ કરવું પડકારજનક અને સંતોષકારક બંને રહ્યું છે. એનિમલમાં ૬૫ વર્ષના બલબીરથી લઈને ફાઇટરમાં ૪૫ વર્ષના એરફોર્સ ઓફિસર રોકીની ,ભૂમિકા ભજવવા મેં જે યુનિફોર્મ પહેર્યો હતો તેના પાત્રને ન્યાય આપવા મારે સખત મહેનત કરી મારા શરીરને એ પાત્રો માટે લાયક બનાવવું પડ્યું હતું. હવે જ્યારે બંને ફિલ્મોનું શૂટિંગ પૂરું થઈ ગયું છે, ત્યારે હું પ્રેક્ષકો આ ફિલ્મોને જોએ તે માટે હું રાહ જોઈ શકતો નથી

અનિલ કપૂરે કરેલી આ પોસ્ટ પર તેમના ચાહકો અને બોલિવૂડના અનેક કલાકારો જુદી જુદી કમેન્ટ્સ કરી રહ્યા છે. આ પોસ્ટ પર વરૂન ધવને મજાકમાં લખ્યું ''જ્યારે તમે માત્ર ૧૮ વર્ષના હો ત્યારે આ બધું કરવું સરળ બને છે, અનિલ પણ જ્યારે તમે તમારા ૩૦ પર પહોંચો છો, ત્યારે તે વધુ અઘરું થઈ જાય છે. ફાઇટરના દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદ અને સુનિલ શેટ્ટીએ પણ અનિલ કપૂરના વખાણ કર્યા હતા ■

# એલ્વિશ યાદવની માટે ઝેરના પારખાં

બિગ બોસ OTT-૨ના વિનર અને યુટ્યૂબર એલ્વિશ યાદવને રેવ પાર્ટી અને સાપના ઝેર મામલે નોઇડા પોલીસે નોટિસ મોકલી છે. એલ્વિશને હવે જલ્દી જ નોઇડા પોલીસના સવાલોનો સામનો કરવો પડશે. આ મામલે મંગળવારે સાંજ સુધી નોઇડા પોલીસને આ કેસમાં પકડાયેલા પાંચે આરોપિઓની પોલીસ કસ્ટડી અને રિમાન્ડ મળી શકે છે. પકડાયેલા આરોપી રાહુલ યાદવના રિમાન્ડ બાદ એલ્વિશ યાદવની પૂછપરછ થઇ શકે છે.

નોઇડા પોલીસે સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર એલ્વિશ યાદવ રહિત છ લોકો સામે રેવ પાર્ટીમાં કથિત રીતે સાપના ઝેરનો ઉપયોગ કરવા બદ્દલ ૩ નવેમ્બરના રોજ પ્રાણી સંરક્ષણ કાયદો અને IPC ના ગુના હેઠળ FIR નોંધવામાં આવી છે. પોલીસના કહેવા મુજબ ૩ નવેમ્બરના રોજ પાંચ આરોપીઓની ધરપકડ કરતાં તેમની પાસેથી ૫ કોબરા સહિત ૯ સાપ મળી આવ્યા હતાં. સાપનું ૨૦ મિલીલીટર સંદિગ્ધ ઝેર પણ મળી આવ્યું હતું. જે સ્થળોએ આ પાર્ટીઓ થઇ હતી એ સ્થળોના સીસીટીવી ફૂટેજ પણ ચેક કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે એલ્વિશ યાદવની સાપ સાથેનો વિડીયો પણ વન વિભાગ દ્વારા ચકાસવામાં આવી રહ્યો છે. ભારતમાં સાપ પાળવા કે પછી તેનો વ્યવસાયિક ઉપયોગ કરવો ગેરકાયદે છે. ત્યારે હવે આ વિડીયો એલ્વિશ યાદવની તકલીફ વધારી શકે છે. જોકે હજી સુધી વન વિભાગે એલ્વિશ યાદવ પર વન્ય જીવ કાયદા હેઠળ કોઇ ગુનો દાખલ કર્યો નથી. જોકે યુપીના વન વિભાગના પ્રધાનના મત મુજબ જો તપાસમાં એલ્વિશ યાદવ દોષી સાબિત થશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. ■

# બોલિવૂડ અભિનેત્રીઓનું લક્ઝરી કાર કલેક્શન

શ્રદ્ધા કપૂરે હાલમાં જ લેમ્બોર્ગિની હુરાકન ટેકનીકા કાર ખરીદી છે. ભારતમાં આ કારની કિંમત ૪.૦૪ કરોડ રૂપિયા છે. તેની પાસે પહેલેથી જ રૂ. ૮૦ લાખની કિંમતની ઓડી Q-7, રૂ. ૨ કરોડની BMW-7 અને રૂ. ૧ કરોડથી વધુની મર્સિડીઝ-બેંઝ GLE છે. શ્રદ્ધા સિવાય બોલિવૂડની ઘણી અભિનેત્રીઓ પણ લક્ઝરી કારની શોખીન છે. આજે આપણે જાણીશું કે કઈ અભિનેત્રીના કાર કલેક્શનમાં કઈ કાર સામેલ છે.

**કિયારા અડવાણી**

કિયારા અડવાણીએ આ વર્ષે મે મહિનામાં ૨.૬૯ કરોડ રૂપિયાની મર્સિડીઝ મેબેચ કાર ખરીદી હતી. આ સિવાય તેની પાસે ઓડી A-8 L છે જેની કિંમત ૧.૫૬ કરોડ રૂપિયા છે. તેમના કાર કલેક્શનમાં BMW-X5, મર્સિડીઝ-બેંઝ ઇ-ક્લાસ BMW 530 જેવી કાર પણ સામેલ છે.

**પ્રિયંકા ચોપરા**

પ્રિયંકા પાસે રોલ્સ રોયસ ઘોસ્ટ છે જેની કિંમત લગભગ ૫.૨૫ કરોડ રૂપિયા છે. આ સિવાય તેની પાસે BMW-7 સિરીઝ, મર્સિડીઝ બેન્ઝ ઇ-ક્લાસ અને પોર્શે કેયેન જેવી કરોડોની કિંમતની કાર છે. ૨૦૧૯માં પતિ નિક જોનાસે પણ તેને ૩.૫ કરોડ રૂપિયાની મર્સિડીઝ મેબેચ ભેટમાં આપી હતી.

**કેટરીના કૈફ**

કેટરીના પાસે સફેદ રંગની લેન્ડ રોવર રેન્જ રોવર વોગ કાર છે જેની કિંમત અંદાજે ૪.૩૮ કરોડ રૂપિયા છે. આ સિવાય તેની પાસ ઓડી Q-7, અને મર્સિડીઝ ML-૩૫૦ પણ છે.

**અનુષ્કા શર્મા**

અનુષ્કા પાસે બેન્ટલી કોન્ટિનેન્ટલ જીટી કાર છે જેની કિંમત ૩.૮ કરોડ રૂપિયા છે. આ ઉપરાંત તેની પાસે ૨.૪૨ કરોડની રેન્જ રોવર વોગ, રૂ. ૨.૭૬ કરોડની રેન્જ રોવર ઓટોબાયોગ્રાફી, રૂ. ૧.૩૪ કરોડની ઓડી Q-8 અને રૂ. ૨.૪૬ કરોડની BMW- 7 સિરીઝ જેવી લક્ઝરી કાર છે.

**કરીના કપૂર**

કરીનાને લક્ઝરી કારનો પણ શોખ છે. તેમની પાસે મર્સિડીઝ બેન્ઝ એસ-ક્લાસ કાર છે જેની કિંમત ૧.૩૩ કરોડ રૂપિયા છે. આ સિવાય તેની પાસે ૧.૨૬ કરોડ રૂપિયાની પોર્શ કેયેન, ૧.૨૯ કરોડ રૂપિયાની રેન્જ રોવર સ્પોર્ટ અને ૮૧ લાખ રૂપિયાની ઓડી Q-7 છે.

**આલિયા ભટ્ટ**

આલિયા ભટ્ટ લેન્ડ રોવર રેન્જ રોવર વોગમાં મુસાફરી કરવાનું પસંદ કરે છે. તે ઘણી વખત આ કારમાં જોવા મળી છે. તેની કિંમત ૧.૭૪ કરોડ રૂપિયા છે. આ સિવાય તેની પાસે ૮૦ લાખ રૂપિયાની ઓડી Q-7, ૫૦ લાખ રૂપિયાની ઓડી Q -5, BMW-7 સિરીઝની કિંમત ૧.૩૮ કરોડ રૂપિયા છે.

**દીપિકા પાદુકોણ**

દીપિકા પાદુકોણ અંદાજે રૂ. ૧.૬૭ કરોડની મર્સિડીઝ મેબેક એસ-૫૦૦માં મુસાફરી કરે છે. આ સિવાય તેની પાસે લગભગ ૧.૫૮ કરોડ રૂપિયાની ઓડી A- 8- L , ૮૦ લાખ રૂપિયાની ઓડી Q- 8, ૭.૪૦ લાખ રૂપિયાની મિની કન્વર્ટિબલ જેવી લક્ઝરી કાર છે. ■

# દિવાળી ટાણે સામસામે આવ્યા ઐશ્વર્યા અને સલમાન

મુંબઈમાં દિવાળીની ઊજવણી જોરશોરથી થઈ રહી છે અને એમાં પણ જ્યારે બી-ટાઉનની દિવાલી પાર્ટીની વાત હોય તો તો પૂછવું જ શું? હાલમાં બી-ટાઉનમાં આવી જ એક દિવાળી પાર્ટી યોજાઈ હતી અને આ પાર્ટીમાં કંઈક એવું બન્યું કે જેની તરફ બધાનું ધ્યાન ખેંચાયું હતું. આવો જોઈએ આખરે એવું તે શું બન્યું હતું એ વાત જાણે એમ છે કે બી-ટાઉનની એક દિવાળી પાર્ટીમાં ઐશ્વર્યા રાય બચ્ચન અને સલમાન ખઆન સામસામે ટકરાઈ ગયા હતા અને લોકોનું ધ્યાન એ તરફ હતું કે શું થશે થશે પણ એવું કંઈ ખાસ બન્યું નહીં અને બંને જણ વચ્ચે એક પણ વાક્યની આપ-લે નહીં થઈ.

આ પાર્ટી ઈન્ડસ્ટ્રીના ફેમસ ડિઝાઈનર મનિષ મલ્હોત્રા દ્વારા હોસ્ટ કરવામાં આવી હતી.

મનિષ મલ્હોત્રાની આ દિવાળી પાર્ટીમાં ઐશ્વર્યા ડાર્ક લાલ રંગના પોશાકમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી અને તેનો આ ટ્રેડિશનલ લૂક સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થયો હતો. સલમાન અને ઐશ્વર્યા સામસામે આવે ત્યારે લોકોનું ધ્યાન એટલે ખાસ ખેંચાય કારણ કે એક સમયે બંને વચ્ચે અફેર હતું અને ઈન્ડસ્ટ્રીમાં આ અફેર ખૂબ જ ગાજ્યું હતું.

ડિરેક્ટર સંજય લીલા ભણશાલીની ફિલ્મ 'હમ દિલ દે ચુકે સનમ'ના સેટ પરથી આ લવસ્ટોરીની શરૂઆત થઈ હતી. જોકે, બાદમાં આ રિલેશનશિપ વર્કઆઉટ નહીં થતાં ઐશ્વર્યાએ બ્રેકઅપ કરી લીધું હતું અને એ વખતે સંજય લીલા ભણશાલીની જ ફિલ્મ 'દેવદાસ'નું શૂટિંગ ચાલી રહ્યું હતું. આ ફિલ્મમાં ઐશ્વર્યા અને માધુરી દિક્ષિતે ચંદ્રમુખી અને પારોની ભૂમિકા ભજવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રેમસંબંધનો અંત આવ્યા બાદ સલમાને આજ સુધી લગન નથી કર્યા જ્યારે ઐશ્ચર્યા બચ્ચન અમિતાભ બચ્ચનના પુત્ર અભિષેક બચ્ચન સાથે લગ્ન કરીને લાઇફમાં સેટલ થઇ ગઇ છે. આટલા વર્ષો બાદ આજે પણ સોશિયલ મીડિયા પર સલમાન અને ઐશ્વર્યાના એક સાથે પાર્ટીમાં ટકરાઈ જવાના સમાચારે ફરી લોકોને ચર્ચા કરવાનો મોકો આપ્યો હતો.

સોશિયલ મીડિયા પર ઘણા નેટિઝન્સ આ ઘટના બંને જણે ભૂતકાળને ભૂલીને એક સાથે ફિલ્મમાં કામ કરે એવી ઈચ્છા પ્રગટ કરી હતી. એક યુઝરે આ પોસ્ટ પર કમેન્ટ કરતાં લખ્યું હતું કે જો અક્ષય કુમાર અને રવિના ટંડન વર્ષો પછી સાથે કામ કરી શકતાં હોય તો સલમાન અને ઐશ્વર્યા કેમ નહીં? જોઈએ હવે ચાહકોની આ ઈચ્છા ક્યારે પૂરી થાય છે? ■

# ફિલ્મી સ્ટારના સંતાનો ક્યાં ભણે છે?

શું તમે જાણો છો બોલીવુડ સ્ટારના દિકરા-દિકરીઓ કઈ મુંબઈની કઈ શાળામાં અભ્યાસ કરે છે? આજે અમે તમને જણાવીશું કે ઐશ્વર્યા રાય, શાહરુખ ખાન, લારા દત્તાથી લઈને કરિશ્મા કપૂર, કરિના કપૂર જેવા સ્ટારના બાળકો કઈ શાળામાં અભ્યાસ કરે છે અને તેની ફી કેટલી છે.

બોલીવુડ સેલિબ્રિટી હોય અથવા તો કોઈ સામાન્ય માણસ દરેક વ્યક્તિનું સપનું હોય છે કે તે પોતાના બાળકોને સારામાં સારુ શિક્ષણ અને વ્યવસ્થા આપે. પોતાના બાળકને સારુ શિક્ષણ મળી રહે તે માટે સામાન્ય માતા-પિતા તનતોડ મહેનત કરે છે અને પૈસા કમાઈ છે. ત્યારે તમને મનમાં સવાલ થતો હશે કે બોલીવુડ સ્ટારના દિકરા-દિકરી કેવી સ્કૂલમાં અભ્યાસ કરતા હશે.

તેની ફી કેટલી હશે. ત્યારે તમને જણાવી દઈએ કે ૨૦ વર્ષ પહેલા બોલીવુડ સ્ટાર તેમના બાળકોને લાઈમલાઈટથી દુર રાખવા માટે તેમને બોર્ડિંગ સ્કૂલમાં મોકલી દેતા હતા પણ હવેના સ્ટાર આવુ કરતા નથી. બોલીવુડના મોટાભાગના સ્ટારના દિકરા-દિકરી ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરે છે. જે બાંદ્રામાં આવેલી છે.

બોલીવુડ અભિનેત્રી ઐશ્વર્યા રાય અને અભિનેતા અભિષેક બચ્ચનની દિકરી આરાધ્યા બચ્ચન, શાહરુખ ખાનનો નાનો દિકરી અબરામ ખઆન, ઋત્વિક રોશન અને સુજાન ખાનના બંને દિકરા ઋહાન અને ઋદાન રોશન, આમિર ખાનનો દિકરો આઝાદ, શિલ્પા શેટ્ટીનો પુત્ર વિવાન, ફરાહ ખાનના ત્રણેય બાળકો, લારા દત્તાના બાળકો ધીરુભાઈ અંબાણી સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે.

ત્યારે શાહરુખ ખાનનો મોટો પુત્ર આર્યન ખાન અને દિકરી સુહાના ખાન, કરિશ્મા કપૂરનો દિકરો કિયાન અને દિકરી સમાયરા, સારા અલી ખાન, ખુશી કપૂર, અનન્યા પાંડે, નાસ્યા દેવગણ, ઈબ્રાહિમ અલી ખાન, જેવા ઘણા સ્ટાર કિડ્સ અંબાણી સ્કૂલમાંથી પોતાનો અભ્યાસ પૂરો કરી ચૂક્યા છે.

ધીરુભાઈ અંબાણી સ્કૂલ દુનિયાની ટોપ ૧૦ સ્કૂલમાંથી એક છે. આ સ્કૂલમાં દર ૧૦ વિદ્યાર્થી માટે ૧ શિક્ષક હોય છે, જે ધ્યાન રાખે છે કે તેમના અભ્યાસમાં કોઈ કમી ના રહે. આ સ્કૂલને એક આઈબી સ્કૂલ કહેવામાં આવે છે. મતલબ કે ઈન્ટરનેશનલ બેકલોરિએટ સેકેન્ડરી બાદ આ સ્કૂલમાં વિદ્યાર્થીને તે રીતે અભ્યાસ કરાવવામાં આવે છે કે ભવિષ્યમાં તેને બહારના દેશમાં પણ પોતાનો અભ્યાસ સરળતાથી કરી શકે.

આ સ્કૂલમાં પ્રાઈમરી અને સેકેન્ડરીની ફી ૧થી ૧.૫ લાખ રુપિયા છે, ત્યારે હાયર સેકેન્ડરી એટલે કે ૮થી ૧૦ ધોરણ માટે આશરે ૪થી ૫ લાખ ફી લેવામાં આવે છે. એટલે કે તમે તમારા બાળકને આ સ્કુલમાં અભ્યાસ કરાવવા ઈચ્છો છો તો તમારી પાસે ઓછામાં ઓછા ૫૦ લાખ રુપિયા હોવા જરુરી છે. ■






હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાલક્ષી ફિલ્મોને છેલ્લાં પાંચ વર્ષમાં બોક્સ ઑફિસ પર ભાગ્યે જ સફળતા મળી છે એ પરિસ્થિતિમાં એક જ છત્રછાયા હેઠળ નવ મહિલા ડિરેક્શન પર હાથ અજમાવી રહી છે

ફોકસ

હેમા શાસ્ત્રી

# ફિલ્મ મેકિંગમાં મહિલા મંડળ

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે આ વર્ષ અત્યંત લાભદાયી સાબિત થયું છે. બોક્સ ઑફિસ પર સફળ થયેલી પ્રથમ ૧૦ ફિલ્મની યાદીમાં શાહરૂખ ખાનની 'પઠાન' અને 'જવાન' તેમજ સની દેઓલની 'ગદર-૨' અધધ સફળતાને વરી છે એ વાત સાચી, પણ અન્ય ફિલ્મો સુધ્ધાં ૧૦૦ કરોડથી વધુ વકરો કરવામાં સફળ રહી છે એ પણ એટલી જ સાચી વાત છે. આ યાદીની ખાસ નોંધ લેવા જેવી વાત એ છે કે બે ફિલ્મ એવી છે જેમાં સીધી યા આડકતરી રીતે મહિલાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એક છે વિપુલ અમૃતલાલ શાહ નિર્મિત 'ધ કેરળ સ્ટોરી' અને બીજી છે એકતા કપૂર નિર્મિત 'ડ્રિમ ગર્લ ૨'. મહિલાઓના ધર્મ પરિવર્તનના મુદ્દાને કેન્દ્રમાં રાખી બનેલી ફિલ્મ 'ધ કેરળ સ્ટોરી'ની ફરતે ઊભા થયેલા વિવાદને સ્પર્શ્યા વિના એક વાત સ્વીકારવી જ રહી કે આ ફિલ્મ ફાંકડી સફળતા મેળવી શકી હતી અને રોકાણ સામે વળતરને ધ્યાનમાં લેતા તો નિર્માતાને બખ્ખા થયા હતા. આયુષ્માન ખુરાના-અનન્યા પાંડેની ડ્રિમ ગર્લ' રૂઢ અર્થમાં મહિલાલક્ષી ફિલ્મ નથી, પણ પુરુષ પોતાનું સપનું સાકાર કરવા સ્ત્રી બને છે એટલે આડકતરી રીતે એને મહિલાલક્ષી ફિલ્મ કહી શકાય ખરી. આ સિવાય 'સર મેડમ સરપંચ', 'થેન્ક યુ ફોર કમિંગ' તેમજ 'સજીની શિંદે કા વાયરલ વિડીયો'માં પણ ફોકસ મહિલા પર જ છે. પહેલી ડિસેમ્બરે મેઘના ગુલઝારની 'સેમ બહાદુર' વિશે પણ ખાસ્સી ઉત્સુકતા છે. અલબત્ત દર્શકોને કઈ ફિલ્મ માથા પર મૂકી નાચશે અને કઈ ફિલ્મને ઊંડી ખાઈમાં ફગાવી દેશે એ સમજવું અશક્ય છે. આ પરિસ્થિતિમાં અર્થપૂર્ણ ફિલ્મો સાથે સંકળાયેલી રહેતી ભૂમિ પેડણેકરે કહેલી વાતની નોંધ લેવી જોઈએ.




અભિનેત્રીનું કહેવું છે કે બોક્સ ઑફિસ પર સારી સફળતા મેળવનાર છેલ્લા મહિલાલક્ષી ફિલ્મ કરીના કપૂર અને સોનમ કપૂરની 'વીરે દી વેડિંગ' (૨૦૧૮) હતી. ભૂમિના આ વિધાન પરથી એવું માની શકાય કે તે 'કેરળ સ્ટોરી'ને મહિલાલક્ષી ફિલ્મ નથી માનતી. ભૂમિ પોતાની વાતનો વિસ્તાર કરતા જણાવે છે કે કોવિડ - ૧૯ની મહામારીને પગલે લૉકડાઉન આવ્યા પછી મહિલા પ્રધાન ફિલ્મોના બજેટમાં ઘણી કાપકૂપ આવી ગઈ. આ વાત ભૂમિએ તેની 'થેન્ક યુ ફોર કમિંગ' રિલીઝ થઈ ત્યારે કરી હતી. વાત એમ છે કે 'વીરે દી વેડિંગ'ની નિર્માત્રી રિયા કપૂર હતી અને 'થેન્ક યુ ફોર કમિંગ'ની નિર્માત્રી પણ રિયા કપૂર જ છે. 'વીરે દી વેડિંગ'ને સફળતા (વિશ્વભરનો વકરો ૧૩૦ કરોડ રૂપિયા) મળ્યા પછી મહિલાને કેન્દ્રમાં રાખી વધુ ફિલ્મો બનશે એમ માનવામાં આવતું હતું, પણ લૉકડાઉનને કારણે બધું ખોરવાઈ ગયું. જોકે, ગયા વર્ષે રિલીઝ થયેલી સંજય લીલા ભણસાલીની 'ગંગુબાઈ કાઠિયાવાડી' રૂઢ અર્થમાં મહિલાલક્ષી ફિલ્મ નહીં ગણાતી હોય પણ એમાં કેન્દ્ર સ્થાને મહિલા અને એની સમસ્યા જ છે. આ ફિલ્મ ૨૦૦ કરોડથી વધુ વકરો કરવામાં સફળ રહી હતી. અલબત્ત અંતે તો ફિલ્મની કથા દર્શકોને સ્પર્શે એ મહત્ત્વનું છે.

આ વાતાવરણમાં એક અચરજ પમાડે એવી જાણકારી મળી છે. શાહરૂખ-સલમાન હજી બોક્સ ઑફિસ છલકાવી દેવાનું સામર્થ્ય ધરાવતા હોય ત્યારે પુરુષના આધિપત્યવાળી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક પ્રોડક્શન હાઉસ દ્વારા નવ મહિલા ડિરેક્ટરની નવ ફિલ્મની જાહેરાત આંખોને વિસ્ફારિત કરવા પૂરતી છે.

પ્રોડક્શન હાઉસની સ્થાપક કેતકી પંડિત કહે છે કે 'સિનેમા જગતમાં નવો વિચાર, અલગ પ્રકારની કથા અને અગાઉ રજૂ ન કરવામાં આવ્યા હોય એવા મુદ્દાને પ્રાધાન્ય આપવામાં આવશે.' આ નવ ફિલ્મમાંથી આઠ ફિલ્મ પહેલીવાર ડિરેક્શન કરનારી મહિલાની હશે. આશ્ચર્યનો માહોલ ઊભી કરનારી એ નવ ફિલ્મ છે કૃતિ કપૂરની 'સોરી નોટ સોરી, નિહારિકા સાહનીની 'લવ ખટોલા' (દિલીપકુમાર નિમ્મીની 'ઉડન ખટોલા' યાદ આવી ગઈ), શ્રુતિ અનંદિતા વર્માની 'વૃંદાવન', વિદુષી સૂદની 'ઘોસ્ટિંગ', સોનમ સિંહની 'બ્લેમ ઈટ ઓન ધ રેઇન્સ', સાઈ દેવધરની 'બીના શક્કર કી ચાય', સુચિત્રા કૃષ્ણમૂર્તિની 'અપ્પા'. શ્રાવણી દેવધરની 'ફાલુદા' અને કેતકી પંડિતની 'ઓ વુમનિયા'નો સમાવેશ થાય છે. આ ફિલ્મો કેવી છે અને દર્શકો તરફથી એને કેવો આવકાર મળે છે એ તો આવનારો સમય જ કહેશે, પણ એસ્થે નવ મહિલા દિગ્દર્શિકા ફિલ્મ મેકિંગમાં ઝંપલાવે એ ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે અનન્ય ઘટના જરૂર કહેવાય.

હિન્દી ફિલ્મો જોવાના શોખીન દર્શકો પુરુષ-મહિલા એવો ભેદભાવ નથી કરતા. પસંદ ન પડે તો શાહરૂખની 'ઝીરો' (૨૦૧૮)ને શૂન્યમાં ખપાવી દે છે અને હૃદયને સ્પર્શી જાય તો ગ્લેમર વિનાના કલાકાર અને અજાણ્યા દિગ્દર્શકની 'બધાઈ હો' (૨૦૧૮)ને એવી વધાવી લે છે કે ન પૂછો વાત. અલબત્ત પ્રેક્ષકો કોને વધાવશે અને કોને ફગાવશે એનો જવાબ તો પ્રેક્ષક જ જાણે. ■




ફોકસ

એન. શાહ

# શાહરૂખ ખાનની ડંકી ફિલ્મ શેના પર છે ?

૨૦૨૩નું વર્ષ શાહરૂખ ખાનના નામે લખી આપવું રહ્યું, કારણકે તેની ફિલ્મો (પઠાન અને જવાન) એ બોક્સ ઓફિસ પર હડકંપ મચાવી દીધો છે. કલેકશનની દૃષ્ટિએ ના સહી, આવી જ ધમાલ ભૂતકાળમાં રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચનના નામે બોલી ચૂક્યાનો ઈતિહાસ છે. ૧૭૩ ફિલ્મોમાં અભિનય કરનારા રાજેશ ખન્નાએ ૧૯૭૦માં (ધ ટ્રેન, સચ્ચા જુઠ્ઠા, સફર, કટી પતંગ, ખામોશી) અને ૧૯૭૧માં (આનંદ, અંદાઝ, હાથી મેરે સાથી, દુશ્મન) જેવી લાગઠ હિટ ફિલ્મો આપેલી તો અમિતાભ બચ્ચને ૧૯૭૫ માં (દિવાર, ઝમીર, ચુપકે-ચુપકે, મીલી, શોલે, ફરાર) અને ૧૯૭૬માં (કભી કભી, હેરાફેરી, દો અન્જાને, અદાલત) જેવી સુપર હિટ ફિલ્મોની લંગાર લગાવી દીધી હતી. સતત મળતી રહેલી સફળતાના લિસ્ટમાં સલમાન ખાન, આમિર ખાન અને અક્ષયકુમારને પણ મૂકી શકાય, પરંતુ તેમણે વરસે એકાદ (વધીને બે) હિટ ફિલ્મો આપી છે. ૨૦૨૩માં શાહરૂખ ખાન આ બધાથી ચડિયાતો અને વિશિષ્ટ એ રીતે પુરવાર થયો કે એક જ વરસમાં તેની બે ફિલ્મોએ બે હજાર કરોડ રૂપિયાની ટંકશાળ પાડી હતી અને (એપ્રિલથી માર્ચનું વરસ ગણએ તો) તેની ત્રીજી ફિલ્મ 'ડંકી' પણ બોક્સ ઓફિસ અને લોકોના હૃદયમાં ઝંડા ગાળશે, એ નક્કી છે. તેનું સૌથી મોટું કારણ ડંકીના ડિરેક્ટર રાજકુમાર હિરાણી છે.

ડિરેક્ટર તરીકે રાજકુમાર હિરાણીએ વીસ વરસમાં (૨૦૦૩થી ૨૦૨૨ સુધીમાં) માત્ર પાંચ જ ફિલ્મ (મુન્નાભાઈ એમબીબીએસ, લગે રહો મુન્નાભાઈ, થ્રી ઈડિયટસ, પીકે અને સંજુ) આપી છે પણ તેમનો ગ્રાફ સતત ઊંચો થતો ગયો છે એટલે આપણે સુપરડુપર સ્ટાર સાબિત થયેલા શાહરૂખ ખાન અને દિગ્દર્શક રાજકુમાર હિરાણીની ૨૨મી ડિસેમ્બર, ૨૦૨૩ના રિલીઝ થનારી ડંકી ફિલ્મની વાત કરવી છે. પઠાન અને જવાન બાદ હવે બાદશાહખાનની ડંકી સ્ક્રીન પર ત્રાટકવાની છે પણ બધાને ડંકીના વિષય બાબતે ભારે કુતૂહલ છે, કારણકે આપણે ત્યાં ડંકીનો અર્થ અલગ થાય છે.

ભૂતળમાંથી પાણીને હાથથી ખેંચવાના સાધનને આપણે ગુજરાતીઓ ડંકી કહીએ છીએ. કેટલાક ડંકીનો અર્થ ડોન્કી (ગધેડો) કરે છે પણ ખરેખર શાહરૂખ ખાનની આ ફિલ્મ ગેરકાયદે તરીકાથી બીજા દેશમાં ઘૂસવા માગતા યુવકની કથા છે.

જરૂરી પેપર અને આવશ્યક લાયકાત ન હોય તેવી વ્યક્તિ અલગ-અલગ તરીકાથી અમેરિકા-કેનેડા જેવા દેશમાં પ્રવેશવા માટેના માર્ગ અપનાવતા હોય છે અને આવા દેશમાં ભારતનો નંબર પાંચમા સ્થાન પર છે.

આ રીતે ગેરકાયદે બીજા દેશમાં પ્રવેશવાની પ્રેક્ટિશને અંગ્રેજીમાં ડોન્કી ફ્લાઈટ કહેવામાં આવે છે. ભારતમાં આ ડોન્કી ફ્લાઈટનો ઉચ્ચાર અપભ્રંશ થઈને (ખાસ કરીને પંજાબમાં) ડંકી ફ્લાઈટ બોલાય છે.


અન્ય દેશમાં રોડ યા પાણીના રસ્તે યા વિમાન માર્ગે ઘૂસવાની ડંકી ફ્લાઈટ પકડનારા પંજાબ, બિહાર, યુ.પી.માં સૌથી વધુ હોવાનું કહેવાય છે. અનેક બાંગ્લાદેશીઓ દરિયા માર્ગે તો પાકિસ્તાનીઓ રણ રસ્તે ભારતમાં પ્રવેશે છે, એ ડંકી પ્રેક્ટિશ જ છે. પોતાના દેશમાં પ્રવેશ બાબતે કડક (બ્રિટન જેવા) દેશોમાં ગેરકાયદે જવા માટે નજીકના અન્ય દેશોમાં વિમાન માર્ગે જઈને પછી જે તે દેશની સરહદ પાર કરવાને પણ ડંકી ફ્લાઈટ કહે છે. એ રીતે જોઈએ તો અભિજાત જોષી-રાજકુમાર હિરાણી લિખિત શાહરૂખ ખાન સ્ટારર ડંકીની સ્ટોરી પણ આ જ વાત કરે છે અને એ ડંકી ફિલ્મના પોસ્ટરમાં પણ હાઈલાઈટ થાય છે. એક વાત એવી પણ છે કે આ ફિલ્મમાં વાત અલગ રીતે કહેવામાં આવી છે.

સામાન્ય રીતે પોતાના દેશમાંથી અન્ય દેશમાં ડંકી ફ્લાઈટ થકી ગેરકાયદે ઘૂસવામાં આવે છે પણ ડંકીફિલ્મમાં શાહરૂખ ખાન અન્ય દેશમાંથી ભારત દેશમાં પ્રવેશે છે. ડંકી ફિલ્મની કહાણી શી છે, એ તો ફિલ્મ રિલીઝ થશે ત્યારે જ ખબર પડશે. ■




અરવિંદ વેકરિયા

# આજે તો સંબંધો પણ પહાડોની જેમ ખામોશ છે જ્યાં સુધી તમે અવાજ ન આપો તો સામેથી કોઈ અવાજ ન મળે



સવારથી સાંજ સુધીમાં મેં અને રાજેન્દ્ર શુકલે નવા નાટકને 'સત્ય ઘટના'ને નામે રજૂ કરવાની પૂરી તૈયારી કરી લીધી હતી, ત્યાં અચાનક રાત્રે લેન્ડ લાઈન ઉપર 'છાનું છમકલું', જે મેં કરી લીધેલું નાટક હતું. આમ તો નિર્માતા મારવાડી અભય ગોલેચ્છા હતા, પરંતુ તેઓ કાપડ માર્કેટનાં કામમાં અટવાતા તુષાર શાહે આગળ ચલાવવાનું બીડું ઝડપેલું પણ નાટક વધુ ચાલી ન શક્યું. એ પછી તો 'રેન-બસેરા' નામનો હાઈ-વે ટચ બંગલો, પારડી ખાતે બનાવી ત્યાં ચાલ્યા ગયા હતા. એ તુષાર શાહનો અચાનક રાતે ફોન આવ્યો અને કહ્યું કે બે દિવસ પછી એ મુંબઈ આવે છે. નાટક કરવું છે. હમણાં તમે કોઈ બીજો પ્રોજેક્ટ હાથમાં નહિ લઇ લેતા. મેં વાત વધુ લંબાવવાને બદલે એટલું જ કહ્યું, 'સરસ! તમે મુંબઈ આવો પછી વાત કરીએ.' અને ફોન મૂકી દીધો.

હું ચિંતામાં પડ્યો, પણ આ ચિંતાનો કોઈ ઈલાજ જ નથી હોતો. ચિંતા એટલે તો, તમે જ વિચારેલી, તમારા થકી જ ગેરમાર્ગે ચડેલી કલ્પના. પડખા ફેરવતા 'રાજેન્દ્ર સાથે વાત કરવી પડશે' વિચારી સુવાનો પ્રયત્ન કરવા લાગ્યો. રાજેન્દ્ર સાથેનો નાતો ઠેઠ સુધી રહ્યો. બાકી મારી પાસે ક્યાં એટલી આવડત છે કે નસીબનું લખેલું જોઈ શકું... બસ! મારા મિત્રોને જોઈ માની લઉં છું કે હું નસીબદાર છું. અને આ એક વિચારે જાણે 'ઊંઘની ગોળી'નું કામ કર્યું. હું નીંદરમા સરકી ગયો.

સવારે પહેલું કામ મેં રાજેન્દ્ર શુકલને ફોન કરી સાંજે મળવાનું કર્યું. તુષાર શાહ સાથે લાગણીના તંતુ જોડાઈ ગયા હતા. એમને શું જવાબ આપવો એની અવઢવ મારા મનમાં ચાલ્યા કરતી હતી. એ બધી વાતો કરવામાં રાજેન્દ્ર 'જોરદાર'... જે કહેવું હોય તે ફટ દઈને કહી દેનારો માણસ. મેં તો એને ગુમાવી દીધો પણ એ શીખવતો ગયો કે વેંચી નાંખે એવા ઘણાય છે આ જગતમાં, પણ કોઈ માટે ખર્ચાઈ જાય એની કિંમત કરજે...

એ સાંજે, મારા ફોન પછી રાજેન્દ્રને પણ જાણવાની તાલાવેલી હશે જ. સવારે માત્ર મળવાનું જરૂરી છે એમ કહી સમય જ નક્કી કરેલો.

નક્કી કરેલા સમયે, રાજેન્દ્ર સાંજે ઓફિસથી નીકળી સીધો નિયત સ્થળે આવી ગયો. એ થોડો 'ટેન્સન'માં લાગ્યો. મને કહે, 'એવું તે શું થયું કે મને અરજન્ટ મળવા બોલાવ્યો?' આજ તો છે દોસ્તીનો સંબંધ... બાકી આજે તો સંબંધો પણ પહાડોની જેમ ખામોશ છે, જ્યાં સુધી અહીંથી તમે અવાજ ન આપો તો સામેથી અવાજ ન મળે. રાજેન્દ્ર મારે માટે એ બાબત અપવાદ હતો.

એને મારી ચિંતા હતી. વાત નાટકની હશે એવો કોઈ વિચાર એના મનમાં હતો જ નહિ. આવતા વેંત એનો બીજો સવાલઃ 'શું થયું દાદુ! ઘરે બધું બરાબર છે ને?' એની મારા પ્રત્યેની લાગણી માટે મને માન થયું. હસવું પણ આવ્યું.

મને હસતો જોઈ કહે, 'શું હસે છે? આઈ એમ સીરીયસ!'

'કઈ નથી થયું, જો સાંભળ' કહી મેં તુષારભાઈનાં રાત્રે આવેલા ફોન અને એમની નાટક કરવાની ઇચ્છાની વાત વિગતે સમજાવી.



એ ખુશ થઇ ગયો. સરસ! મારે તો હજી નાટક જે આપણે નક્કી કર્યું છે એ લખવાનું છે, પાછું કોણ કરશે એ નક્કી નથી તો તુષારભાઈને જ આ વાર્તા કહી એમના માટે શરૂ કરીએ.

મેં એને કહ્યું, ''બે દિવસ પછી એ મુંબઈ આવે છે તો એ પહેલા એમને શું અને કઈ રીતે કહેવું એ આપણે પાકું કરી લેવું પડશે...

''અરે, થઇ જશે બધું... તું એ બધું મારા પર છોડી દે'' એણે કહ્યું.

''મેં કહ્યું દોસ્ત, વાત ડબ્બલ ન થઇ જાય... એટલે કે તું 'એક' કહે અને હું 'બીજી' માંડી બેસું તો...''

''રેસ ગાડીની હોય કે જીંદગીની દોસ્ત, જીતે છે એ જ જે યોગ્ય સમયે ગીયર બદલાતા હોય છે. આપણે કોઈ બીજા નિર્માતા સાથે નાટક શરૂ કરીએ એ પહેલા ગીયર બદલી તુષારભાઈને નિર્માતા બનાવી દેવાના.''

મેં કહ્યું, ''કાલે પાછા મળીએ?'' અને અમે છુટ્ટા પડ્યા.

આમ તો કોઈ પણ નવો નિર્માતા મને દિગ્દર્શનનું સુકાન સોંપવા તૈયાર હતો, પણ તુષારભાઈનો સ્વભાવ અને વ્યવહાર એટલા અનુકુળ હતા કે થયું કે નાટક તો તુષારભાઈ સાથે જ કરાય. એક ભાવનામય સંબંધ બંધાઇ ગયેલા. ભાવના એ છે જે દૂર રહેવા છતાં સમીપ છીએ એવો અનુભવ કરાવે છે, બાકી અંતર તો બે આંખો વચ્ચે પણ છે. નક્કી કર્યું કે જો આ નવી વાર્તાનો વિષય તુષારભાઈને ગમી ગયો તો નાટક તો એમની સાથે જ કરીશું.

બીજે દિવસે હું અને રાજેન્દ્ર મળ્યા. ફરી એ જ વાત! આમ પણ બીજી વાત માટે 'જગ્યા' જ ક્યા હતી?

''હું તુષારભાઈને નવા નાટકની કથાવસ્તુ સંભળાવીશ, તું સાથે જ રહેજે.'' રાજેન્દ્રએ કહ્યું.

મેં કહ્યું, ''સાથે જ રહીશ ને, દોસ્ત! પ્રોજેક્ટમાં આપણે તો બંને છીએ, પણ મૂળ વાત કે વિષય એમને ગમવો જોઈએ.''

''ગમશે જ! નહીં તો બીજા એક-બે બીજા વિષયો મારા મગજમાં છે, પણ એ બાબત મેં સિરિયસલી હજી વિચાર્યું નથી. આપણે તો 'દુકાન' લઈને જ બેઠા છીએ એમ સમજ... એક ન ગમે તો બીજું, પણ કરીશું તો તુષારભાઈ માટે જ!'' રાજેન્દ્રએ પોતાના વિચારો કહ્યા.

''કાલે કેટલા વાગે આવશે એ હજી ખબર નથી.'' મેં કહ્યું.

''કઈ રીતે આવે છે?'' રાજેન્દ્રએ સવાલ કર્યો.

મેં કહ્યું, ''એમણે કાર લીધી છે, લાગે છે બાય કાર જ આવશે.''

''વાહ!'' રાજેન્દ્રએ કહ્યું. ''આપણા પર તુષારભાઈને પૂરો વિશ્વાસ છે તો આપણે એમને માટે જ નાટક કરીશું. પછી આ વાર્તા હોય કે એમને ગમે એવી કોઈ બીજી વાર્તા. દાદુ! દુનિયામાં સૌથી સહેલું કામ છે વિશ્વાસ ખોવો! અઘરું કામ છે વિશ્વાસ મેળવવો અને એનાથી પણ અઘરું કામ છે વિશ્વાસ ટકાવી રાખવો. આપણે આજ વાત સમજી તુષારભાઈ સાથેના સંબંધ જાળવી રાખવા છે.''

અમે છુટા પડતા હતા ત્યારે મેં રાજેન્દ્રને કહ્યું કે ''એમનો ફોન રાત્રે આવશે જ. હું કાલે સાંજનો સમય નક્કી કરીશ અને તને જણાવીશ, ફાવશે ને?''

''અરે યાર, ફાવશે જ... ફોન અગિયાર વાગ્યા પછી કરજે.'' રાજેન્દ્રએ જવાબ આપ્યો.

હું ઘરે પહોંચ્યો. નવા નાટકનો વિષય મને જયારે રાજેન્દ્રએ પહેલીવાર કહ્યો ત્યારે ખુબ ગમી ગયો હતો. બસ! હવે તુષારભાઈને ગમી જાય તો ભયો... ભયો...

જે વિચારેલું એ જ થયું. રાત્રે તુષારભાઈનો ફોન આવ્યો...

તુષારઃ કાલે કારમાં નીકળું છું. બપોરે બારેક વાગે માટુંગા પહોંચી જઈશ.

હુંઃ તો હું તમને કેટલા વાગે ફોન કરું? સાંજે રાજેન્દ્ર સાથે મળીએ. નવો વિષય રાજેન્દ્રએ બહુ જ સરસ શોધ્યો છે.

તુષારઃ નવું કોઈ નાટક નથી કરવું. મારે 'છાનું છમકલું' ફરી રીવાઈવ કરવું છે.

હું દ્વિધામા પડી ગયો. ''કાલે ફોન ૧૨ પછી કરું છું'' કહી મેં ફોન કટ કર્યો. ■

****

*વાતને મનમાં જ રહેવા દો, તમે બોલીને શું કરશો?*
*પાષાણ તો પાષાણ છે, ફૂલ વાવીને શું કરશો?*

**ડબ્બલ રિચાર્જ**

*ઘણા લોકોના નસીબ એવા હોય છે કે જો બે ચમચા ઊંધિયું લે તો અંદરથી એક મૂઠિયું પણ ન નીકળે પછી એક ચમચો દાળ લે તો એમાંથી ત્રણ કોકમ નીકળે.*

હેન્રી શાસ્ત્રી


ફ્લેશ બેક

# સુન સુન સુન, અરે બેટા સુન, ઈસ ચંપી મેં બડે બડે ગુન!

## બસ કન્ડક્ટરમાંથી કમાલના કોમેડિયન બનેલા જોની વોકરની જન્મ શતાબ્દીનું વર્ષ આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે ત્યારે એમની કેટલીક ઓછી જાણીતી વાતો એમના જ શબ્દોમાં જાણીએ

‘કાગઝ કે ફૂલ’ સુપરફ્લોપ થવાથી ગુરુ દત્તને આર્થિક નુકસાન તો થયું જ હતું, પણ માનસિક રીતે સુધ્ધાં ખાસ્સા ભાંગી પડ્યા હતા. કોન્ફિડન્સ જાણે કે વરાળ થઈ ગયો હતો. ‘ટીમ ગુરુ દત્ત’ તરીકે ઓળખાતા નિકટવર્તી તેમને મળવા ગયા. તેમાંથી સૌથી પહેલા જોની વોકર બોલ્યા કે ‘બહુ રોદણાં રડી લીધાં. હવે બસ કર. હમ સબ બનાતે હૈં ના ફિલ્મ સાથ મેં, મિલકર.’ અહીં વાત માત્ર ફિલ્મમેકિંગની નહોતી. ગુરુ દત્તની પડખે ઊભા રહેવાની વાત હતી. એ ગુરુ દત્ત જે ‘ટીમ ગુરુ દત્ત’ના સભ્યોના કપરા કાળમાં પડખે ઊભા રહી તેમનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવામાં નિમિત્ત બન્યા હતા. જીવનમાં વાવાઝોડું ત્રાટક્યું હતું, પણ જોની વોકર અને મિત્રોએ આપેલો સધિયારો ટોનિક સાબિત થયો. ગુરુ દત્ત પડકાર ઝીલી લેવા તૈયાર થયા અને ‘ચૌદહવી કા ચાંદ’ બની. ફિલ્મને જબરદસ્ત સફળતા મળી અને ‘કાગઝ કે ફૂલ’ નામના દુ:સ્વપ્નની કબર ખોદાઈ ગઈ. આ વાત માત્ર ગુરુ દત્તના કમબેકની નથી, પણ તેમની અતૂટ દોસ્તીની છે અને એ દોસ્તીની માળાનો એક મહત્ત્વનો મણકો એટલે જોની વોકર. જેમના એક વાક્યએ ગુરુ દત્તમાં નવા ઉત્સાહનો સંચાર કર્યો, એક નંખાઈ ગયેલી મન:સ્થિતિમાં નવો પ્રાણ પૂર્યો. દેવ આનંદ-ગુરુ દત્તની બેમિસાલ મૈત્રી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની એક મિસાલ ગણાય છે, પણ જોની વોકર-ગુરુ દત્તની દોસ્તીનું શિખર સુધ્ધાં એવરેસ્ટથી કમ નથી. આવતીકાલથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બેમિસાલ કોમેડિયન જોની વોકર (મૂળ નામ બદરુદ્દીન કાઝી)ની જન્મ શતાબ્દી (જન્મ: ૧૧ નવેમ્બર, ૧૯૨૪)નો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે જોની વોકર સાહેબની કેટલીક વાતો તેમણે જ લખેલા એક લેખ દ્વારા જાણીએ. પ્રસ્તુત લેખ દિલ્હીથી પ્રકાશિત થતા ‘ગુલફામ’ નામના ફિલ્મ સામયિકમાં ૧૯૮૩માં પ્રગટ થયો હતો જેનો અંગ્રેજીમાં અનુવાદ કેટલીક ફિલ્મોમાં સિનેમેટોગ્રાફી કરનાર અને હિન્દી ફિલ્મ ઇતિહાસના અભ્યાસુ શ્રી યાસિર અબ્બાસીએ કર્યો છે. આ હપ્તામાં ગુરુ દત્ત સાથેની દોસ્તીની વાત જોની વોકરજીના શબ્દોમાં જ જાણીએ.

* *



(ડાબેથી) કોમેડિયનની લાક્ષણિક મુદ્રા અને ગુરુ દત્ત અને રેહમાન સાથે ‘ચૌદહવી કા ચાંદ’માં

હું બસ કંડકટરની નોકરી કરતો હતો એ સમયે જાતજાતના ને ભાતભાતના લોકોના સંપર્કમાં આવવાનું બનતું. પ્રવાસ દરમિયાન મારી રમૂજથી તેમને આનંદ કરાવતો. મારી શૈલી જોઈ કેટલાક લોકોએ ફિલ્મમાં નસીબ અજમાવવા મને સલાહ આપી હતી. એમની વાત સાંભળીને મને હસવું આવતું, કારણ કે એ દિવસોમાં રૂપાળો ચહેરો ધરાવતા હેન્ડસમ લોકોને જ ફિલ્મમાં ચાન્સ મળતો. મારા ઘરમાં એક અરીસો હતો જે મારા ચહેરાનું સતત ભાન કરાવતો રહેતો. જોકે, કેટલાક લોકોના હૃદયપૂર્વકના આગ્રહને માન આપી મેં સ્ટુડિયોના ચક્કર લગાવવાનું શરૂ કરી દીધું. કામ મળવા લાગ્યું પણ પૈસા તો પરચૂરણ બરાબર મળી રહ્યા હતા. અચાનક કે. આસિફની ‘હલચલ’ મારા જીવનમાં વળાંક લાવનારી સાબિત થઈ. ફિલ્મમાં બલરાજ સાહની પણ હતા. એક દિવસ અમે શૂટિંગ કરી રહ્યા હતા એ સ્ટુડિયોમાં તેમને ગુરુ દત્તની ઓફિસમાં જગદીશ સેઠીને મળવાનું હતું ત્યારે મને સાથે આવવા કહ્યું. અમે પહોંચ્યા ત્યારે બલરાજજીએ મને દારૂડિયાનો અભિનય કરી ગુરુ દત્તની ઓફિસમાં દાખલ થવા કહ્યું. એમની આજ્ઞાનું મેં પાલન કર્યું અને ‘નશાની હાલતમાં ગુરુ દત્ત સાથે ઝઘડો કર્યો.’ આ બધું જોઈ પહેલા તો ડઘાઈ ગયેલા અને પછી રોષે ભરાયેલા ગુરુ દત્તે સહાયકને બોલાવી મને ઓફિસમાંથી ધક્કો મારી બહાર કાઢવા જણાવ્યું, પણ બરાબર એ જ સમયે બલરાજ સાહનીએ એન્ટ્રી મારી અને હકીકત જણાવી ગુરુ દત્ત સાથે મારી ઓળખાણ કરાવી. હકીકત જાણી ગુરુ દત્ત તો એટલા ખુશ થઈ ગયા કે મને પરફોર્મન્સ રિપીટ કરવા કહ્યું. એ જોઈ ભાવવિભોર થયેલા ગુરુ દત્તે તેમની નવી ફિલ્મ ‘બાઝી’ માટે મને સાઈન કરી લીધો. ગુરુ દત્તની ફિલ્મ પહેલા મેં કેટલીક ફિલ્મો કરી હતી, પણ મારી ઓળખાણ બની ‘બાઝી’થી.

પહેલી જ મુલાકાતમાં ગુરુ દત્તે જે લાગણી બતાવી એમાં પ્રત્યેક મુલાકાત સાથે સરવાળો થતો ગયો. બહુ જલદી મને તેમના નિકટના મિત્રોની મેહફિલમાં સ્થાન મળી ગયું. એ પહેલી મુલાકાત પછી ગુરુ દત્તે તેમની દરેક ફિલ્મમાં મને રોલ આપ્યો. (અપવાદ હતી સાહિબ બીબી ઔર ગુલામ જેમાં જોની વોકર નહોતા). તેમણે તેમના મિત્ર લેખક અબ્રાર અલવીને ખાસ મને ધ્યાનમાં રાખી રોલ લખવા કહ્યું હતું. તેમણે મારામાં મૂકેલો વિશ્વાસ મને એ હદે સ્પર્શી ગયો હતો કે પૈસાની કોઈ વાત તેમની સાથે ન કરતો. જે આપતા એ લઈ લેતો. જોકે, એક દિવસ તેમને ખબર પડી કે બીજી ફિલ્મોમાં મળતા કરતા ઓછા પૈસા લઈ હું તેમની ફિલ્મોમાં કામ કરતો હતો. તરત જ એક નવી નક્કોર કાર ખરીદી મને ભેટ આપી. અમારી દોસ્તી છેલ્લે સુધી મજબૂત રહી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મારું સ્થાન મજબૂત બનાવવામાં અને મારી કારકિર્દી આગળ વધારવામાં તેમના અમૂલ્ય ફાળાને હું ક્યારેય નહીં ભૂલું. ગુરુ દત્ત ગુજરી ગયા ત્યારે હું મદ્રાસ જઈ રહ્યો હતો. હું હોટેલમાં દાખલ થયો ત્યાં જ ફોન પર તેમના દુ:ખદ અવસાનના સમાચાર મળ્યા. એક મિનિટ રાહ જોયા વિના બેગ લઈ હું પ્રોડ્યુસરને કીધા વિના ફ્લાઇટ પકડી મુંબઈ પહોંચ્યો. તેમના અવસાનના સમાચાર સાંભળવા જ જાણે હું મદ્રાસ ગયો એવું મને લાગ્યું. મદ્રાસ પહોંચ્યા પછી માઠા સમાચાર મળવાની એ મારા માટે ત્રીજી ઘટના હતી. મદ્રાસમાં જ મને પિતાશ્રીના ઈન્તેકાલના ખબર મળ્યા હતા અને મદ્રાસમાં જ મારી સાથે રહેતા કઝીનના મૃત્યુની બાતમી મળી હતી. ગુરુ દત્તના અવસાન પછી મેં મદ્રાસ ક્યારેય નહીં જવાનું નક્કી કર્યું અને ક્યારેય ન ગયો. એક વાર દેવ આનંદ ‘અમરદીપ’ ફિલ્મનું કેટલુંક શૂટિંગ મદ્રાસમાં કરવા માગતો હતો, પણ મેં સાફ ના પાડી દીધી. અંતે એ સીનનું શૂટિંગ મુંબઈમાં કરવામાં આવ્યું હતું. (વધુ આવતા સપ્તાહે) ■

ફિલ્મનામા

નરેશ શાહ

# ‘શોલે’ને ઓપનિંગ કલેકશનમાં આંબી ગયેલી ફિલ્મ




ચાર દશકા જૂની વાતથી શરૂઆત છે. ૧૯૮૧માં એક બી ગ્રેડની ફિલ્મ ભારતમાં રિલીઝ થયેલી, જે ખરેખર તો કન્નડ ફિલ્મ અંતાની રિ-મેક હતી. જીતેન્દ્ર-હેમા માલિની-પરવીન બાબીને ચમકાવતી ‘મેરી આવાઝ સુનો’ નામની આ ફિલ્મ આઈ-ગઈ થઈ ગઈ હોત પણ તેના નસીબમાં બ્લોક બસ્ટર ફિલ્મ તરીકે નોંધાવું નક્કી થયું હતું.

૧૯૮૧માં, આજની જેમ ફિલ્મો દેશ-વિદેશમાં એકસાથે રિલીઝ થતી નહોતી. મેરી આવાઝ સુનો પણ પ્રથમ દિલ્હી-હરિયાણામાં રિલીઝ થયેલી. તેમાં દર્શાવાયેલી હિંસા અને રાજકીય નેતાઓના પાત્રાલેખનના મુ (એ વખતે) કોંગ્રેસના નેતા ગુલામનબી આઝાદે સંસદના સત્ર દરમિયાન તેના પર પ્રતિબંધ મૂકવાની માગણી મૂકી અને...

‘મેરી આવાઝ સુનો’ ફિલ્મની નિકલ પડી. રજનીકાંતની ફિલ્મોની જેમ તેના વહેલી સવારથી મોડી રાતના શો શરૂ થઈ ગયા. પ્રતિબંધ લાગી જાય એ પહેલાં બધાને મેરી આવાઝ સુનો ફિલ્મ જોઈ લેવી હતી એટલે રીતસરનું પાગલપણું શરૂ થયું.

રેકોર્ડ પ્રમાણે, એ ફિલ્મ અમદાવાદના અગિયાર અને રાજકોટના ચાર થિયેટરોમાં એકસાથે દર્શાવવામાં આવી હતી. ઉલ્લાસનગર (મુંબઈ)ના અનિલ અને અશોક નામના જોડિયા થિયેટરોમાં આ ફિલ્મના દરરોજના સાત-સાત શો શરૂ કરવામાં આવ્યા હતા.

દેશભરમાં આવો જ માહોલ હતો. એ સમયે મુંબઈમાં થિયેટરની ટિકિટના ભાવ છથી બાર રૂપિયા (સ્ટોલ, અપરસ્ટોલ અને બાલ્કની) જેવા રહેતાં, પણ મેરી આવાઝ સુનો ફિલ્મ જોવાનો ક્રેઝ એવો હતો કે તેની ટિકિટ બ્લેકમાં સાઈઠ રૂપિયાની ઊંચી કિંમતે લોકો ખરીદતા હતા. આ રીતે બ્લેક માર્કેટમાં ટિકિટ ખરીદનારા ફિલ્મ જોઈને બહાર નીકળતાં ત્યારે બે દૃશ્યોની હિંસા બારામાં વિચારીને પણ થથરી જતા હતા.

બે દૃશ્યોની વાત કરતાં પહેલાં મેરી આવાઝ સુનો ફિલ્મની કહાણી જાણી લઈએ.આમ જૂઓ તો, મેરી આવાઝ સુનોની કહાણી (ડોન જેવી) જ હતી. સુશીલકુમાર નામનો ઈમાનદાર પોલીસ ઓફિસર તેના જેવા જ દેખાતાં ગુનેગાર કંવરલાલ (બન્ને જીતેન્દ્ર)જેવો બનીને ગિરોહમાં સામેલ થઈ જાય છે અને આખું નેટવર્ક સમજી પુરાવાઓ એકઠાં કરવા માંડે છે.

જો કે, ભેદ ખૂલી જતાં ગુંડાપાર્ટી પોલીસ અધિકારીને ટોર્ચર કરે છે. એ ઝૂકતો નથી એટલે તેની પ્રેગનન્ટ પત્ની પર અત્યાચાર કરવામાં આવે છે. આ દૃશ્યો અને બે અઠવાડિયાં માટે લાગેલાં પ્રતિબંધને કારણે (એ પછી નવી કાંટછાંટ કરવામાં આવેલી) મેરી આવાઝ સુનોએ લોકોમાં એવું કુતૂહલ જન્માવેલું કે, તેનું ઓપનિંગ કલેકશન શોલે ફિલ્મને પણ આંબી ગયું હતું.

બધાને હલબલાવી ગયેલાં બે પૈકીનું એક દૃશ્ય હતું ફિલ્મના વિલનો હિરો (જીતેન્દ્ર)ને ટોર્ચર કરતી વખતે તેની આંગળીના નખ ખેંચી કાઢે છે, તે. એ જમાનામાં હિંસા કે ટોર્ચરનો આ નવો અધ્યાય હતો. એ સમયે તો કોરિયન ફિલ્મો બને છે કે કેમ, તેની ગતાગમ પણ લોકોને નહોતી અને એ જમાનામાં (વધીને ટાવરિંગ ઈન્ફર્નો જેવી) ડિઝાસ્ટર મૂવી જ ભારતના થિયેટરોમાં રિલીઝ થતી હતી. મેરી આવાઝ સુનો ફિલ્મનું બીજું દૃશ્ય પણ કમકમાટી જગાવે તેવું હતું.

ફિલ્મમાં પ્રેગનન્ટ બનેલી હિરોઈન હેમા માલિનીને એ રીતે મારવામાં આવે છે કે તેનો ગર્ભપાત થઈ જાય છે.

સોળ વરસની ઉંમરે (જેમ તેમ થિયેટરમાં ઘૂસી જઈને) એડલ્ટ સર્ટિફિકેટ ધરાવતી મેરી આવાઝ સુનો ફિલ્મ જોયા પછી યાદ રહી ગયેલાં આ બે દૃશ્યો છે. એ વખતે ખબર નહોતી કે ગુલામનબી આઝાદે આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની સંસદના સત્રમાં માગણી કરેલી તેની પાછળનું કારણ અલગ હતું.

મેરી આવાઝ સુનો ફિલ્મમાં ઈમાનદાર પોલીસ ઓફિસર સુશીલકુમાર સમાજમાં બદી ફેલાવતાં અસામાજિક તત્ત્વોની સામે જંગ છેડે છે. આ અસામાજિક તત્ત્વો એટલે કેન્દ્રીય ગૃહમંત્રી, ગૃહસચિવ અને પોલીસ મહાનિરીક્ષકની ગિરોહ.

આજે તો ગમે તે હોદા પરના નેતાઓને વિલન દર્શાવાય તો પ્રેક્ષકો અને સેન્સર બોર્ડ તેને સરળતાથી પાસ કરી દે છે. ૧૯૮૧માં પણ સેન્સર બોર્ડે મેરી આવાઝ સુનોને એ (પુખ્ત વય) કેટેગરીના સર્ટિફિકેટ સાથે પાસ કરી દીધી હતી, પણ પછી તેના પર સરકારી દબાણવશ બે સપ્તાહ માટેનો પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો હતો.

૧૯૭૮માં કિસ્સા કુર્સી કા ફિલ્મ પણ આ રીતે સેન્સર બોર્ડની હડફેટે ચડી ગઈ હતી. તેને તો રિલીઝ જ થવા દેવામાં નહોતી આવી, પરંતુ કિસ્સા કુર્સી કામાં વેધક વ્યંગ અને પ્રજાની લાચારીનો વિષય હતો, જયારે મેરી આવાઝ સુનો ફિલ્મમાં તો અત્યાધિક હિંસા અને પાત્રાલેખન પણ જવાબદાર બન્યું હતું. ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# ફિલ્મ્સની માર્કેટિંગ સ્ટ્રેટેજીમાં આવ્યો ધરખમ ફેરફાર

## ક્યા કારણોસર ફિલ્મ્સના ટ્રેલર અને તેની રિલીઝ વચ્ચેનો સમયગાળો ઘટવા લાગ્યો છે?

(ભાગ-૨)

ગયા શુક્રવારે અજય બહલ દિગ્દર્શિત અને અર્જુન કપૂર-ભૂમિ પેડણેકર અભિનીત ‘ધ લેડી કિલર’ રિલીઝ થઈ. શું કહ્યું? નથી ખબર? ના, એમાં તમારો વાંક નથી. ફિલ્મ ફક્ત ગણતરીના પચાસેક શોઝમાં જ રિલીઝ થઈ છે. ‘ધ લેડી કિલર’ની વાત આપણને આપણી ગયા સપ્તાહની ચર્ચા સાથે જોડે છે. આપણે વાત કરી રહ્યા હતા કે કઈ રીતે મુખ્યત્વે ઓટીટી સહિતના પરિબળોના કારણે થિયેટર ફિલ્મ્સને ટ્રેલર રિલીઝ માત્ર ફિલ્મની રિલીઝના થોડાક જ દિવસ પહેલા કરવું પડે છે.

‘ધ લેડી કિલર’ ૩ નવેમ્બરે રિલીઝ થઈ અને તેનું ટ્રેલર રિલીઝ થયું હતું માત્ર તેના પાંચ દિવસ પહેલાં એટલે કે ૨૯ ઓક્ટોબરે. તો વાત જાણે એમ છે કે ‘ધ લેડી કિલર’ની ઓટીટી રિલીઝનો કોન્ટ્રાક્ટ થયેલો છે નેટફ્લિક્સ સાથે. ફિલ્મ ઓટીટી પર રિલીઝ થાય એ માટે જે-તે ફિલ્મ પ્રોડ્યુસર્સ અને ઓટીટી પ્લેટફોર્મ વચ્ચે થિયેટર બોક્સઓફિસ કલેક્શનના આધારે થિયેટર અને ઓટીટી રિલીઝ વચ્ચેના સમયગાળા અને રકમને લઈને ડીલ થતી હોય છે. ઓટીટી રિલીઝનું તગડું બેકઅપ હોવાથી હવે પ્રોડ્યુસર્સ થિયેટર્સના બોક્સઓફિસ કલેક્શન બાબતે બહુ ગંભીર રહ્યા નથી એટલે ઓટીટી પ્લેટફોર્મ્સ આ બાબતે બહુ જ સજાગ થઈ ગયા છે.

આમિર ખાન અભિનીત ‘લાલ સિંઘ ચઢ્ઢા’ બાબતે પણ નબળા બોક્સઓફિસ પરફોર્મન્સના આધાર પર નેટફ્લિક્સ તરફથી નક્કી રકમ ન મળી હોવાના મુદ્દે તકરાર થવાના રિપોર્ટ્સ સામે આવ્યા હતા. ‘ધ લેડી કિલર’ મામલે થયું છે એવું કે ફિલ્મ ૮૦% શૂટ થઈ ત્યાં જ નિર્માણના વધુ પૈસા ન હોવાના કારણે અટકી પડી. પણ ઓટીટી સાથે નક્કી થયેલા કરાર મુજબ તેમને તો જ પૈસા મળે જો ફિલ્મ થિયેટરમાં રિલીઝ થાય. એટલે અધૂરી ફિલ્મને જ જેમ તેમ કરીને એડિટિંગ ટેબલ પર આટોપીને નહિવત પ્રમોશન સાથે થિયેટરમાં રિલીઝ કરી દેવામાં આવી કે જેથી તેને નેટફ્લિક્સ પર રિલીઝ કરી શકાય. તો ટ્રેલર અને રિલીઝ વચ્ચેના ઓછા સમયગાળા પાછળ આવા કારણો પણ જવાબદાર હોય છે.

ક્યારેક મજબૂરી કે સ્ટ્રેટેજી અંતર્ગત ઓછા પ્રમોશનનો નિર્ણય પણ મોડા ટ્રેલર રિલીઝનું કારણ હોય છે. ગયા સપ્તાહે રિલીઝ થયેલી ‘આંખ મિચોલી’ અને ‘લકીરે’ના કિસ્સામાં આવું જ જણાય છે. ફિલ્મ્સ સાથે જોડાયેલા ઓછા સ્ટાર પાવર કે અન્ય કારણસર તેની સફળતા બાબતે રહેલો અવિશ્વાસ ઓછા પ્રમોશનનું કારણ બનતા હોય છે. મોટા સ્ટુડિયોઝ પણ ફિલ્મ બની ગયા એ નહીં ચાલે એવું લાગતા માર્કેટિંગમાં વધુ પૈસા નહીં નાખીને પોતાનું વધુ નુકસાન થતું અટકાવી દે છે.




શાહરૂખ ખાનની ‘પઠાણ’ રિલીઝ થઈ એ પહેલાં નિર્માણ કંપની યશરાજ ફિલ્મ્સનો નબળો સમય ચાલતો હતો. ‘બંટી ઔર બબલી ૨’, ‘શમશેરા’, ‘સમ્રાટ પૃથ્વીરાજ’, ‘જયેશભાઇ જોરદાર’ વગેરે ફિલ્મ્સ જાણીતી સ્ટારકાસ્ટ છતાં ફ્લોપ જઈ રહી હતી. એ વખતે યશરાજ ફિલ્મ્સે ‘જયેશભાઇ જોરદાર’ અને ‘શમશેરા’ જેવી ફિલ્મ્સ સાથે રણવીર સિંઘ કે રણબીર કપૂરના નામો જોડાયેલા હોવા છતાં ઓછા પ્રમોશનની સ્ટ્રેટેજી વાપરીને તેના ટ્રેલર રિલીઝના એક મહિનાથી ઓછા સમયગાળામાં રિલીઝ કર્યા હતા.

જો કોઈ પણ ફિલ્મનું ટ્રેલર ફિલ્મની રિલીઝના લાંબા સમય પહેલાં રિલીઝ કરવામાં આવે તો એટલા સમયગાળામાં લોકોના એટેંશન સ્પાનને પોષવા માટે ફિલ્મને લગતી કંઈક ને કંઈક માર્કેટિંગ સામગ્રી પણ લોકો સમક્ષ મૂકતી રહેવી પડે. એ માટે ખાસ્સું એવું બજેટ નિર્માણ કંપનીએ રાખવું પડે. એટલે જ ઓટીટીના આ સમયમાં જે ફિલ્મ્સને થિયેટરમાં મોટો ફાયદો નથી દેખાતો ત્યાં વધુ પ્રમોશન કરવાનું ટાળવામાં આવે છે. હજુ થોડા વર્ષો અગાઉ જ પોસ્ટર, ટીઝર અને ગીતોને લઈને દર્શકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળતો હતો, પણ વિશ્વમાં સૌથી વધુ ફિલ્મ્સ બનાવતા દેશમાં ઓટીટી પછી તો કોન્ટેન્ટનો કોઈ પાર રહ્યો જ નથી. એવામાં દરેક નવી ફિલ્મ્સના ગીતો પર લોકો એટલું જ ધ્યાન આપે એ શક્ય નથી. એટલે જ ફિલ્મ આલ્બમના ઓડિયો જ્યુકબોક્સ રિલીઝ કરવામાં આવે છે, પણ મહત્તમ ગીતોના વીડિયોઝ ટીવી કે યુટ્યુબ પર રિલીઝ કરવામાં આવતા નથી. અને જે રિલીઝ કરવામાં આવે છે એને પણ ટ્રેલરની પહેલાં રિલીઝ કરવાનો ટ્રેન્ડ ચાલુ થયો છે.

થિયેટર્સ અને ઓટીટીની આ સ્પર્ધામાં ફિલ્મ ‘પીપ્પા’ જેવા કિસ્સાઓ પણ બને છે. કહેવાય છે કે તેની નિર્માણ કંપની આરએસવીપી અને મલ્ટિપ્લેક્સ માલિકો વચ્ચે કોઈ મુદ્દે ઘર્ષણ ચાલે છે એટલે ફિલ્મને સીધી જ ઓટીટી પર રિલીઝ કરવામાં આવી રહી છે. બાકી ‘પીપ્પા’ જેવી થિયેટ્રિકલ એક્સપિરિયન્સવાળી વોર ફિલ્મ કેમ ઓટીટી પર સીધી રિલીઝ થાય? ફિલ્મ આજે જ એમેઝોન પ્રાઈમ વીડિયો પર રિલીઝ થઈ છે. તેનું ટ્રેલર આવ્યું હતું માત્ર દસ દિવસ પહેલાં ૧ નવેમ્બરે. જોકે ઓટીટી ફિલ્મ્સનું માર્કેટિંગ તો આમ પણ ઓછું જ કરવામાં આવે છે. અમુક કિસ્સાઓમાં બિગ રિલીઝ ડેટ ક્લેશને અવગણવા ફિલ્મને જે તારીખ મળે તેમાં અચાનક રિલીઝ કરવાનો નિર્ણય પણ ઓછા માર્કેટિંગનું કારણ બને છે.

શરૂઆતમાં દર્શકો મોડું ટ્રેલર આવે ત્યારે સોશિયલ મીડિયામાં એ વિશે ચર્ચા કરતા, પણ હવે આ બાબત સામાન્ય ગણાવા લાગી છે. આપણે ચર્ચા કરી એ મુદ્દાઓ ઉપરાંત અમુક કિસ્સાઓમાં મોડા ટ્રેલર કે ઓછા પ્રમોશન પાછળ મોટા સ્ટાર્સની ફિલ્મ્સના ફાયદા માટેની ગણતરીપૂર્વકની સ્ટ્રેટેજી પણ હોય છે. જેમ કે ચાર વર્ષના સમય પછી શાહરૂખ ખાનની ‘પઠાણ’ આવી ત્યારે ઓછું પ્રમોશન કરીને ઉત્સુકતા અને ઇંતેજારી ટકાવી રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઘણા અંશે ‘જવાન’ સાથે પણ માર્કેટિંગના આ ‘લેસ ઇઝ મોર’ એપ્રોચનો જ સહારો લેવામાં આવ્યો હતો. આમિર ખાન પણ પોતાની ફિલ્મ્સ સાથે આ પ્રકારના અખતરા કરતો હોય છે. આ વર્ષની બ્લોકબસ્ટર ‘ગદર-૨’ના પણ ટ્રેલર અને ફિલ્મ રિલીઝ વચ્ચે માંડ સાત દિવસનો ગાળો હતો, માનશો? સલમાન ખાનની ટાઇગર-૩’ માટે પણ આ સમય એક મહિના કરતા ઓછો રાખવામાં આવ્યો હતો.

આ ઉપરાંત આ વર્ષની હમણાંની જ અમુક રિલીઝની વાત કરીએ તો આર. બાલ્કી દિગ્દર્શિત અને અભિષેક બચ્ચન અભિનીત ‘ઘૂમર’, નવાઝુદ્દીન સિદ્દીકીની ‘હડ્ડી’, શિલ્પા શેટ્ટીની ‘સુખી’, ‘ધ વેક્સીન વોર’, ‘ગણપત’ વગેરે ફિલ્મ્સ સાથે પણ ટ્રેલર અને ફિલ્મ રિલીઝ વચ્ચે ૭-૮ કે પંદરેક દિવસનો ગાળો જ જોવા મળે છે, પણ આની સામે હજુ હોલીવૂડમાં તો ટ્રેલર ફિલ્મની રિલીઝ કરતા ક્યાંય વહેલા બહાર પાડી દેવામાં આવે છે. ઘણીવાર તો ૬થી ૮ મહિના પહેલાં રિલીઝ કરી દેવામાં આવે એવું પણ જોવા મળે છે. અમુક ફિલ્મ્સના કિસ્સાઓમાં જોકે આ અંતરમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે. મતલબ આવનારા સમયમાં ત્યાં પણ સ્થિતિ બદલાઈ શકે છે. હા, ઓટીટી ફિલ્મ્સ માટે તો ત્યાં પણ સમયગાળો ઓછો જ જોવા મળે છે.

ખેર, ફિલ્મ્સ સાથે સંકળાયેલા અનેક પાસાઓમાં સમયની માંગ પ્રમાણે ફેરફાર થતા જ રહેતા હોય છે. માર્કેટિંગનો આ મોટો બદલાવ પણ સ્વાભાવિક રીતે તેનો જ હિસ્સો છે. ■

**લાસ્ટ શોટ**

થિયેટર ફિલ્મ્સ ઓટીટી પર રિલીઝ થાય ત્યારે પણ ફરી વખત તેનું ટ્રેલર ઓટીટી દ્વારા રિલીઝ કરવામાં આવતું હોય છે. આમ એક જ ફિલ્મના ટ્રેલર બે વખત દર્શકો સમક્ષ મૂકવામાં આવે છે.

# આ ગઈ હૈ, આ ગઈ હૈ, ભૂત ઝોલક્યિા આ ગઈ હૈ




એટીએસના પરમવીર બત્રાએ સૂચના આપી કે એક દૂધવાળો આવશે. એ આવે એટલે એક પળનો ય વિલંબ કર્યા વગર મારી પાસે લઇ આવવો. કેબિનની અંદર જતી વખતે તેમણે આવી સૂચના આપી એટલે અમુક લોકોને નવાઇ લાગી જોકે ડિપાર્ટમેન્ટના અમુક સિનિયર અને બત્રાને ઓળખનારાઓને જરાય આશ્ચર્ય ન થયું.

થોડીવારમાં ઊંચું પહેરેલું ધોતિયું, માથે મેલી પાઘડી, ખભા પર લાલ ગમચો, નાક પાસે મોટો કાળો મસો, મોઢામાં બીડી અને હાથમાં દૂધની મોટી બોઘડી લઇને એક ભૈયો અંદર આવ્યો. કોઇ કંઇ પૂછે કે કહે એની રાહ જોયા વગર એ સીધો બત્રાની કેબિનમાં ઘૂસી ગયો.



**એટીએસના પરમવીર બત્રાને લાગ્યું કે મુરુડ બ્લાસ્ટ્સ કેસમાં નવાનવા ફણગા ફૂટી રહ્યા છે**

બત્રા એને જોઇને હસી પડ્યો. પ્રોડ્યુસર મનમોહન, આ નાક પાસેનો મસો વધુ પડતો મોટો નથી લાગતો જી?'

''સર, જે મળ્યું એનાથી ચલાવી લેવું પડે. આમેય આ તોપચી અબ્દુલ હમીદુલ્લા 'ગુલાબ'ની કબરે તો મને અધમુઓ કરી નાખ્યો.''

'એવું તે શું થયું?'

પછી 'પ્રોડ્યુસર મનમોહન' તરફથી અબ્દુલ 'જામ' સાથેની મુલાકાતનું વર્ણન થયું. બધું સાંભળી લીધા બાદ બત્રા ખડખડાટ હસી પડ્યા પણ પછી વિચારમાં પડી ગયા.

''સર, આપને લાગે છે કે આ બધાને મુરુડ બ્લાસ્ટ્સ સાથે સંબંધ હોય?''

''કદાચ ન હોય પણ બ્લાસ્ટ્સ કેસના એક શકમંદ સાથે તો અવશ્ય સંબંધ છે. બાદશાહ વિશે મળે એટલું શોધવાની જરૂર છે. ક્યાંક એની નબળી કડી હાથ લાગી જાય.''

''પણ સર એના કરતાં બાદશાહને જ ઝડપી લઇએ તો?''

''એ કદાચ મોઢું ન ખોલે. આનાથી એના સાથીઓ સાવધ થઇને હવામાં ઓગળી જાય, અને કદાચ આગળનું કોઇ કાવતરું હોય તો એમાં ઉતાવળ કરી બેસે. ઘાંઘા થઇને વધુ ધડાકાભડાકા કરી બેસે તો?''

''સર, મારા માટે હવે શું ઓર્ડર?''

''તમે બાદશાહ, સોલોમન અને એનડીના જૂના ફોટા લઇને પહેલા સમગ્ર મુરુડ અને પછી આખા અલીબાગના ગામમાં ફરી વળો. ત્રણેયનો આ સ્થળ સાથે કંઇક સંબંધ હોઇ શકે. જો ન હોય તો પછી મુરુડ પર શા માટે પસંદગી ઉતારો? ખબરીઓના નેટવર્કને પણ કામે લગાડો.''

'પ્રોડ્યુસર મનમોહન' રવાના થયા બાદ બત્રાએ પોતાના મોબાઇલ ફોનના કોન્ટેક્ટ લિસ્ટમાંથી ઊર્દૂ વિદ્વાન અને ઇતિહાસકાર ડૉ. સલીમ મુઝફ્ફરને એસ.એમ.એસ. કર્યોઃ તોપચી અબ્દુલ હમીદુલ્લા 'ગુલાબ'. આ મુંબઇગરા સલીમભાઇ દેશપ્રેમી વિદ્વાન હતા. ક્યારેય કોઇ કારણ પૂછ્યા વગર તેઓ બત્રાને મદદ કરે ને કરે. એનાં પણ કારણો ખરા જ.

* * *

કરણ રસ્તોગીએ કરોડો રૂપિયા ખર્ચીને દેશભરના અગ્રણી અખબારોના પહેલે પાને નવા પ્રોડકટ લોંચની જાહેરાત કરી. આ ગઇ હૈ, આ ભૂત ઝોલક્યિા આ ગઇ હૈ મોટા અક્ષરમાં આવા હેડિંગ સાથે નીચે લખ્યું હતું. 'હટ જાઓ પુરાને બાજીગર, અબ મૈદાન બદલને વાલા હૈ.'

સાથોસાથ 'રસ્તોગી મસાલા'ના બધા પ્રોડક્ટસ પર ૨૫થી ૪૦ ટકા ડિસ્ટાઉન્ટની જાહેરાત કરાઇ હતી. નીચે નાના અક્ષરમાં લખ્યું હતું. 'ભૂત ઝોલકિયા ક્યાં હૈ વહ જાનીએ આગે કે પેજ પર'

દુનિયાભરમાં પોતાની તીખાશને લીધે જાણીતું મરચું એટલે ભૂત ઝોલકિયા. અરૂણાચલ પ્રદેશ, આસામ, નાગાલેન્ડ અને મણિપુરમાં પાકતા આ મરચાને અંગ્રેજીમાં ઘોસ્ટ પેપર કહેવાય છે. જે રીતે કાશ્મીરના મરચા દાળ-શાકમાં લાલ રંગ લાવવા જાણીતા છે. એમ ઇશાન ભારતની ભૂત ઝોલકિયા તીખાપણા માટે દુનિયાભરમાં મશહૂર છે. એક સમયે, રિપીટ એક સમયે, દુનિયાના સૌથી તીખા મરચા તરીકે એનું નામ ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં ય સામેલ હતું.

ભૂત ઝોલક્યિાનો વધુ પડતો ઉપયોગ અમુક નોન-વેજ ડિશમાં જ વધારે થાય. આ રીતે સામાન્યજન માટે ભૂત ઝોલકિયા આંખમાં પાણી લાવી દે એટલે એનો ઉપયોગ ઓછો થાય, પરંતુ ભૂત ઝોલકિયાની એન્ટ્રીથી મરચા માર્કેટની સુસ્તી ઊડી ગઇ.

* * *

એ.ટી.એસ.ના પરમવીર બત્રા ઊંડા વિચારમાં પડી ગયા. મુરુડ બૉમ્બ બ્લાસ્ટ્સ કેસ ધારણા કરતાં વધુ ગૂંચવાયેલો નીકળ્યો. એમાં નવાનવા ફણગા ફૂટી રહ્યાં છે. બાદશાહ-એનડીના ભૂતકાળ, આસિફ પટેલના ભેદી ધંધા, સોલોમનનું અદૃશ્ય થવું, શકીનાની હત્યા, પવલાનું હવામાં ઓગળી જવું, પિટયાની કસ્ટડીમાં હત્યા અને પછી પ્રસાદ રાવનું ગાયબ થઇ જવું. બાદશાહની વિચિત્ર હરકતો તો અલગ. હવે કોઇ તથાકથિત આતંકવાદી સંગઠને બૉમ્બ બ્લાસ્ટ્સની જવાબદારી સ્વીકારી, પછી વીડિયો કેસેટ બનાવટી હોવા અંગે શંકા અને છેલ્લે આકાશનો પીછો અને જાસૂસી કરાવનારા રાજીવ દુબેની ૧૯૯૩ના બૉમ્બે બ્લાસ્ટ્સના આરોપી સાથે સંબંધ હોવાનું બહાર આવવું...

'ઓહ માય ગૉડ' બોલીને બત્રાએ માથું પકડી લીધું. ત્યાં જ એસ.એમ.એસ. આવ્યાના નોટિફિકેશનની રિંગ વાગી. ડૉ. સલીમ મુઝફ્ફરનો મેસેજ હતો. 'વિલંબ બદલ ક્ષમા. કામ અઘરું છે પણ હું એની પાછળ પડ્યો છું. આભાર.'

એ જ સમયે બત્રાએ કેબિનના કાચમાંથી મુરુડ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઇન્સપેક્ટર પ્રશાંત ગોડબોલે અને સબ-ઇન્સપેક્ટર વૃંદા સ્વામીને આવતા જોયાં.

બત્રાને સમજાયું નહિ કે આ બન્નેના ખાસ તો વૃંદાના આવવાથી પોતે ખુશ થવું કે નારાજ થવું? બત્રાની આ દુવિધા વચ્ચે દરવાજે હળવો ટકોરો મારીને બન્ને અંદર આવ્યા. આ વખતે ત્રણેયના ચહેરા પર ઉમળકા, ઉત્સાહ અને સ્મિતની ગેરહાજરી હતી. બત્રાએ ખુરશીના હેન્ડલ પરથી નેપકીન લઇને ભાર દઇને આખું મોઢું લૂછ્યું પછી પાણીનો આખો ગ્લાસ ગટગટાવી ગયા. ઑફિસમાં નવા મુકાવેલા ઇન્ટરકોમનું બટન દબાવીને બોલ્યા, ''ત્રણ ચા એક સ્ટ્રોન્ગ એક વિધાઉટ સુગર.''

પછી બત્રાએ બન્ને સામે જોયું. બેમાંથી કોઇ કંઇ ન બોલ્યું. કદાચ બોલી ન શક્યું.

''ગોડબોલેજી, સબ ઠીક હય જી?''

''સર ઠીક શું હોય? મારી કસ્ટડીમાં મહત્ત્વના શકમંદ પિંટયાનુંખૂન થઇ ગયું.''

વૃંદાએ ટાપસી પૂરાવી, ''મારી ભૂલને લીધે એ થયું સર, હવે એક રિકવેસ્ટ છે. પ્રસાદ રાવને ગમે તેમ પકડવો જ પડે. મેં એના દોસ્તારો સાથે ખૂબ મગજમારી કરીને એનો બીજો મોબાઇલ નંબર લીધો છે.''

આટલું બોલીને પ્રસાદ રાવના બન્ને મોબાઇલ ફોન નંબર લખેલી ચબરખી પર્સમાંથી કાઢીને ટેબલ પર મૂકી. નીચે 'શ્રીમતી જવાલા પ્રસાદ રાવ' લખીને ત્રીજો નંબર પણ લખેલો હતો.

''સર આ ત્રણેય નંબર તપાસમાં કંઇક કામ આવે કદાચ''

બત્રાએ તરત જ ચબરખીનો ફોટો પાડીને એક વોટ્સઅપ નંબર પર મોકલી દીધો. ''આ ત્રણેય નંબર પર ચાંપતી નજર રાખજો.''

પછી બત્રાએ ગોડબોલે સામે જોયું. ''પહેલા અલીબાગના બધા ગામમાં અને પછી જરૂર પડે તો રાયગઢના એકએક ગામમાં બાદશાહ, સોલોમાન, એનડી, પ્રસાદ રાવ અને પવલાના ફોટા મોકલી દો સાથોસાથ એક નામ મોકલો તોપચી અબ્દુલ હમીદુલ્લા 'ગુલાબ'. આ બધા ફોટા અને નામ વિશે જ્યાંથી જેટલી માહિતી મળે એ કઢાવો. ઊર્દૂના વિદ્વાનો, શાયરો અને ઇતિહાસકારોને ખાસ તોપચીનું નામ મોકલો. એક વાત સમજી લો કે યુદ્ધનાં વાદળો ઘેરાવા માંડ્યાં છે. ગમે ત્યારે ધડાકાભડાકા થઇ શકે છે. પણ એ પહેલા આપણે ત્રાટકવું પડશે... નહિતર ભારે જાનહાનિ થઇ શકે.''

* * *

મુંબઇના ભાયખલાની પશ્ચિમ બાજુએ આવેલી મ્યુનિસિપલ કોલોનીમાં એક ખૂબ મહત્ત્વનું સ્થળ છે. મહારાષ્ટ્રની સૌથી મોટી અને સૌથી જૂની ઉર્દૂ લાઇબ્રેરી આવામી ઇડારા લાઇબ્રેરી. ૧૯૫૦માં સ્થપાયેલી આ અનોખી લાઇબ્રેરીના લાકડાના કબાટમાં દશ હજારથી વધુ પુસ્તકો છે. પ્રગતિવાદી મુસલમાનોના મિલન -સ્થળ સમાન આ લાઇબ્રેરીને શાયર-ગીતકાર કૈફી આઝમીએ નામ આપ્યું હતું આવામી ઇડારા અર્થાત્ લોકોનું પુસ્તકાલય.

આ પુસ્તકાલયના એક ખૂણામાં ડૉ. સલીમ મુઝફ્ફર એક નોટબુકમાં કંઇક ટપકાવતા હતા. પોતાના અમુક દોસ્તો, એશિયાટિક લાઇબ્રેરી અને અન્ય સ્થળેથી મહેનત કરી મેળવેલી માહિતીની નોંધ તેમણે જે કાગળ પર લખી હતી, પર હેડિંગ હતું તોપચી અબ્દુલ હમીદુલ્લા 'ગુલાબ' પોતે ઇતિહાસકાર ખરા પણ સાહિત્ય એમનો વિષય નહિ. છતાં પરમવીર બત્રાએ જે માણસ વિશે માહિતી માગી. એના નામમાં 'તોપચી' હતું અને 'ગુલાબ' પણ.

દિલ્હી, હૈદરાબાદ, લખનઊ, જમ્મુ સહિતનાં સ્થળોના ઇતિહાસ અને શાયરીના વિદ્વાનો સાથે લાંબી ચર્ચા અને નોંધના આદાનપ્રદાન બાદ ડૉ. સલીમ મુઝફ્ફરે નોંધ લખવાની શરૂઆત કરી.

''તોપચી અબ્દુલા હમીદુલ્લા 'ગુલાબ' વિશે ઇતિહાસ અને સાહિત્યમાં નહિવત્ માહિતી ઉપલબ્ધ છે. એમના વિશે ત્રણ મુખ્ય બાબત નોંધપાત્ર છે. તેઓ શિવાજીના કાળમાં મરાઠા લશ્કરમાં હોઇ શકે. એ સમયે મરાઠા લશ્કરમાં ઘણાં મુસ્લિમ યોદ્ધા હતા. બે, આ જનાબ અબ્દુલ યોદ્ધા હોવા સાથે શાયર હતા એવી અલપઝલપ નોંધ ક્યાંક મળે છે. જો કે એમના નામે કોઇ પુસ્તક હોવાનું જાણવા મળતું નથી. શક્યતા, આઇ રિપીટ, શક્યતા છે કે તેઓ અલીબાગ કે આસપાસ રહેતા હોય''

આટલું લખ્યા બાદ નીચે અંડરલાઇન કરીને લાલ અક્ષરે લખ્યું હતું કે મને છત્રપતિ શિવાજી મહારાજના કાળના ઇતિહાસમાં તોપચી અબ્દુલા વિશે વધુ જાણવા મળવાની આશા છે. આ માટેના મારા પ્રયાસ ચાલુ છે. અધૂરી, અધકચરી માહિતી મોકલવા બદલ દિલગીર છું.

ડૉ. સલીમ મુઝફ્ફર એ સમયે જાણતા નહોતા કે થોડા સમયમાં એમની 'અધૂરી અને અધકચરી માહિતી' ખૂબ જ ઉપયોગી સાબિત થવાની હતી. આનાથી મુરુડ બૉમ્બ બ્લાસ્ટ્સ કેસની તપાસને નક્કર દિશા મળવાની હતી. એ ઉપરાંત ઘણાંનાં જીવન કાયમ માટે બદલાઇ જવાના હતા. (ક્રમશઃ)■

---

**તખ્તાની પેલે પાર**

**વિપુલ વિઠ્ઠલાણી**

# ચિત્કાર

## નાટક સો શો સુધી મારું, પછી તમારુ

આપણે સહુ જાણીએ છીએ કે છેલ્લા ઘણા વર્ષોથી મંડળોના પ્રાયોજિત પ્રયોગોનાં કારણે કોઈપણ નાટકના દર મહિને ખૂબ બધા પ્રયોગો થતા હોય છે. જેનાં લીધે સારાં નાટકોનાં ૧૦૦, ૨૦૦ કે ૩૦૦ પ્રયોગો ભજવાતા વાર નથી લાગતી. પણ એક વખત એવો પણ હતો જ્યારે સંસ્થાઓ કે મંડળો જેવું કશું હતું નહીં. અને હોય તો પણ આંગળીના વેઢે ગણી શકાય એટલાં જ. એટલે દર રવિવારે અથવા તો રજાઓના દિવસે માત્ર જાહેર પ્રયોગો જ ભજવાતા. અને ત્યારે નાટકના ૫૦ કે ૧૦૦ પ્રયોગ થવા એ પણ એક સિદ્ધિ ગણાતી. પણ જો હું એમ કહું કે એવા વખતે એક નાટક એવું હતું જેનાં ૧૦૦-૨૦૦ નહીં પણ લગભગ ૮૦૦ જેટલા પ્રયોગો ભજવાયા હતા તો મને ખાતરી છે કે તમારા મગજમાં એક નામ તરત આવશે, અને એ નામ એટલે લતેશ શાહ લિખિત-દિગ્દર્શિત અને સુજાતા મહેતા અભિનીત ચિત્કાર. ચાળીસ વર્ષ પહેલા ભજવાયેલું આ નાટક લોકોના દિલોદિમાગમાં એવું ઘર કરી ગયું હતું કે લોકો આજે પણ એ ભૂલી નથી શક્યા.

નાટકમાં વાત હતી સ્કિટ્ઝફ્રિનિયાના એક દર્દીની. સ્કિટ્ઝફ્રિનિયા જેવો શબ્દ આવે એટલે આપણને સહેજે થાય જ કે નાટકની વાર્તા કોઈ વિદેશી ફિલ્મ અથવા નાટક પરથી લેવામાં આવી હશે. પણ ના.. આ નાટકની વાર્તા સત્ય ઘટના પર આધારિત હતી જેને કાલ્પનિક રીતે નાટકીય રૂપ આપવામાં આવ્યું હતું.

વિગતવાર વાત કરું તો નાયર હૉસ્પિટલના આર.એમ.ઓ. આંતરકૉલેજ એકાંકી સ્પર્ધાઓમાં ભાગ લેતા જેનું દિગ્દર્શન ૧૯૭૮ની સાલથી જાણીતા લેખક-દિગ્દર્શક (અને હવે મોટિવેશનલ સ્પીકર પણ) લતેશ શાહ કરતા જેનાં માટે એમની એ હૉસ્પિટલમાં આવનજાવન રહેતી. પણ ત્યાં નાટ્યપ્રવૃત્તિ દરમિયાન વચ્ચે-વચ્ચે જ્યારે પણ સમય મળે ત્યારે લતેશભાઈ કુતૂહલવશ હૉસ્પિટલમાં લટાર મારવા નીકળી પડતા અને ત્યાંનાં અલગ-અલગ ડીપાર્ટમેન્ટમાં ડોકિયું કર્યા કરતા. એ બધાં ડીપાર્ટમેન્ટમાંથી એક ડીપાર્ટમેન્ટ હતું સાઇકિઆટ્રી ડીપાર્ટમેન્ટ જેનાં તરફ લતેશભાઈને હંમેશાં વધું આકર્ષણ રહેતું. ત્યાંથી પસાર થતાં એમને રોજ કૌતુક થતું કે દુનિયામાં કેવા-કેવા પ્રકારના માનસિક રોગીઓ હોય છે.

એવામાં ૧૯૮૨ની સાલમાં એક દિવસ એક એવી છોકરીનો કેસ લતેશભાઈની નજરે ચડ્યો કે તેઓ લોહચુંબકની જેમ એ તરફ જ આકર્ષાયેલા રહેતા. એ છોકરી એકધારી કોઈ વાત કરી જ નહોતી શકતી. એ નૉર્મલ હોય ત્યારે ખૂબ જ ચતુરાઈભરી વાતો કરે પણ અચાનક જંગલી બની જાય ત્યારે કઈં પણ અણધાર્યું કરી બેસે. એની માનસિક હાલત એવી હતી કે એ મિનીટે-મિનીટે એની વાતો બદલ્યાં કરતી. ઘડીકમાં એ વાર્તાઓ કરે તો ઘડીકમાં ગુસ્સો. ઘડીકમાં રિસાય જાય તો ઘડીકમાં રડવા લાગે. ઘડીકમાં હસવા લાગે તો ઘડીકમાં ચૂપ થઈ જાય. અને ફેંકાફેંક તો એટલી કરે કે ન પૂછોને વાત.



ચિત્કાર નાટકનાં એક દૃશ્યમાં સુજાતા મહેતા અને સ્વ. મુકેશ રાવલ

હૉસ્પિટલના વડા તેમ જ બીજા ડોક્ટર્સ સાથે સારી દોસ્તીને કારણે લતેશભાઈ એનાં કેસના ઊંડાણમાં ગયા તો તેઓ હેબતાઈ ગયા. એમને ખબર પડી કે એ છોકરી તો પૅરેનોઈડ સ્કિટ્ઝફ્રિનિકનો શિકાર હતી અને તેણીએ ૩-૪ ખૂન કર્યાં હતાં. (જાણ ખાતરઃ પૅરેનોઈડ સ્કિટ્ઝફ્રિનિક શબ્દ મેડિકલ ટર્મમાં હવે ચલણમાં નથી. પણ એવા દર્દીઓને સતત ભ્રમ થયા કરતો હોય છે કે એમને કોઈ આદેશ આપી રહ્યું છે કે તું આમ કર, તું તેમ કર, તું ફલાણાને મારી નાખ). એ છોકરીને જોઈને કોઈ કાળે લાગતું નહોતું કે એ ખૂની હશે. એ વખતે ડૉક્ટર્સના કહેવા મુજબ એવા દર્દીઓ ક્યારેય સાજા થાય જ નહીં. એટલે એમને સ્ટ્રોંગ દવાઓ આપી એટલા બધા ડલ કરી નાખવા પડે કે તેઓ નિસ્તેજ બની જાય, નહીં તો તેઓ ગમે ત્યારે કોઈની પણ હત્યા કરી શકે. લતેશભાઈને એ પાત્ર ભારે આકર્ષિત લાગ્યું.

અગાઉ સુજાતા મહેતા સાથે મોળા પ્રતિસાદવાળું રાફડા નાટક કર્યા બાદ લતેશભાઈ સુજાતાબેન માટે એક સબ્જેક્ટ શોધી રહ્યા હતા. એમની વર્સટાલિટીને જોતા લતેશભાઈને થયું આ પાત્ર જો સુજાતા મહેતા પર્ફોર્મ કરે તો જલસો પડી જાય. એમણે સુજાતાબેનને વાત કરી તો એમને લાગ્યું આ પાછો પ્રાયોગિક ધોરણનું કઇંક કરવા માગે છે એટલે એમણે વાતમાં બહુ ધ્યાન ન આપી ઉડાઉ જવાબ આપતાં હા પાડી દીધી. લતેશભાઈને ખબર હતી કે સુજાતબેને ફક્ત સારું લગાડવા જ હા કહી છે છતાં એમણે મહેનત કરવાની ચાલુ કરી દીધી. અને એ ચાલું કરવા પાછળનું એક મુખ્ય કારણ હતું લતેશ શાહનો સુજાતા મહેતા તરફનો એકતરફી પ્રેમ. પછી તો એ પ્રેમ ધીરેધીરે એવો પાંગર્યો કે આજે વર્ષોથી બન્ને જણાં આપણને ઈર્ષા આવે એવી જલસાસભર જિંદગી સાથે માણી રહ્યાં છે.

ચાલો, પાછો મૂળ વાત પર આવું. નાટક લખવા કે બનાવવા માટે કોઈ પોતાનો જીવ જોખમમાં નાખે એવું તમે ક્યારેય સાંભળ્યું છે? નહીં ને? પણ અહીં એવું બન્યું હતું. લતેશભાઈએ સાસુ, સસરા અને નણંદનું ખૂન કરી ચૂકેલી છોકરીની નજીક જઈ, એની સાથે વાતો અને દોસ્તી કરી વધુ વિગતો મેળવવાની ચાલુ કરી દીધી. ડૉક્ટર્સને ડર હતો કે પેલી માનસિક અસ્વસ્થ છોકરી કશુંક અઘટિત કરી ના બેસે. પણ એનાથી વિપરીત પેલી છોકરી લતેશભાઈને શાંતિથી પ્રત્યુત્તર આપતી હતી એ જોઈ ત્યાં બધાને નવાઈ લાગતી. આના પરથી લતેશભાઈને એવા દર્દીઓની એક લાક્ષણિકતા દેખાઈ કે બેકાબૂ બની બેફામ વર્તણૂંક કરતી વ્યક્તિ સાથે જો તમે પ્રેમથી વાતો કરો તો ૦.૧% ચાન્સ છે કે તેઓ સાજા થઈ શકે.

સતત ૩ મહિના સુધી કેસ સ્ટડી કરી એમણે એક વાર્તા બનાવી જેમાં વધુ ડીટેલ્સ આપતાં એમને મદદ કરી હૉસ્પિટલના ૫-૬ ડૉક્ટર્સ અને સાઇકિઆટ્રી ડીપાર્ટમેન્ટના વડા ડૉ. પાટકરે. જો તમને યાદ હોય તો નાટકમાં ડૉક્ટર એની દર્દી સાથે શબ્દોની એક રમત રમે છે જે જોઈ પ્રેક્ષકોની તાળીઓથી આખું ઑડિટોરિયમ ગુંજી ઊઠતું. એ રમત ત્યાંના ડૉક્ટર્સે સૂચવી હતી.

લતેશભાઈએ સુજાતા મહેતા માટે બેકાબૂ, હિંસક, સ્પ્લિટ પર્સનાલિટી ધરાવતું અને જોતાવેંત પ્રેમમાં પડી જવાય એવું પાત્ર તૈયાર કરી નાખ્યું તો સામે પીઢ ડૉક્ટરના રોલમાં એમણે દીપક ઘીવાળાને કાસ્ટ કર્યા. મોટાભાગે પ્રાયોગિક નાટકો બનાવનાર લતેશભાઈને થયું માત્ર આ બન્ને પાત્રો થકી લોકો સુધી વાર્તા પહોંચાડવી અઘરી પડશે. એના માટે એક સૂત્રધાર જોઈશે. પણ વ્યાવસાયિક નાટકોમાં લોકો સૂત્રધાર સ્વીકારતા નથી એની જાણ લતેશભાઈને હતી એટલે એમણે સૂત્રધારનાં રૂપે એક એવું પાત્ર ઊભું કર્યું જે નાટકમાં સિસ્ટર (નર્સ) અને સિસ્ટર (બહેન)નો રોલ ભજવી લોકો સાથે વાતો કરતાં નાટકની વાર્તા સમજાવતું જાય. અને એ સિસ્ટરનાં રોલમાં કાસ્ટ થયાં હતાં ભૈરવી વૈદ્ય (જેમનું થોડાંક અઠવાડિયા પહેલા જ અવસાન થયું). આમ ધીરેધીરે બીજા પાત્રો તૈયાર કરી લતેશભાઈએ ત્રણ અંકમાંથી બે અંક લખી નાખ્યા.

પછી વાત આવીને ઊભી રહી કે હવે નાટક પ્રોડ્યુસ કોણ કરે? ત્યાં જ અચાનક લતેશભાઈને યાદ આવ્યા ડાયમંડ મર્ચન્ટ બીપીન મહેતા અને કનુભાઈ પટેલ જેઓ રાફડા નાટક જોઈને એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે એક નાટક પ્રોડ્યુસ કરવાની ઈચ્છા દર્શાવી હતી. એ બન્ને આ નાટક પ્રોડ્યુસ કરવા તૈયાર થયા. બીપીનભાઈને ખબર હતી કે એ જમાનામાં નાટકના સો પ્રયોગો કરવા અઘરા હતા. પણ જો થાય તો તો ભયો-ભયો. એટલે એમણે લતેશભાઈને કહ્યું, ''નાટક સો શો સુધી મારું, પછી તમારું.'' લતેશભાઈએ હસીને હા પાડી દીધી.

આમ લતેશભાઈને નાટક માટે નિર્માતા તો મળી ગયા પણ કેમે કરીને રિહર્સલ માટે જગ્યા નહોતી મળતી. એ વખતે જાણીતા અભિનેતા સંજય ગોરડિયા, જેઓ લતેશભાઈનાં નાટકોનું નિર્માણ સંભાળતા, એમણે ખૂબ દોડાદોડી કરી છતાં જગ્યાનો કોઈ મેળ ના પડ્યો. છેવટે જૂના જમાનાનું ભાંગવાડી થિયેટર તૂટીને એની જગ્યાએ નવું મકાન બની રહ્યું હતું ત્યાં રિહર્સલ કરવાના ચાલું થયાં. બોલો, બંધાતા મકાનમાં નાટકનાં રિહર્સલ થયા હોય એવું ક્યારેય કલ્પી શકો છો? પણ ત્યારે એવું પણ બન્યું હતું.

આમ ધીરેધીરે કરતાં ત્રણ મહિના પછી ક્લાઇમેક્સ સીન છોડીને આખું નાટક તૈયાર થઈ ગયું. પણ પહેલા જેમ નિર્માતા નહોતા મળતા, પછી રિહર્સલ માટે જગ્યા નહોતી મળતી એમ હવે નાટકનો પહેલો શો કરવા માટે કોઈ થિયેટર નહોતું મળી રહ્યું. એ વખતે વ્રજલાલ વસાણી અને બચુભાઈ સંપટ (પરેશ રાવલના સસરા) બધા નિર્માતાઓને થિયેટર્સની ડેટ્સ (તારીખો) ફાળવવાનું કામ સંભાળતા. એવામાં એક દિવસ વરિષ્ઠ નિર્માતા રાજેન્દ્ર બુટાલાએ લતેશભાઈને ફોન કરી જણાવ્યું કે, ''મારી પાસે ૧૬મી જાન્યુઆરી, ૧૯૮૩ પાટકર થિયેટરની બપોરની ડેટ છે, પણ કોઈક કારણસર હું ત્યાં મારાં નાટકનો શો કરી શકું એમ નથી. તો જો તારે 'ચિત્કાર'નો શુભારંભ પ્રયોગ ત્યાં કરવો હોય તો તું કરી શકે છે.''

નાટકના કલાકારો તેમ જ બીજા મિત્રોએ લતેશભાઈને ખૂબ સમજાવ્યા કે એ ખરાબ ડેટ કહેવાય. ત્યાંથી નાટક ઓપન કરવું એટલે પોતાના જ હાથે પોતાના પગ પર કુહાડી મારવી. પહેલા જ શો પછી ટીમ નાસીપાસ થઈ જશે. પણ લતેશભાઈને નાટક પર ભરપૂર વિશ્વાસ હતો એટલે એમણે એ ડેટમાં શુભારંભ પ્રયોગ ભજવવાનું નક્કી કર્યું. પછી તો રાબેતા મુજબ નાટકનાં ગ્રૅન્ડ રિહર્સલ શરૂ થયાં. પ્રથમ પ્રયોગના આગલા દિવસ, એટલે કે શનિવાર સાંજ, સુધી નાટકનો છેલ્લો સીન લખાયો નહોતો. કલાકારોને રીડિંગ કરવા બેસાડી લતેશભાઈએ નાટકનો ક્લાઇમેક્સ લખી નાખ્યો. પણ એ સીન સેટ કરતાં એમને કોણ જાણે અચાનક શું સૂઝ્યું કે એમણે મોટેથી કહ્યું, ''આ દૃશ્યમાં સુજાતા બારીનો કાચ તોડી બહાર કૂદી જશે.'' આ સાંભળતાંવેંત આખી ટીમ સ્તબ્ધ થઈ ગઈ અને રિહર્સલ ત્યાં જ અટકી ગયા. સેટ ડિઝાઇનર વિજય કાપડિયા તેમ જ કલાકાર-કસબીઓએ લતેશભાઈને સમજાવતાં કહ્યું, ''આ બહુ જોખમભર્યું છે. આમાં સુજાતાબેનને નિશ્ચિત ઈજા પહોંચી કોઈપણ પ્રકારનો અકસ્માત સર્જાઈ શકે છે.'' પણ આ તરફ લતેશભાઈ પોતાના નિર્ણયમાં અફર હતા તો બીજી તરફ રંગભૂમિને સમર્પિત સુજાતાબેન પણ આ સાહસ ખેડવા તૈયાર થઈ ગયાં હતા એટલે લતેશભાઈએ તાબડતોબ ઘણા બધા કાચ મંગાવી સુજાતાબેનને બારીનો કાચ તોડી બહાર કૂદી પડવાના રિહર્સલ કરાવ્યાં. (જાણ ખાતરઃ વિજયભાઈએ તાત્કાલિક દિમાગ દોડાવી એવી ટેકનિક અપનાવી હતી કે નાટકના ૮૦૦ કરતાં વધારે પ્રયોગોમાં દરેક વખતે નવા કાચ લાવીને તોડવામાં આવતા હતા છતાં સુજાતબેનને એક પણ શોમાં ઊની આંચ પણ નહોતી આવી)

ભૂલી જાઉં એ પહેલા જણાવી દઉં કે નાટકમાં સંગીત શ્રી અજીત મર્ચન્ટનું હતું. ખેર, આખી રાત ગ્રૅન્ડ રિહર્સલ કર્યા બાદ મળસ્કે આખી ટીમ અડધી ઊંઘમાં ઘરભેગી થઈ. બીજે દિવસે બપોરે બે વાગે બધા પાટકર પર ભેગા થયા ત્યાં લતેશભાઈએ ઑર એક ઝટકો આપતાં કહ્યું, ''હવે હું પણ નાટકમાં એન્ટ્રી કરી બે અલગ-અલગ પાત્રો ભજવીશ.'' એમને ખબર હતી કે નાટકના સંવાદોમાં મેડિકલ ટર્મ્સના ઘણા બધા શબ્દો આવતા હતા અને આટલી બધી હડબડાટીમાં એ બોલવામાં જો કોઈ ભૂલ કરી બેસશે તો મજા નહીં આવે. એટલે તેઓ જાતે જો સ્ટેજ પર હાજર હોય તો બાજી સંભાળી શકે. પહેલા શોમાં છેલ્લી ઘડીએ જિદ્દી સ્વભાવના લતેશભાઈ સામે દલીલ કરવાનું ટાળી ટીમે શો પ્રારંભ કર્યો.

પહેલા અંક પછી ઇન્ટરવલમાં બૅકસ્ટેજ પર કોઈ જ મળવા ના આવ્યું એટલે ટીમને નવાઈ લાગી. બીજા અંક પછીના ઇન્ટરવલમાં પણ કોઈ ના આવ્યું ત્યારે તો ટીમને રીતસરની ફાળ જ પડી. પણ નાટકની સમાપ્તિ બાદ પાંચ મિનીટ સુધી કોઈ ના આવ્યું અને આખી ટીમ પડી ભાંગવાની તૈયારીમાં હતી ત્યાં તો લોકોના ટોળેટોળાં સ્ટેજ પર ધસી આવ્યાં અને નાટકનાં ભરપૂર વખાણ કરવા લાગ્યાં. વિજયભાઈ, બચુભાઈ અને શફી ઇનામદારે તો છાતી ઠોકીને કહી દીધું કે આ નાટકનાં ૫૦૦ કરતાં ઓછા પ્રયોગો નહીં થાય, અને તેઓ સાચા પણ પડ્યા. પછી તો એક પછી એક શોની હારમાળા સર્જાવા લાગી અને જે નાટકનો પહેલો શો ભજવવા માટે થિયેટર નહોતું મળી રહ્યું એ નાટકના શો ભજવવા માટે થિયેટરની ડેટ્સ સામેથી સોનાની થાળીમાં પીરસાવા લાગી હતી. આમ ધીરેધીરે નાયર હૉસ્પિટલની એક માનસિક રોગી છોકરીની વાર્તા ઘરઘર સુધી પહોંચવા લાગી.

આ નાટકનાં અમદાવાદમાં પ્રયોગો થતા હતા ત્યારે ત્યાં લૉ ગાર્ડન પાસે આવેલ ઠાકોરભાઈ દેસાઈ માત્ર એક હૉલ જ હતો. લતેશભાઈએ એના ટ્રસ્ટીઓ સાથે વાતો કરી એમાં લાઇટ અને સાઉન્ડની વ્યવસ્થા કરાવતાં એ હૉલને થિયેટરમાં પરિવર્તિત કરાવડાવ્યો. અને એ બની ગયા બાદ ત્યાં પહેલો શો ''ચિત્કાર'' નાટકનો ભજવાયો. ■

(ઉપરોક્ત માહિતીઓ નાટકના લેખક-દિગ્દર્શક લતેશ શાહ સાથે વાતો કરતાં મળી)

**ત્રીજી ઘંટડી**

*આ નાટકના ૮૦૦ કરતાં વધારે પ્રયોગો દરમિયાન સુજાતા મહેતાને છોડીને લગભગ ૨૫૦ જેટલાં રીપ્લેસમેન્ટ થયાં હતાં.*

# અમારી સરકારે ગરીબો માટે ચાર કરોડ પાકા ઘર બાંધ્યા

## ૧૦ કરોડ બનાવટી લાભાર્થીઓને દૂર કર્યાઃ મોદી

નવી દિલ્હીઃ મધ્ય પ્રદેશમાં પ્રત્યેક મતદારના મતમાં 'ત્રિશક્તિ' છે જે રાજ્યમાં ભાજપને ફરી સરકાર રચવામાં અને વડા પ્રધાનને કેન્દ્રમાં મજબૂત કરવામાં મદદરૂપ થઈ શકે એમ છે, એમ નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું.

મોદીએ મતદારોને કૉંગ્રેસની ભ્રષ્ટ સરકારને રાજ્યમાં સત્તાથી દૂર રાખવાની એમ કહીને વિનંતી કરી હતી કે કૉંગ્રેસે સરકારી યોજનાઓ માટે કરોડો બનાવટી લાભાર્થીઓ ઊભા કર્યા હતા.

મધ્ય પ્રદેશમાં ૧૭ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણી અગાઉ સતના ખાતે એક જાહેરસભાને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે અમારી સરકારે ગરીબો માટે ચાર કરોડ પાકા ઘર બાંધ્યા છે, પરંતુ મેં મારા માટે હજુ સુધી એક પણ ઘર નથી બનાવ્યું.

તમારો એક મત મધ્ય પ્રદેશમાં ભાજપને સરકાર રચવામાં મદદ કરશે, એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે તમારો મત મોદીને દિલ્હીમાં વધુ મજબૂત બનાવશે અને કૉંગ્રેસને રાજ્યમાં સત્તાથી માઈલો દૂર રાખશે. મતલબ આ બાબત 'ત્રિશક્તિ'ની જેમ ત્રણ આશ્ચર્ય, એમ મોદીએ કહ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે દેશમાં અમારી સરકાર સત્તા પર આવી ત્યારથી અત્યાર સુધીમાં અમે સરકારી યોજનાઓનો લાભ લેવા કૉંગ્રેસ દ્વારા ઊભા કરવામાં આવેલા ૧૦ કરોડ બનાવટી લાભાર્થીઓને શોધી કાઢી દૂર કર્યા છે.

મધ્ય પ્રદેશના વિકાસ માટે કૉંગ્રેસ પાસે કોઈ નકશો નથી, જ્યારે અમારી સરકાર આપેલા વચનની પૂર્તિ કરવા માટે પ્રતિબદ્ધ છે, એમ તેમણે કહ્યું હતું.

મોદીએ અગાઉની યુપીએ સરકાર પર રાજ્યના વિકાસને રૂંધવાનો આક્ષેપ કર્યો હતો.

એક સમયે કેન્દ્રમાં યુપીએ અને મધ્ય પ્રદેશમાં ભાજપ સરકાર હતી ત્યારે યુપીએ સરકારે દરેક તબક્કે વિકાસને રૂંધવાનો પ્રયાસ કર્યો હતો. ત્યાર બાદ ભાજપની રાજ્ય સરકારને ડબલ એન્જિનની તાકાત મળી હતી.

કૉંગ્રેસે મધ્ય પ્રદેશના વિકાસને અંધારા કુવામાં નાખી દીધો હતો અને ભાજપે તેને અંધારા કુવામાંથી બહાર કાઢવાનું કામ કર્યું ગરીબોના પોતાના ઘરના સપનાનો ભ્રષ્ટ કૉંગ્રેસે નાશ કર્યો હતો, જ્યારે હવે પ્રત્યેક ગરીબને તેનો અધિકાર મળી રહ્યો છે, એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ૧૦ વર્ષમાં ભાજપ સરકારે રૂ. ૩૩ લાખ કરોડ સીધા ગરીબોના ખાતામાં ટ્રાન્સફર કર્યા છે અને તેમાંનો એક પણ રૂપિયો અન્યત્ર વાળવામાં નથી આવ્યો. (એજન્સી)■



**સ્થાપના દિનની ઉજવણીઃ** દેહરાદૂનમાં ગુરુવારે ઉજવવામાં આવેલા ઉત્તરાખંડ સ્થાપના દિનની ઉજવણીની પરેડમાં ઉત્તરાખંડ પોલીસ અધિકારીઓએ પણ ભાગ લીધો હતો. (એજન્સી)

# કેશ ફૉર ક્વૅરીને મામલે મહૂઆ મોઈત્રાને બરતરફ કરવાની ભલામણ પૂર્વગ્રહયુકત

નવી દિલ્હીઃ કેશ ફૉર ક્વૅરીને મામલે ટીએમસીના સાંસદ મહૂઆ મોઈત્રાને ગૃહમાંથી બરતરફ કરવાની લોકસભાની નીતિ વિષયક સમિતિએ કરેલી ભલામણ પૂર્વગ્રહયુકત હોવાનું સૂત્રોએ કહ્યું હતું.

લોકસભાની નીતિ વિષયક સમિતિએ સાંસદને બરતરફ કરવાની ભલામણ કરી હોય તેવું કદાચ આ પ્રથમ જ વાર બન્યું છે, એમ લોકસભાના ભૂતપૂર્વ સેક્રેટરી જનરલ પી ડી ટી આચાર્યએ કહ્યું હતું.

ભાજપના સાંસદ વિનાદકુમાર સોનકરના વડપણ હેઠળની સમિતિની અહીં મળેલી બેઠકમાં મોઈત્રાની બરતરફીની ભલામણના અહેવાલને સ્વીકારવામાં આવ્યો હતો.

સમિતિની આ ભલામણ પૂર્વગ્રહયુક્ત હોવાનું વિપક્ષના ચાર સભ્યએ કહ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર સમિતિએ લોકસભામાંથી મોઈત્રાને બરતરફ કરવાની ભલામણ કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર કૉંગ્રેસના સાંસદ પ્રણિત કૌરે આ ભલામણની તરફેણમાં મત આપ્યો હતો.

આચાર્યએ કહ્યું હતું કે લોકસભાની નીતિ વિષયક સમિતિનો અહેવાલ હવે લોકસભાના સ્પિકર ઓમ બિરલાને મોકલવામાં આવશે અને તેઓ આ મામલે આદેશ આપે એવી શક્યતા છે.

સંસદના આગામી સત્રમાં કમિટિના અધ્યક્ષ આ અહેવાલ ગૃહમાં રજૂ કરશે અને ત્યાર બાદ તેના પર ચર્ચાવિચારણા અને મતદાન કરવામાં આવશે. વર્ષ ૨૦૦૫માં કેશ ફૉર ક્વૅરીને મામલે ૧૧ સાંસદને સંસદમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા, પરંતુ તે સમયે લોકસભાની ઈન્કવાયરી કમિટી અને રાજ્યસભાની નીતિ વિષયક સમિતિ દ્વારા આ ભલામણ કરવામાં આવી હતી. (એજન્સી)■

# સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદઃ આજે ફરી માવઠાંનો વરતારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લાં કેટલાંક દિવસોથી વાતાવરણમાં પલટો આવ્યો છે. રાજ્યમાં હાલ વહેલી સવારે વાદળછાયું વાતાવરણ અને ધુમ્મસ જેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અનેક જિલ્લાઓના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. જેના કારણે દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ, ડાંગ અને અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો. જેના પગલે ખેડૂતોને પાકમાં નુક્સાનની ભીતિ સેવાઈ રહી છે. રાજ્ય હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે શુક્રવારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, વલસાડ અને ડાંગમાં વરસાદની આગાહી કરી છે.

રાજ્ય હવામાન વિભાગના જણાવ્યાનુસાર આગામી ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં હળવા કમોસમી ઝાપટા પડી શકે છે. ગુરુવારે બપોર બાદ જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીનામાં પણ બપોર બાદ અચાનક વાદળ છાયું વાતાવરણ સર્જાયુ હતું અને પછી વરસાદ તૂટી પડ્યો હતો. અચાનક તૂટી પડેલા વરસાદના કારણે રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. જ્યારે ગીર-સોમનાથ જિલ્લાના સાસણગીર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તાર તેમજ અમરેલી જિલ્લાના ધારી પંથકમાં પણ કમોસમી વરસાદના ઝાપટા પડ્યા હતા. જ્યારે ગુજરાતના એકમાત્ર ગિરી મથક ડાંગ જિલ્લાના સાપુતારામાં પણ બપોર બાદ કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદને કારણે ખેડૂતોમા ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. ■

# સરહદે ગોળીબારમાં જવાન શહીદ

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ પાકિસ્તાનના લશ્કર દ્વારા ત્રાસવાદીઓને સરહદ પારથી ભારતમાં ઘુસાડવા દસ દિવસમાં ફરી શસ્ત્રવિરામનો ભંગ કરીને શરૂ કરાયેલા ગોળીબારમાં સીમા સુરક્ષા દળનો એક જવાન શહીદ થયો હતો.

પાકિસ્તાનના ગોળીબારનો ભારતના સૈનિકોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. આ સામસામા ગોળીબારમાં બન્ને બાજુએ અનેક ઘરને નુકસાન થયું હતું.

સાંબા જિલ્લાની પોલીસે જણાવ્યું હતું કે જમ્મુ સરહદે રામગઢ ક્ષેત્રમાં નારાયણપુર સરહદી વિસ્તારમાં સીમા સુરક્ષા દળના ઘાયલ જવાન હેડ કોન્સ્ટેબલ લાલ કરણ કીમાએ ગુરુવારે હૉસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.

પાકિસ્તાનના લશ્કરે બુધવાર અને ગુરુવાર વચ્ચેની રાતે અંદાજે ૧૨ વાગ્યે ગોળીબાર અને તોપમારો કરીને સીમા સુરક્ષા દળ અને સરહદી વિસ્તારના લોકોને ચોંકાવી દીધા હતા. પાકિસ્તાનના સૈનિકોએ અરનિયા અને રામગઢ ક્ષેત્રના સરહદી ગામો અને ચોકીઓને લક્ષ્ય બનાવીને ગોળીબાર અને તોપમારો કર્યો હતો. ચિંતાની વાત એ હતી કે પાકિસ્તાનના લશ્કર દ્વારા મોટા ભાગે નાગરિકોના ઘરોને નિશાન બનાવાઇ રહ્યા હતા અને અનેક તોપગોળા સરહદની ભારતની બાજુએ ત્રણથી ચાર કિલોમીટર અંદર પડતા હતા. ચિનાજ સીમા ચોકી ક્ષેત્રના ગામ ચાનનાના એક રહેવાસીએ જણાવ્યું હતું કે ગોળીબારીને લીધે સામાન્ય લોકો, ખાસ કરીને બાળકો ડરી ગયા હતા અને મોટા ભાગના લોકો ઘરમાં જ બનાવાયેલા બંકરમાં જ છુપાઇને રહ્યા હતા.

ભારત અને પાકિસ્તાનની સરહદે અંદાજે દસ દિવસથી તણાવનું વાતાવરણ ઊભું થયું છે. પાકિસ્તાનના સૈનિકોએ દસ દિવસ પહેલાં ભારતીય સીમામાં ગોળીબાર કર્યો હતો અને તેનો ભારતે જડબાતોડ જવાબ આપતા શસ્ત્રવિરામ કર્યો હતો, પરંતુ દસ દિવસ પછી પાછો ગોળીબાર શરૂ કર્યો હતો. પાકિસ્તાનના સૈનિકો અનેક વાર શસ્ત્રવિરામનો ભંગ કરે છે અને તેથી સરહદી વિસ્તારોમાં બધાને સજાગ રહેવાની સૂચના અપાઇ છે. ■

# ભાજપને સત્તા મળે તો છત્તીસગઢમાંથી નક્સલવાદ નિર્મૂળ કરીશુંઃ અમિત શાહ

જશપુરઃ છત્તીસગઢમાં ભાજપને જો સત્તા મળે તો નક્સલવાદનો પાંચ વર્ષમાં અંત લાવીશું, તેવું કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે કહ્યું હતું. જશપુર મતવિસ્તારમાં એક રેલીને સંબોધન કરતા અમિત શાહે રાજ્યની કૉંગ્રેસ સરકારની આકરી ટીકા કરી હતી. અમિત શાહે કહ્યું હતું કે 'મોદીના નેતૃત્વમાં ચંદ્રયાન જ્યારે ચંદ્ર પર પહોંચ્યું હતું અને ચંદ્ર પર જ્યાં ઊતરાણ કર્યું હતું તે સ્થળને 'શિવશક્તિ' નામ આપવામાં આવ્યું હતું ત્યારે કૉંગ્રેસ સરકારના શાસન દરમિયાન 'મહાદેવ' નામની સટ્ટાબાજીની એપ શરૂ કરવામાં આવી હતી. તેમણે 'મહાદેવ'ના નામનો ઉપયોગ કરવા જેવો ન હતો. લોકો કહે છે કે 'સટ્ટે પે સત્તા', કૌન કર રહા હૈ, ભૂપેશ કડકા'. છત્તીસગઢમાં ડબલ એન્જિન સરકાર રચવા અમિત શાહે લોકોને અપીલ કરી હતી. રાજ્યમાં નક્સલવાદ પાંચ વર્ષમાં હટાવી દેવામાં આવશે, તેવું તેમણે કહ્યું હતું. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં મોટા પાયા પર ધર્મપરિવર્તન કરાયું હતું તેનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું કે દબાણ અથવા લાલચપૂર્વક આદિવાસીઓનું ધર્મપરિવર્તન ભાજવ થવા નહીં દેશે અને આ પ્રવૃત્તિ પર નિયંત્રણ લાવશે. છેલ્લા પાંચ વર્ષમાં સરકાર દ્વારા મોટા પાયા પર ભ્રષ્ટાચાર કરાયો હતો અને ભાજપ સરકાર બને તો તમામ કૌભાંડોની ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવશે અને ગુનેગારોને જેલમાં મોકલવામાં આવશે. છત્તીસગઢ વિધાનસભાની ૯૦ બેઠકમાંથી ૨૦ બેઠક પર મંગળવારે મતદાન કરવામાં આવ્યું હતું. જ્યારે ૧૭મી નવેમ્બરે બાકીની ૭૦ બેઠક પર મતદાન કરવામાં આવશે. મંગળવારે સાંજના ૫.૦૦ કલાક સુધી ૭૦.૮૭ ટકા મતદાન નોંધાયું હતું. ■

# ઈઝરાયલે હમાસના એન્ટિ-ટેન્ક મિસાઈલ યુનિટના વડાને ઠાર કર્યો, ડ્રોન પ્લાન્ટ, હથિયારોનો ડેપો કબજે

જેરૂસલેમઃ ઇઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (આઇડીએફ) એ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ હમાસના એન્ટિ-ટેન્ક મિસાઇલ યુનિટના વડાને હવાઈ હુમલામાં ઠાર કર્યો હતો અને ગાઝામાં હમાસના ડ્રોન ઉત્પાદન પ્લાન્ટ અને હથિયારોના ડેપો શોધ્યો હતો.

આઇડીએફએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઇઝરાયલી સુરક્ષા એજન્સી (આઇએસએ) અને આઇડીએફની ગુપ્ત માહિતીના આધારે, આઇડીએફનાં ફાઇટર જેટે સેન્ટ્રલ કેમ્પ્સ બ્રિગેડમાં હમાસના એન્ટિ-ટેન્ક મિસાઇલ યુનિટના વડા ઇબ્રાહિમ અબુ-મગસિબને મારી નાખ્યો હતો.

જમીન દળોને સહાયતાના ભાગ રૂપે, ઇઝરાયલી નૌકાદળના દળોએ ગાઝા પટ્ટીમાં આઇડીએફના સૈનિકો પર હુમલો કરવા માટે ઉપયોગમાં લેવાતી હમાસ એન્ટિ-ટેન્ક મિસાઇલ લોન્ચિંગ પોસ્ટ્સ પર હુમલો કર્યો હતો.

હમાસે તરત જ મગસિબના મૃત્યુની પુષ્ટિ કરી ન હતી અથવા નકારી કાઢી ન હતી.

આઇડીએફએ એ પણ કહ્યું હતું કે તેણે ગાઝામાં રહેણાંક મકાનની અંદર સ્થિત હમાસ ડ્રોન ઉત્પાદન પ્લાન્ટ અને હથિયારોનો ડેપો શોધી કાઢ્યો છે.

અમારા સૈનિકોએ યુએવી અને શસ્ત્રોના ઉત્પાદન અને સંગ્રહ માટે ઉપયોગમાં લેવાતા હમાસના શસ્ત્રોના ઉત્પાદન અને સંગ્રહની સુવિધા શોધી કાઢી હતી. આ સ્થળ ઉત્તર ગાઝામાં શેખ રદવાનની મધ્યમાં આવેલી શાળાઓની નજીકમાં રહેણાંક મકાનમાં સ્થિત હતું.

અગાઉ તેણે ઉત્તરી ગાઝા પટ્ટીમાં પશ્ચિમી જબાલિયામાં જમીન ઉપર અને વિસ્તારના ભૂગર્ભમાં હમાસ અને ઇસ્લામિક જેહાદીઓ સાથે દસ કલાકની લડાઈ બાદ હમાસનો મુખ્ય ગઢ જીતી લીધો હોવાની વાત જાહેર કરી હતી. ■


## પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ




સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક

૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે

અંધશ્રદ્ધા નહીં પણ સ્વશ્રદ્ધા સાથે શ્રમવાદને પ્રોત્સાહિત કરતું વૈજ્ઞાનિક અભિગમ સાથેનું વાર્ષિક રાશિ ભવિષ્ય

- ★ ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૩-૨૦૨૪-૨૦૨૫.
- ★ તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત-સાંપત્તિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.
- ★ દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.
- ★ સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતો-બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર-પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર-ભરતી-ઓટ કોષ્ટકો.
- ★ સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.
- ★ **મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર- કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.**
- ★ **ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.**
- ★ **સંવત ૨૦૮૦નું રાશિ ભવિષ્ય**
- ★ **ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.**
- ★ **મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.**
- ★ **શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.**

**સંશોધન સભર લેખો**

- મંગળ દોષ
- ઋણ-કર્જ સૂચિત કરતા યોગ/ઋણ મુક્તિ કરતા યોગ
- ગ્રહોની અસર અને અલ્ઝાઈમર
- વરસાદ અને જ્યોતિષશાસ્ત્ર
- વૃષભ રાશિમાં ગુરુનું ભ્રમણ
- સૂર્યાત નક્ષત્રબિંદુ અને ચંદ્રાત નક્ષત્રબિંદુ ફળ
- સંતાન પ્રાપ્તિનો સમય
- મેષ લગ્નમાં પંચમહાપુરુષ યોગ

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૨૨૦૪૫૫૩૧-33 મુંબઈ સમાચાર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬


# દિવાળી પર અયોધ્યામાં અનોખો વિશ્વ રેકોર્ડ સર્જાશે

અયોધ્યાઃ અયોધ્યામાં આ વર્ષે દિવાળી પર ૨૪ લાખ દીવા પ્રગટાવીને અયોધ્યાના ઘાટોને રોશન કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે, અયોધ્યાની દિવીળીને ઐતિહાસિક બનાવવા માટે રામ કી પૌડીના ૫૧ ઘાટો પર સ્વયંસેવકો હાજર રહેશે. જો કે અયોધ્યામાં સરકારે દ્વારા ૨૧ લાખ દીવા પ્રગટાવીને વિશ્વ રેકોર્ડ બનાવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. એટલે એ એક રેકોર્ડ તો બનશે જ, પરંતુ આ દીવા પ્રજજવલિત કરવા માટે ૨૫,૦૦૦થી વધુ સ્વયં સેવકો ખડે પગે રહેશે અને આ એક અનોખો વિશ્વ રેકોર્ડ બનશે.

સ્વયંસેવકો અને સંયોજકોની દેખરેખ હેઠળ તમામ ઘાટ પર ૬૦ થી ૭૦ ટકા દીવા પહેલેથી જ મૂકી દેવામાં આવ્યા છે. દિપાવલીના તહેવારને અલૌકિક અને ઐતિહાસિક બનાવવા માટે જાણે દરેક અયોધ્યા વાસીએ કમર કસી છે. જો કે દીવા પ્રગટાવવાની જવાબદારીઓ નિભાવતા અધિકારીઓને જ ઘાટ પર પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે, જ્યારે સ્વયંસેવકો અને અન્ય લોકોને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલ ઓળખ કાર્ડ સાથે જ દીપોત્સવ સ્થળે પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. સ્વયંસેવકોએ અને જે પણ જવાબદારીમાં નિયુક્ત કરાયેલા હોય એ તમામ લોકોએ પોતાનું આધાર કાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. સ્વયંસેવકો માટે દીવા પ્રગટાવવા માટે ૨.૫ ફૂટ જગ્યા અલગ રાખવામાં આવી છે અને ૧૬ બાય ૧૬ (૨૫૬) લેમ્પના બ્લોક માટે ૪.૫૦ બાય ૪.૫૦ ચોરસ ફૂટ જગ્યા અલગ રાખવામાં આવી છે. તમામ ઘાટ પર દીવા લગાવવાનું કામ આજ રોજ પૂરું કરવામાં આવશે. અને ૧૦ નવેમ્બરના એટલે કે શુક્રવારના રોજ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ દ્વારા દીવાઓની ગણતરી કરવામાં આવશે.

આ તમામ કાર્ય માટે ખાસ કેટલીક સૂચનાઓ પણ આપવામાં આવી હતી જેમકે દીપોત્સવના દિવસે સ્વયંસેવકો અને ઘાટ પ્રભારીઓએ સુતરાઉ વસ્ત્રો પહેરવાના રહેશે તેમ જ જોવા આવનાર દરેક વ્યક્તિને અમુક અંતરે જ ઊભા રહેવાનું રહેશે. નોંધનીય છે કે સ્વયંસેવકો માટે ખાસ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. ■

# તેલંગણાના મંત્રી રામારાવ પ્રચાર વાહન પરથી પડતા-પડતા રહી ગયા

હૈદરાબાદઃ તેલંગણામાં શાસકપક્ષ બીઆરએસના કાર્યકારી પ્રમુખ કે.ટી. રામારાવ ગુરુવારે નિઝામાબાદ જિલ્લાના આર્મૂર શહેરમાં રોડ-શો દરમિયાન ડ્રાઇવરે અચાનક બ્રેક મારતા ખુલ્લા વાહનમાંથી નીચે પડી ગયા હતા.

તેલંગણાના મંત્રી રામારાવ અને બીઆરએસ રાજ્યસભાના સાંસદ કે.આર. સુરેશ રેડ્ડી કે જેઓ પક્ષના ઉમેદવાર અને હાલના ધારાસભ્ય જીવન રેડ્ડીની સાથે ઉમેદવારી નોંધાવવા માટે જતા હતા, તેઓ પ્રચાર વાહન પર ઊભા હતા. આ ઘટનાના વીડિયોમાં રામારાવ, એમપી અને એમએલએ, જેઓ વાહન પર મુસાફરી કરી રહ્યા હતા ત્યારે અચાનક ડ્રાઇવરે બ્રેક મારતા વાહનની રેલિંગ તૂટી ગઇ હોવાનું જોવા મળે છે. પોલીસના જણાવ્યા અનુસાર રામારાવ મધ્યમાં ઊભા હતા, બ્રેક લાગતા તેઓ વાહન પર મૂકવામાં આવેલા સ્પીકર પર પડ્યા હતા. જ્યારે ધારાસભ્ય અને સાંસદ વાહન પરથી પડી ગયા હતા, પરંતુ વાન સાથે દોડી રહેલા પોલીસ કર્મચારીઓએ તેમને પકડી લીધા હતા અને બન્નેને રસ્તા પર પડતા અટકાવ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટનામાં કોઇને ઇજા થઇ ન હતી અને તરત જ તેઓને એક કારમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રારંભિક માહિતીના આધારે અધિકારીએ જણાવ્યું હતું કે, વાનની આગળ ચાલતા વાહનના ડ્રાઇવરે અચાનક તેની સામે કોઇ આવતા બ્રેક મારવી પડી હતી, જેથી વાનના ડ્રાઇવરે પણ અચાનક બ્રેક મારવાની ફરજ પડી ત્યારે આ ઘટના બની હતી. બાદમાં જીવન રેડ્ડીએ ઉમેદવારી નોંધાવી હતી. ત્યારબાદ સ્વસ્થ રામારાવ કોડાંગલ રોડ શોમાં ભાગ લેવા માટે રવાના થયા હતા. ■

# મેઘાલય ૬૩ BC લીટર વરસાદી પાણીમાંથી માત્ર એક BC લીટર જાળવવા સક્ષમ

## જલશક્તિ મંત્રાલય દ્વારા મંજૂર વધારાના પ્રોત્સાહનો સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય મેઘાલય

શિલોંગઃ મેઘાલયના મુખ્ય પ્રધાન કોનરાડ કે, સંગમાએ જણાવ્યું હતું કે, ઉત્તરપૂર્વીય રાજ્ય વરસાદ દ્વારા વાર્ષિક ૬૩ બિલિયન ક્યુબિક લિટર પાણી મેળવે છે, પરંતુ તેમ માત્ર એક બિલિયન ક્યુબિક લિટર પાણી જાળવી રાખવામાં સક્ષમ છે.

તેમણે બુધવારે મેઘાલય વોટર સ્માર્ટ કિડ ઝુંબેશની શરૂઆત કરતી વખતે આ વાત કહી હતી, જે બાળકોમાં જળ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે જલ જીવન મિશન હેઠળની પહેલ છે. મુખ્ય પ્રધાને જણાવ્યું કે, મેઘાલય પૃથ્વી પરના સૌથી ભીના સ્થળોમાંનું એક છે. અમને વાર્ષિક ૬૩ બિલિયન ક્યુબિક લિટર પાણી મળે છે, જેમાંથી ૩૧ બિલિયન ક્યુબિક લિટર બંગલાદેશ અને ૩૧ બિલિયન ક્યુબિક લિટર આસામમાં વહી જાય છે.

તેમણે માહિતી આપી હતી કે, રાજ્યભરમાં પાણીનો ઉપયોગ કરવા અને વિવિધ ભૂમિ કાયાકલ્પ યોજનાઓ દ્વારા ભૂગર્ભજળના સ્તરને વધારવા માટે ૧,૦૦૦ જળાશયો બાંધવામાં આવી રહ્યા છે. અમે પાણીનો ઉપયોગ કરવા માટે નક્કર પ્રયાસો કરી રહ્યા છીએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પબ્લિક હેલ્થ એન્જિનિયરિંગ વિભાગને જેજેએમ અને ઇએપીએસ હેઠળ જંગી ભંડોળ મળ્યું છે, જે લગભગ ૮,૦૦૦ કરોડની આસપાસ છે. તેમણે કહ્યું કે રાજ્યે ચાર લાખથી વધુ ઘરગથ્થુ ફિક્સ વોટર કનેક્શન પૂર્ણ કર્યા છે અને માર્ચ ૨૦૨૪ સુધીમાં છ લાખનો લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવશે. સીએમએ કહ્યું કે, જેજેએમ હેઠળ, મેઘાલયને જલ શક્તિ મંત્રાલય દ્વારા મંજૂર વધારાના પ્રોત્સાહનો સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તરીકે પુરસ્કાર આપવામાં આવ્યો છે. ■

# અમદાવાદને બીજું દિલ્હી બનતું અટકાવવા મ્યુનિ. કમિશનરની તાકીદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં દિન પ્રતિદિન હવાનું પ્રદૂષણ વધી રહ્યું છે. ખાસ કરીને શહેરના રખિયાલ અને રાયખડ વિસ્તારમાં સૌથી વધુ હવાનું પ્રદૂષણ હોવાનું બહાર આવ્યું છે. શહેરના રખિયાલ વિસ્તારમાં ફેક્ટરીઓ અને ઇન્ડસ્ટ્રીઝ આવેલી છે અને રાયખડ વિસ્તારમાં વાહનો સૌથી વધુ પ્રદૂષણ ફેલાવે છે, તેના કારણે આ વિસ્તારોની હવા ઝેરી બની રહી છે. અમદાવાદમાં વધતા જતા હવા પ્રદૂષણને લઇ મનપાએ ખાસ પ્લાન બનાવવા માટેની સૂચના રિવ્યુ કમિટીમાં આપી હતી. આ ઉપરાંત ડસ્ટ ફ્રી રોડ માટે પણ તાકીદ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ મનપા કમિશનરના અધ્યક્ષ સ્થાને મળેલી રિવ્યુ બેઠકમાં શહેરની એર ક્વોલીટી બાબતે સઘન ચર્ચા કરવામાં આવી હતી. શહેરમાં વધતા જતા પ્રદૂષણ મામલે અધિકારીઓએ મનપા કમિશનરને જાણકારી આપી હતી. કમિશનરે કહ્યું હતું આ બાબતે અધિકારીઓ પાસેથી સૂચન માગ્યા હતા. હવાના પ્રદૂષણ અંગે હેલ્થ ઓફિસરોને કામગીરી સોંપી અને જ્યાં પણ સૌથી વધુ હોવાનું પ્રદૂષણ જોવા મળે તેના કારણો તપાસી સંબંધિત વિભાગો પાસે કામગીરી કરાવવા માટે જણાવ્યું હતું. એર પોલ્યુશન રોકવા માટે એસ્ટેટ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ સહિતના વિભાગોને કામગીરી અંગે સૂચના આપવામાં આપી હતી, કાંકરીયા રેલવે યાર્ડ પાસેથી જે ટ્રકો પસાર થાય છે તેમાંથી માટી ઊડે છે, તેના કારણે પણ પ્રદૂષણ ફેલાય છે. આ બાબતે રેલવે સાથે સંકલન કરીને કામગીરી કરવા જવાબદાર વિભાગને સૂચના આપી હતી. ચાલુ બાંધકામ સાઈટો ઉપર ગ્રીન નેટ લગાવી સાઈટોની આસપાસ વોટર સ્પ્રીંક્લર લગાવવા જેના કારણે માટી ન ઉડે વગેરે બાબતે સૂચના આપી હતી.

# ગાંધીનગરમાં ૬૨ નવનિયુક્ત મદદનીશ પ્રાધ્યાપકોને નિમણૂક પત્ર એનાયત કરાયા

## રાજ્ય આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના હસ્તે એનાયત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે ઉચ્ચ શિક્ષણ પ્રધાન ઋષિકેશ પટેલના અધ્યક્ષ સ્થાને જી.પી.એસ.સી. દ્વારા પસંદગી પામેલા મદદનીશ અધ્યાપકોને નિમણૂક પત્ર એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના હસ્તે વિવિધ વિદ્યાશાખાના કુલ ૬૨ મદદનીશ પ્રાધ્યાપકોને નિમણૂક પત્ર અને પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

નવનિયુક્ત ઉમેદવારોને શુભેચ્છાઓ પાઠવતા ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, ગુજરાતનું શિક્ષણ ગુજરાતના વિદ્યાર્થીઓને વિશ્વકક્ષાએ ગૌરવભેર ઊભા રહેવાની ક્ષમતા આપે છે અને પરિણામે આજે ગુજરાત વિશ્વકક્ષાએ પોંખાતું થયું છે, જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે. આ ક્ષમતામાં વધારો કરવા, ઉચ્ચ શિક્ષણક્ષેત્રે ઉત્તમ માળખાકીય સુવિધા પૂરી પાડવી અને એમાં સક્ષમ અધ્યાપકોની સત્વરે નિમણૂક કરવી એ રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ છે. આજે એ જ ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા જી.પી.એસ.સી. દ્વારા પસંદગી પામેલા મદદનીશ પ્રાધ્યાપકોને નિમણૂક આપવામાં આવી છે. ત્યારે નવનિયુક્ત પ્રાધ્યાપકો પણ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને તેમને યોગ્ય રાહે દોરી એક શિક્ષકથી વધુ ગુરુનો દરજ્જો મેળવશે, તેવો પ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, શિક્ષણથી વિશેષ કોઈ સેવા નથી અને વિદ્યાદાન સર્વ દાન કરતાં શ્રેષ્ઠ છે. આપ સૌ ભાગ્યશાળી છો કે શિક્ષણ તમને સેવારૂપે પ્રાપ્ત થયું છે. નવા પ્રાધ્યાપકો વિદ્યાના પ્રકાશ થકી અનેક વિદ્યાર્થીઓનાં જીવનને નવી રાહ આપે, તેવી પટેલે શુભકામનાઓ પાઠવી હતી. અંતમાં પ્રધાને સૌને દીપાવલિના પાવન પર્વ અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જી.પી.એસ.સી. દ્વારા મદદનીશ પ્રાધ્યાપક તરીકે પસંદગી પામેલા ઉમેદવારો પૈકી આંકડાશાસ્ત્રના ૧૧, હિન્દીના ૨૧, ગણિતશાસ્ત્રના ૧૧, વાણિજ્યના ૧૬, અર્થશાસ્ત્રના ૦૨ અને ગુજરાતીના ૦૧ મળી કુલ ૬૨ મદદનીશ પ્રાધ્યાપકોને નિમણૂક આપવામાં આવી છે. ■

# સુરતમાં વ્યસ્ત રોડ પર ૩૮ કરોડના ખર્ચે બનેલા ફ્લાયઓવરનું સી આર પાટીલના હસ્તે લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાહન ચાલકોની સતત અવર-જવર વચ્ચે વ્યસ્ત રહેતા સુરતના ભાઠેના-પર્વત પાટિયા રોડ ઉપર સુરત મહાનગરપાલિકા દ્વારા રૂપિયા ૩૮ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ ટૂ બાય ટૂ લેન ફ્લાયઓવર બ્રિજનું ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બ્રિજ શરૂ થતાની સાથે વાહન ચાલકોને ભારે ટ્રાફિક જામની સમસ્યામાંથી મોટી રાહત મળી રહેવાની વકી છે. ઉલ્લેખનિય છે કે, સુરત મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલા આ બ્રિજની લંબાઈ ૫૮૦ મીટર છે. ભાઠેનાથી પર્વત પાટિયા અને પર્વત પાટિયાથી ભાઠેના તરફ એમ બે લેનનો આ બ્રિજ જાહેર જનતા માટે ગુરુવારથી ખુલ્લો મુકાયો હતો.

સુરત શહેરની બ્રિજ સિટી તરીકે પણ પોતાની એક આગવી ઓળખ છે ત્યારે શહેરીજનોની સુખાકારી અને ટ્રાફિક જામ મુક્તની નેમ સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા ઉત્તરોત્તર ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જ્યાં ડાયમંડ અને ટેક્સટાઇલ સિટી સુરતમાં વધુ એક બ્રિજ ઉમેરાયો હતો. સુરતના ભાઠેનાથી પર્વત પાટિયા અને પર્વત પાટિયાથી ભાઠેના તરફના માર્ગ ઉપર રોજબરોજ ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે.

અહીં ધંધા ઉદ્યોગ અને ટ્રાન્સપોર્ટ આવેલા હોવાથી વાહનોના આવાગમનમાં પણ વધારો થયો છે. જેના પરિણામે અહીં દરરોજ ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. જે ટ્રાફિકની સમસ્યામાંથી લોકોને રાહત અપાવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા રૂપિયા ૩૮ કરોડના ખર્ચે ભાઠેનાથી પર્વત પાટિયા અને પર્વત પાટિયાથી ભાઠેના તરફના માર્ગ પર ટૂ બાય ટૂ લેનનો ફ્લાયઓવર બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. બંને તરફની લંબાઈ ૧૧૬૦ મીટર છે. આ બ્રિજ માત્ર ૨૪ માસની અંદર તૈયાર કરવામાં આવ્યો છે.

બ્રિજના લોકાર્પણ પ્રસંગે ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સુરત શહેર એ બ્રિજ સિટી તરીકે જાણીતું થયું છે. ડાયમંડ અને ટેક્સટાઇલ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરની તરીકેની એક આગવી ઓળખ બની છે.

દેશ અને દુનિયામાં સૌથી વધુ બ્રિજ સુરત શહેરમાં છે. શહેરમાં આજે ૧૨૧ બ્રિજની સંખ્યા સાથે દેશ અને દુનિયામાં સુરત શહેર પ્રથમ ક્રમે છે. લોકોની સગવડતા અને ટ્રાફિકજામની સમસ્યા ના થાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા લોકોનું સુખાકારી માટે આ સુવિધા ઊભી કરવામાં આવી છે. શહેરના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા પણ મહાનગરપાલિકાને ગ્રાન્ટ પૂરી પાડવામાં આવે છે. જે રીતે શહેરનો વિકાસ ઝડપથી વધી રહ્યો છે. ■

# મોરબીમાં ડુપ્લીકેટ દારૂની ફેક્ટરીમાંથી ૧૧ આરોપી ઝડપાયાઃ ૧૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીના રફાળેશ્વર વિસ્તારમાં આવેલી એક બંધ પડેલી ખાનગી ફેક્ટરીના ભાડે આપેલા ગોડાઉનમાં ગેરકાયદેસર ધમધમતી દેશી દારૂની ફેક્ટરી પોલીસે પકડી પાડી હતી. પોલીસે તેમાં કામ કરતા ૧૧ શખ્સ પાસેથી દારૂ, ખાલી બોટલો, મશીનરી તેમ જ ૧૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મોરબીના રફાળેશ્વર વિસ્તારમાં આવેલા એક બંધ પડેલી ખાનગી ફેક્ટરીમાં મુખ્ય આરોપી સુરેશકુમાર ઉપરાંત અન્ય મળીને આધુનિક સેન્સરવાળા મશીનથી દારૂ ભરતા હતા. વિશ્વજીત, ચંદ્રપ્રકાશ, રિંકુ, રાજકુમાર, લીલાધર, નિલેશ, ધર્મેન્દ્ર, રણજીત, બલવાન અને સચિન નામના શખ્સને ઝડપી લઇ તમામની પૂછપરછ શરૂ કરી હતી. ફેકટરીમાં આધુનિક સેન્સરવાળા મશીન રાખી દારૂ ભરવામાં આવતો હતો. એક જાણિતી વિદેશી બ્રાંડનો ડુપ્લિકેટ દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે ફેક્ટરીમાં હાજર ૧૧ લોકોને ઝડપી લીધા હતા. તેમજ તેમની પાસેથી ૧૫ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ■

# જામજોધપુરમાંથી ૧૦૦ કિલો ભેળસેળયુક્ત ઘી ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લાના જામજોધપુર પોલીસે ફૂડ એન્ડ સેફ્ટી વિભાગના અધિકારી સાથે મળીને જામજોધપુરમાં આવેલી એક જાણીતી ડેરી પર દરોડો પાડીને તેનો વેપારી તહેવારો દરમિયાન ભેળસેળયુક્ત ઘી વેચતો હોવાની જાણ થતાં ડેરીમાંથી ૧૦૦ કિલો ભેળસેળયુક્ત ઘી જપ્ત કરવામાં આવ્યું હતું. પોલીસે વેપારીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસને બાતમી મળી હતી કે, જામજોધપુરના બહુચરાજી મંદિર પાસે આવેલી એક જાણીતી ડેરીની દુકાનમાં તેના સંચાલક બિપીન ગોહેલ તહેવારો દરમિયાન ભેળસેળયુક્ત ઘીનું વેચાણ કરે છે. ફૂડ વિભાગના અધિકારીઓ સાથે પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ડેરી અને તેના ઘરમાંથી ૧૦૦ કિલો નકલી ઘી મળી આવ્યું હતું. ફૂડ એન્ડ સેફ્ટી વિભાગના અધિકારીની હાજરીમાં પોલીસે ભેળસેળયુક્ત ઘીના જથ્થાના સેમ્પલ લીધા હતા અને તેને ટેસ્ટિંગ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. ■

# સુરતમાં થયેલી કરોડોના કોપરની લૂંટ કરનાર ચાર ઝડપાયા

અમદાવાદઃ સુરત પોલીસે કોપરનો સ્ક્રેપ સામાન, ટ્રક મળી ૮૬.૭૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી લૂંટનો પ્લાન ઘડનાર તેમજ ટ્રક ચાલક મળી કુલ ૪ આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે લૂંટમાં રાજ્ય બહારથી આવેલ ઈસમોને પણ વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.સુરતના કડોદરા વિસ્તારમાં એક કારખાનામાં કામદારોને બંધક બનાવીને લૂંટારાઓએ હથિયાર બતાવી કોપર વાયરની મોટી માત્રામાં લૂંટ ચલાવી હતી. ૧૫થી વધુ લૂંટારુઓ ટ્રક લઈને આવ્યા હતા. ઘાતક હથિયારો સાથે લૂંટ ચલાવી હતી ૧૭ ટન કોપર પ્રોડક્ટ ટ્રકમાં ભરીને એક કરોડથી વધુનો સામાન લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. પોલીસ બતમીદારો મારફત આરોપીઓ સુધી પહોંચી ગઈ હતી. પોલીસે ધરપકડ કરેલ ચાર આરોપી પૈકી નાના તાનાજી દુશાને કે જે કામરેજ ના ઉભેળ ખાતે ચિકન શોપ ચલાવે છે એ બહારથી માણસો બોલાવી લૂંટ કરાવતો હતો. જ્યારે અન્ય આરોપી અને ડીંડોલી પ્રયાશો પાર્ક સોસાયટીના ફ્લેટ નં. ૧૦૪ માં રહેતો અને ભંગારનો વેપાર કરનાર પારસમલ ઉદયલાલે નાના દુશાને સાથે મળી લૂંટનો પ્લાન બનાવ્યો હતો. કરોડો ની લૂંટ પાછળ પારસમલ મુખ્ય આરોપી છે. કારણ કારખાનામાં જી એસ ટી એ સામાન સિઝ કર્યો એ ખબર હતી. જેથી એ સામાન તેણે લૂંટી લેવા પ્લાન બનાવ્યો હતો. પોલીસ એ ૧૩ હજાર કિલો કોપરનો સ્ક્રેપ અને ટ્રક મળી રૂ. ૮૬.૭૧ લાખ નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસે તપાસ શરૂ કરતાં સામાન લૂંટ કરી જે ટ્રકમાં લઇ જવાય એ ટ્રકના સીસીટીવી પણ પોલીસને હાથ લાગ્યા હતા. જોકે લૂંટમાં મુંબઇ તરફથી રીઢા ગુનેગારો નરેશ ઉર્ફે મોંટુ તેમજ તેના સાગરીતો ને બોલાવ્યા હતા. જેથી એ આરોપીઓને પણ વોન્ટેડ જાહેર કર્યા હતો. ■

# પાકિસ્તાનની જેલમાં બંધ ગુજરાતના ૮૦ માછીમારોને મુક્ત કરાયા

અમદાવાદઃ પાકિસ્તાનની જેલમાં બંધ ૮૦ જેટલા માછીમારોને મુક્ત કરાયા હતા. જેને પગલે પાકિસ્તાનની જેલમાં બંધ ગુજરાતના માછીમારોના પરિવારોની દિવાળી સુધરી ગઇ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પાકિસ્તાનની જેલમાં કેદ ૮૦ ગુજરાતી માછીમારોને બુધવારના રોજ પાકિસ્તાને મુક્ત કર્યા હતા. આ માછીમારો ૧૦ નવેમ્બરના વાઘા બોર્ડર પર પહોંચશે જ્યાંથી તમામને ટ્રેન મારફતે વેરાવળ લાવવામાં આવશે. જોકે હજુ ૧૪૩ ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ છે. આ તમામ ૮૦ ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં ૨૦૨૧થી કેદ હતા. આમાં ગીર સોમનાથ જિલ્લાના ૫૯, દેવભૂમિ દ્વારકાના ૧૫, જામનગરના એક, અમરેલીના બે, દીવના ત્રણ માછીમારોને પાકિસ્તાને મુક્ત કર્યા હતા. તાજેતરમાં જ બીમારીના કારણે પાકિસ્તાનની કરાચી જેલમાં બંધ કોડીનાર તાલુકાના દુદાણા ગામના માછીમાર ભુપત વાળાનું મોત થયું હતું. ભુપત વાળાના મૃતદેહને દુદાણા ગામ ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં ગ્રામજનોએ તેમના અંતિમસંસ્કાર કર્યા હતા. ■

# બરોડા ડેરીના પ્રમુખપદે ફરી એકવાર દીનુ મામાની નિમણૂક

અમદાવાદઃ વડોદરા જિલ્લા સહકારી ક્ષેત્રે અગ્રણી બરોડા ડેરીના પ્રમુખ તરીકે ફરી દિનેશ પટેલ ઉર્ફે દિનુમામાની નિમણૂક થઈ હતી. જ્યારે ઉપપ્રમુખ તરીકે જી.બી. સોલંકીને યથાવત રાખવામાં આવ્યા હતા એક વ્યક્તિ બે હોદ્દાના નિયમને કારણે જિલ્લા ભાજપા પ્રમુખ સતિષ પટેલને બરોડા ડેરીના પ્રમુખપદેથી મુક્ત કરવામાં આવ્યા હતા. બરોડા ડેરીના પ્રમુખપદેથી સતીશ પટેલે તાજેતરમાં રાજીનામું આપી દીધું હતું તે બાદ દીનુ મામાને પ્રમુખ પદની જવાબદારી સોંપવામાં આવે તે નિશ્ચિત હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર મધ્ય ગુજરાતના પ્રભારી ગોરધન ઝડફિયાએ ગુરુવારે બરોડા ડેરીના પ્રમુખપદે દિનેશ પટેલ દિનુમામાના નામની જાહેરાત કરી હતી. તે સાથે ઉપપ્રમુખપ્રદે જી. બી. સોલંકીનું નામ યથાવત રાખવામાં આવ્યું હતું. દિનુમામાના નામની જાહેરાત થતા જ તેમના સમર્થકો અને શુભેચ્છકો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, બરોડા ડેરીના પ્રમુખ તરીકે ફરી એકવાર નિમાયેલા દિનેશ પટેલ દિનુ મામાએ ગત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સામે બળવો કર્યો હતો અને વિધાનસભાની ચૂંટણી લડયા હતા. જેના કારણે તેઓને ભાજપામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તે બાદ સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે બરોડા ડેરીના પ્રમુખ અને વહીવટકર્તાઓ સામે ખેડૂતોના પ્રશ્નોને લઈને આંદોલન ચલાવ્યું હતું અને ભ્રષ્ટાચારના પણ આક્ષેપો મૂક્યા હતા.ત્યારે દિનુમામાએ બરોડા ડેરીના પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું હતું. ■

# ગુજરાત કેડરના આઈપીએસ વી. ચંદ્રશેખરની પસંદગી સીબીઆઇ જોઈન્ટ ડાયરેક્ટર તરીકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારે એક આદેશ દ્વારા ગુજરાત કેડરના આઇપીએસ વી. ચંદ્રશેખરની નિમણૂક સીબીઆઇના જોઇન્ટ ડાયરેક્ટર તરીકે કરી છે. આ પહેલા ચંદ્રશેખર સીબીઆઈમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અને ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ તરીકે પણ કામ કરી ચૂક્યા છે.

આદેશમાં અપાયેલ માહિતી અનુસાર ૨૦૦૦ બેચના અધિકારી ચંદ્રશેખર સીબીઆઈમાં જોઈન્ટ ડાયરેક્ટર તરીકે કામ કરશે. ગુજરાત કેડરના આઇપીએસ અધિકારીની આગામી પાંચ વર્ષ માટે સીબીઆઇમાં નિમણૂક કરવામાં આવી છે. તેઓ સીબીઆઈમાં જોઈન્ટ ડાયરેક્ટર તરીકે કામ કરશે. ચંદ્રશેખર આ પહેલાં કેન્દ્રીય તપાસ એજન્સીમાં પણ કામ કરી ચુક્યા છે.

ચંદ્રશેખર હાલમાં સુરત રેન્જ આઈજી તરીકે કાર્યરત હતા. તાજેતરમાં સુરતના કડોદરા અપહરણ કેસની તપાસ તેમના નેતૃત્વમાં પૂર્ણ થઈ હતી. મૂળ તમિલનાડુના વી ચંદ્રશેખરે એગ્રિકલ્ચરમાં પીજીની ડિગ્રી મેળવી છે. તેઓ અગાઉ ગુજરાતના અનેક જિલ્લાઓમાં કામ કરી ચૂક્યા છે. તેઓ થોડા સમય માટે અમદાવાદ રેન્જ આઈજી તરીકે પણ હતા.

તાજેતરમાં ગુજરાતના આઇપીએસની કામગીરીમાં મોટા ફેરફારો થયા ત્યારે વી ચંદ્રશેખરને સુરત રેન્જ આઈજીની કમાન સોંપવામાં આવી હતી. અગાઉ તેઓ સીઆઇઆઇ, હૈદરાબાદ ઓફિસમાં પણ હતા. ■

# દાહોદ અને બગોદરાના અકસ્માતમાં પાંચ લોકોનાં મોતઃ ત્રણની હાલત ગંભીર

અમદાવાદઃ દાહોદ જિલ્લાના જેસાવાડા નજીક પીકપ અને બાઈક વચ્ચે સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જયારે એક ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતો. અન્ય એક અકસ્માતમાં અમદાવાદ-બગોદરા હાઈવે પર રાયકા ચોકડી નજીક અજાણ્યા વાહને એક કારને અડફેટે લેતા કારમાં સવાર બે યુવકોનાં ઘટના સ્થળે મોત નીપજ્યાં હતા. જ્યારે અન્ય બે યુવકને ગંભીર ઇજાઓ પહોંચતા સારવાર અર્થે સોલા સિવિલ અને બાવળા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ગુનો નોંધી મૃતદેહો પીએમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લાના જેસાવાડા નજીક પીકઅપ વાહને મોટર સાઇકલ પર સવાર પરિવારને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટર સાઇકલ સવાર માતા પિતા અને પુત્રનું મોત નીપજ્યું હતું. જ્યારે પુત્રીને ગંભીર ઇજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોત નીપજતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી મૃતકોમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાને પગલે જિલ્લામાં શોકનું મોજું ફરી વળ્યું હતું. દરમિયાન બાવળા ગામના ચાર યુવકો કારમાં જમવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન અજાણ્યા વાહને કારને ટક્કર મારતા કારમાં સવાર બે યુવકોએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. જ્યારે અન્ય બે યુવકને ગંભીર ઇજાઓ પહોંચી હતી. જેમને સારવાર માટે હૉસ્પિટલ ખેસડવામાં આવ્યા હતા. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિભાગ | સાર્વજનિક આરોગ્ય વિભાગ |
| ડિવિઝન | ડૉ. આર. એન. કૂપર હોસ્પિટલ, જુહુ |
| બીડ નં. | ૭૨૦૦૦૬૫૯૧૪, ૭૨૦૦૦૬૫૯૧૬, ૭૨૦૦૦૬૫૯૧૭, ૭૨૦૦૦૬૫૯૧૮ |
| વિષય | ૧. ટેબ સીતાગ્લીપ્ટીન ૧૦૦ એમજીની ખરીદી<br>૨. એકઝામીનેશન ગ્લવ્ઝ પાવડર ફ્રી નોન-સ્ટેરાઈલ ૨૯ સેમીની ખરીદી<br>૩. સીરપ લેક્ટુલોઝ ૧૦ ગ્રામ/ બોટલ (૧૦૦ મીલી)ની ખરીદી<br>૪. ઈન્ફ્યુઝન સેટની ખરીદી |
| ઈ-ટેન્ડરનું વેચાણ & સુપ્રતિ | ૧૦-૧૧-૨૦૨૩ના ૧૩.૦૦ ક.થી ૧૭-૧૧-૨૦૨૩ના ૧૫.૦૦ ક. સુધી |
| નીચે જણાવેલ પેકેટના ખુલવાની તા. અને સમય<br>પેકેટ 'એ'<br>પેકેટ 'બી' | <br><br>૨૦-૧૧-૨૦૨૩ના ૧૬.૦૦ ક. પછી<br>૨૦-૧૧-૨૦૨૩ના ૧૬.૩૦ ક. પછી |
| પેકેટ 'સી'ના ખુલવાની તા. અને સમય | ૨૪-૧૧-૨૦૨૩ના ૧૫.૦૦ ક. પછી |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ એ) નામ | શ્રીકાન્ત ખરાટ (હેડ ફાર્માસીસ્ટ) |
| બી) ટેલિફોન (ઓફિસ) | ૦૨૨-૨૬૨૦૭૨૫૭ એક્ષ્ટે. નં. ૨૩૧ |
| સી) ઈ-મેઈલ સરનામું | head01pharma.cooper@mcgm.gov.in |

સહી/-
ડીન
H.B.T. મેડીકલ કોલેજ &
ડૉ. આર. એન. કૂપર હોસ્પિટલ

PRO/1945/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન G20

W/623/5/1/NIT

ઈ-ટેન્ડરીંગ નોટીસ

તારીખઃ ૦૬.૧૧.૨૦૨૩

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા "ઓપન ટેન્ડર" મંગાવે છે. વિગતો નીચે મુજબ છે.

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | રૂ.માં બારડી | પૂર્ણતાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | RTM- ૨૦૨૩-૨૪-૧૨૧ | ૬૯,૬૭,૫૩૭.૧૯ | ૧,૩૯,૪૦૦.૦૦ | ૦૮ મહિના |
| | ઉજ્જૈનઃ- રેલવે કોલોની ખાતે સ્યૂઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (૧.૦ લાખ લી.)ની જોગવાઈ અને ઈન્સ્ટોલીંગ | | | |
| | અંદાજિત જથ્થોઃ ટેન્ડર શેડ્યૂલ મુજબ. કામનો સમાન પ્રકારઃ એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ETP) અથવા સ્યૂઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) અથવા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું બાંધકામ | | | |
| ૨ | RTM- ૨૦૨૩-૨૪-૧૨૨ | ૮૮,૮૦,૪૫૮.૭૪ | ૧,૭૭,૭૦૦.૦૦ | ૦૮ મહિના |
| | ઈન્દોરઃ કોચિંગ ડેપો ખાતે સીક લાઈનમાં પીટનું નિર્માણ | | | |
| | અંદાજિત જથ્થોઃ ટેન્ડર શેડ્યૂલ મુજબ. કામનો સમાન પ્રકારઃ કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કામ. | | | |

વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૧૬.૧૦.૨૦૨૩ ટેન્ડરને ખોલવાની તારીખઃ ૧૮.૧૧.૨૦૨૩. વિગતવાર ટેન્ડર નોટિસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (W/A)
રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

AK/5/1/323

અમને લાઈક કરો: www.facebook.com/WesternRly | અમને ફોલો કરો: www.twitter.com/WesternRly



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે

જાળવણી કામો

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (કોચીંગ), મુંબઈ સેન્ટ્રલ- ૪૦૦૦૦૮ ઈ-ટેન્ડર નોટીસ નંબરઃ WR-MMCTOECOA (ECTD)/ ૩૬/૨૦૨૩ (કોમ્પ્યુટર નં. ૪૩૪૫૬૦ O/o SR DEE/CHG/MMCT/WR મંગાવે છે. કામનું નામઃ બે વર્ષ માટે બાંદ્રા ટર્મિનસ કોચિંગ ડેપોની ટ્રેઈન સેવાઓને સંલગ્ન M/S ગ્રીવ્સ કોટન અને M/S કોએલ મેક DG સેટ ઈક્વિપ્ડ પાવર કાર્સની ચેક/ ટ્રીપ જાળવણી સાથે એસ્કોર્ટિંગ ડ્યૂટી. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૫૧૭૯૭૦૦૨.૭૯/- બીડ સિક્યુરીટીઃ રૂ. ૪૦૯૦૦૦/-. સુપ્રતિની તારીખ અને સમયઃ ૦૭.૧૨.૨૦૨૩ના ૧૫.૦૦ કલાકે. ખોલવાની તારીખ અને સમયઃ ૦૭.૧૨.૨૦૨૩ના ૧૫.૩૦ કલાકે. નોંધઃ ટેન્ડર દસ્તાવેજો, સુધારો અને વધુ વિગતો ડાઉનલોડ કરવા માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0833

અમને લાઈક કરો: facebook.com/WesternRly



પશ્ચિમ રેલવે

નિરિક્ષણ વ્યવસ્થાની જોગવાઈ

Dy.CE (બ્રિજ-લાઈન)-દાદર, પશ્ચિમ રેલવે ઈ-ટેન્ડર નંબરઃ DYCE-BR-DDR-૨૦૨૩-૧૪ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ ડિવિઝનના SSE (B) ભાયંદર હેઠળ ભાયંદર-નાયગાંવ સ્ટેશનો વચ્ચેની લાઈન દ્વારા મહત્વપૂર્ણ Br. નં. ૭૩ UP & DN પર નિરિક્ષણ વ્યવસ્થાની જોગવાઈ. કામની અંદાજિત કિંમતઃ રૂા. ૫૭૦૪૧૫૧૧.૭૩/- બારડીઃ રૂા. ૪૩૫૨૦૦ ઈ-ટેન્ડરની સુપ્રતિ માટેની તારીખ અને સમય અને ઈ-ટેન્ડરની ખોલવાની તારીખઃ ઓનલાઈન ટેન્ડર ૦૭.૧૨.૨૦૨૩ના ૧૫.૦૦ કલાક પહેલા સુપ્રત કરવાનું રહેશે અને તે જ તારીખઃ ૦૭.૧૨.૨૦૨૩ના ૧૫.૩૦ કલાકે ખોલવામાં આવશે. વેબસાઈટ વિગતો અને સ્થળ માટેની નોટિસ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય વગેરેઃ વેબસાઈટ @www.ireps.gov.in 0831

અમને લાઈક કરો: facebook.com/WesternRly



મધ્ય રેલવે

સિગ્નલિંગ ઈક્વીપમેન્ટ

તેના સ્થળ સાથે કામનું નામઃ મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝનમાં ગુડ્સ યાર્ડના યુનિફિકેશનના અને લાંબા અંતર અને ઉપનગરીય ટ્રાફિકના સેગ્રીગેશનના કામના સંબંધમાં કલ્યાણ યાર્ડમાં આઉટ ડોર સિગ્નલિંગ ઈક્વીપમેન્ટની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૧૯,૦૫,૪૨,૨૫૪.૫૦ જમા કરાનાર બાના રકમઃ રૂ. ૧૧,૦૨,૭૦૦.૦૦. ટેન્ડરના બંધ થવા માટેની તારીખ અને સમયઃ ૦૫.૧૨.૨૦૨૩ના ૧૫.૦૦ કલાકે. ટેન્ડર ખોલવા માટેની તારીખ અને સમયઃ ૦૫.૧૨.૨૦૨૩ના ૧૫:૩૦ કલાકે. વેબસાઈટ વિગતો અને નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે. વેબસાઈટ www.ireps.gov.in અને ડે. ચીફ સિગ્નલ & ટેલિકોમ એન્જિનિયર, (બાંધકામ), મધ્ય રેલવે, તિલક બ્રિજ નજીક, દાદર, મુંબઈ-૪૦૦૦૨૮ની ઓફિસ. સુધારા (જો કોઈ હોય તો) ફક્ત વેબસાઈટ પર જ પ્રકાશિત કરવામાં આવશે. ટેન્ડર નોટીસ નંબર DR.N.C.S&T.Tender.2023.10 તારીખઃ ૦૧.૧૧.૨૦૨૩ 660

ટિકિટ માટે UTS APP ડાઉનલોડ કરો



પશ્ચિમ રેલવે

સાઈડ પાથવેની જોગવાઈ

DY.CE (બ્રિજ-લાઈન)-દાદર, પશ્ચિમ રેલવે ઈ-ટેન્ડર નંબરઃ DYCE-BR-DDR-૨૦૨૩-૧૩ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ ડિવિઝનમાં ADEN (Br.) વલસાડની હકૂમતમાં SSE (બ્રિજ) ભાયંદરની વૈતરણા-સફાલે સેક્શન વચ્ચે Br. નં. ૯૩ ઉપર સાઈડ પાથવેની જોગવાઈ. કામની અંદાજિત કિંમતઃ રૂા. ૧૫૬૨૯૦૭૯.૩૧/-. બારડીઃ રૂા. ૨૨૮૨૦૦.૦૦. ઈ-ટેન્ડરની સુપ્રતિ તારીખ અને સમય અને ઈ-ટેન્ડરની તારીખ અને સમયઃ ઓનલાઈન ટેન્ડર ૦૭.૧૨.૨૦૨૩ના ૧૫.૦૦ કલાક પહેલા સુપ્રત કરવાનું રહેશે અને તેજ તારીખ-૦૭.૧૨.૨૦૨૩ના ૧૫.૩૦ કલાકે ખોલવામાં આવશે. વેબસાઈટ વિગતો અને સ્થળ માટેની નોટિસ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય વગેરેઃ વેબસાઈટ @www.ireps.gov.in 0832

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



પશ્ચિમ રેલવે

સિગ્નલિંગ કામ

સિનિયર SDTE/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ, ૨જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ક્ર.નં. ૧ ઈ-ટેન્ડર નંબર SG_૨૧૬_૨_૯૩_WA_ABSS_૦૩ Stn તા. ૦૭.૧૧.૨૦૨૩ મંગાવે છે. કામ અને સ્થળઃ અમૃત ભારત સ્ટેશન સ્કીમના સંબંધમાં મુંબઈ વિભાગના ઉધના-જલગાંવ સેક્શનના અમલનેર, બારડોલી અને ધરણગાંવ સ્ટેશન પર નવા ૧૨ મી. પહોળા ફૂટ ઓવર બ્રિજના બાંધકામના સંબંધમાં સિગ્નલિંગનું કામ. કામની અંદાજિત કિંમતઃ રૂા. ૭૦,૦૬,૯૨૮.૭૦/- બારડીઃ રૂા. ૧,૪૦,૧૦૦/- સુપ્રતિ માટે બંધ થવા માટેની તારીખ અને સમયઃ ૩૦.૧૧.૨૦૨૩ના ૧૫.૦૦ કલાક સુધી. ખોલવા માટેની તારીખ અને સમયઃ ૩૦.૧૧.૨૦૨૩ના ૧૫.૩૦ કલાકે. ક્ર.નં. ૨. ઈ-ટેન્ડર નંબર SG_૨૧૬_૨_૯૩_WA_ABSS_૦૬ Stn તા. ૦૭.૧૧.૨૦૨૩ કામ અને સ્થળઃ અમૃત ભારત સ્ટેશન સ્કીમના સંબંધમાં મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેક્શનના બીલીમોરા, ભેસ્તાન, સચિન, સંજાણ, ઉમરગામ અને વાપી સ્ટેશન પર નવા ૧૨મી પહોળા ફૂટ ઓવર બ્રિજોનું બાંધકામના સંબંધમાં સિગ્નલિંગ કામ. કામની અંદાજિત કિંમતઃ રૂા. ૧,૩૪,૬૫,૦૩૧.૫૬/- બારડીઃ રૂા. ૨,૧૭,૩૦૦/-. સુપ્રતિ માટે બંધ થવા માટેની તારીખ અને સમયઃ ૦૪.૧૨.૨૦૨૩ના ૧૫.૦૦ કલાક સુધી. ખોલવા માટેની તારીખ અને સમયઃ ૦૪.૧૨.૨૦૨૩ના ૧૫.૩૦ કલાકે. ખાસ ઓફિસ જ્યાં બંને ઈ-ટેન્ડર ખૂલશે. ઉપરોકત દર્શાવેલ ઓફિસ સરનામું ટેન્ડર વેબસાઈટઃ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0829

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

એન્જિનિયરીંગ વિભાગ

"ઈ"-ટેન્ડર નોટીસ -

ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓ

ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-BRC 095 2023-24. ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 નીચેના કાર્ય માટે ઈ- ટેન્ડર્સ આમંત્રિત કરે છે. ક્ર. સં. 01 ટેન્ડર નં. અને કામનું નામ : DRM-BRC 095 of 2023-24. 02 વર્ષ 2023-25 માટે એસએસઈ પીવે એમએચડીના અધિકાર ક્ષેત્ર હેઠળ ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ. કામની અંદાજિત પડતર (₹ માં): 2,39,10,895.16 જમા કરાવવાની બીડ સિક્યોરીટી (₹ માં) : 2,69,600.00 ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ટેન્ડર 28.11.2023 ના 15.00 કલાક પહેલાં સુધી જમા કરાવવાના રહેશે અને તે એ જ દિવસે 15.30 કલાકે ખોલવામાં આવશે. વેબસાઈટની વિગતો અને નોટિસનું સ્થળ જ્યાંથી સંપૂર્ણ માહિતી જોઈ શકાય અને કચેરીનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. W/623/NIT of 2023-24 dated 03.11.2023 227

અમને લાઈક કરો: facebook.com/WesternRly



પશ્ચિમ રેલવે

ટ્રેક રિન્યૂઅલની સેવાની જોગવાઈ

ચીફ એન્જિનિયર/TMC, પશ્ચિમ રેલવે, ચર્ચગેટ ઈ-ટેન્ડર નંબરઃ W૬૪૧-૨૨-૨૩-૦૫ મંગાવે છે. કામનું વર્ણનઃ સંચાલન અને નિભાવ માટે તેના પોતાના સ્પેર્સ, કોન્ઝ્યુમેબલ્સ, સ્ટાફ ઈ. સાથે સર્વિસ પ્રદાતાના પોતાના મશીનોનો ઉપયોગ કરીને, સેવાના સ્કોપ મુજબ પ.રે.ના તમામ BG રૂટો પર મુખ્ય લાઈન ટ્રેકના તમામ પ્રકારનું ટ્રેક રીન્યુઅલની સેવાની જોગવાઈ / બેઝ ડેપોનું સેટીંગ તથા તેનું સંચાલન અને નિભાવ, તથા ૧૫ વર્ષની મુદત માટે તમામ ઈન્સીડેન્ટલ સાઈટ વર્ક. કુલ ટેન્ડર મૂલ્યઃ રૂ. ૨૧૩,૪૮,૬૮,૧૪૯.૧૮/-. બારડીઃ રૂ. ૧ કરોડ. ઈ-ટેન્ડરને બંધ થવાની તારીખઃ ૦૮-૧૨-૨૦૨૩ના ૧૧.૦૦ કલાક સુધી. ઈ-ટેન્ડરને ખોલવાની તારીખઃ ૦૮-૧૨-૨૦૨૩ના ૧૧.૧૫ કલાકે. નોંધઃ ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરની ટેન્ડર દસ્તાવેજ સાથેની સંપૂર્ણ માહિતી ટેન્ડર ખોલવાની પાકતી તારીખ સુધી વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. 0830

અમને લાઈક કરો : facebook.com/WesternRly



પશ્ચિમ રેલવે - અમદાવાદ

સર્વે અને બાંધકામ

ઈ-ટેન્ડર નોટીસ

સર્વે અને બાંધકામનું કામ

(i) કામનું નામ તેના સ્થળ સહિતઃ ઈ- ટેન્ડર નં. Dy.CE-C-IV-ADI-PTN-BLDI-44: કૂવાના પાયા અને પુલ (આરયુબી/એલએચએસ) No.99 (1x 12.20m પીએસસી) પર બ્રિજ નંબર 100 (13X 30.50 મીટર સ્પાન ઓપન વેબ ગર્ડર)નું બાંધકામ સ્લેબ) વિવિધ સહિત. પિચિંગ, ટો વોલ, ફ્લોર પ્રોટેક્શન, ફોર્મેશનમાં માટીકામ, બ્લેન્કેટિંગ, ટ્રોલી રિફ્યુઝ, બ્રોડગેજ લાઈન બિછાવી અને લિંક કરવી, ટ્રેક ટેમ્પિંગ, એલડબ્લ્યુઆરને ડિસ્ટ્રેસ્ટિંગ, માર્ગ સામગ્રીનું પરિવહન, સ્ટોન બેલાસ્ટનો સપ્લાય અને સ્ટેકીંગ અને અન્ય જેવા કામો. વિવિધ પશ્ચિમ રેલ્વે પર અમદાવાદ ડિવિઝનના પાટણ-ભીલડી બીજી સેક્શન પર ડાયવર્ટેડ એલાઈનમેન્ટ પર નવા મોટા બ્રિજ બીજી નંબર 100 ના નિર્માણના સંબંધમાં કામ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી કામો. (ii) પૂર્ણ કરવાનો સમયગાળો : 18 (અઢાર) મહિના. (ચોમાસા સહિત). (iii) કામની અંદાજીત પડતર : ₹ 83,46,45,689.06 (iv) જમા કરાવવાની અર્નેસ્ટ મની: ₹ 43,23,200.00 (v) બિડ/ સુધારેલી બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : 28.11.2023 ના 15.00 કલાક સુધી. (vi) ઈ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમય : 28.11.2023 ના રોજ 15.00 કલાક પછી ગમે ત્યારે. (vii) તમામ ટેન્ડરર્સે એનેક્ષર-V માં આપ્યા પ્રમાણે સર્ટિફિકેટ જમાં કરાવવું ફરજીયાત છે. જેના આધારિત ટેન્ડરર્સની યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. (viii) વેબસાઈટની વિગતો અને નોટિસ બોર્ડનું સ્થળ કે જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાશે તેમજઓફિસનું સરનામુ : લાયકાતના માપદંડો સહિત ટેન્ડરની સંપૂર્ણ વિગતો પશ્ચિમ રેલવે પર ઉપલબ્ધ છે વેબસાઈટ www.ireps.gov.in ડેપ્યુટી ચીફ એન્જિનિયર (સી) આઈવી, નિર્માણ ભવન, જીસીએસ હોસ્પિટલ સામે, નરોડા રોડ, ડીઆરએમ ઓફિસ પાસે, અમદાવાદ-382345. કોઈપણ સ્પષ્ટીકરણના કિસ્સામાં ફર્મ ઉપરોક્ત કાર્યાલયનો કામકાજના કલાકો દરમ્યાન રૂબરૂ અથવા મો. નં. 9724093252 પર સંપર્ક કરી શકશો. 52

અમને લાઈક કરો: facebook.com/WesternRly

મુખ્ય પ્રધાને આપી દિવાળીની ભેટ

# મેટ્રો ૨-એ અને ૭ પર હવે છેલ્લી ટ્રેન ૧૧.00 વાગ્યે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની બીજી લાઈફલાઈન તરીકેની પ્રતિષ્ઠા મેળવી રહેલી મુંબઈ મેટ્રોમાં હવે રાતે મોડે સુધી પ્રવાસ કરી શકાશે. રાજ્ય સરકારે મેટ્રો ૨-એ અને મેટ્રો -૭ પર છેલ્લી ટ્રેનના સમયમાં વધારો કરીને દિવાળીની ભેટ આપી છે. શનિવારથી અમલમાં આવી રહેલા સમયપત્રક મુજબ ૧૦.૩૦થી વધારીને ૧૧.૦૦ વાગ્યે છેલ્લી ટ્રેન રવાના થશે. મુંબઈગરાના હિતના નિર્ણયને જાહેર કરતાં મુખ્ય પ્રધાને કહ્યું હતું કે પ્રવાસીઓને હવે ૧૧ નવેમ્બરથી રાતે ૧૧ વાગ્યા સુધી પર્યાવરણ પૂરક અને આરામદાયક મેટ્રોમાં મુસાફરી કરવા મળશે.

મુંબઈ મેટ્રો ૨-એ અંધેરી વેસ્ટના અને મેટ્રો માર્ગ ૭ના ગુંદવલી સ્ટેશન પરથી હવે છેલ્લી મેટ્રો ટ્રેન ૧૦.૩૦ ને બદલે રાતે ૧૧ વાગ્યે રવાના થશે અત્યારે આ રૂટ પર સોમવારથી શુક્રવાર સુધી સવારે ૫.૫૫થી રાતે ૧૦.૩૦ સુધીમાં ૨૫૩ ફેરી દોડાવવામાં આવે છે. દર ૧૦ મિનિટે મેટ્રોની ફેરી થતી હોય છે. હવે સમય વધારવામાં આવ્યો હોવાથી ફેરીની સંખ્યા વધીને ૨૫૭ થશે. આવી જ રીતે રાતે ૧૦ વાગ્યા પછી દહિસર વેસ્ટથી ગુંદવલી સુધીમાં બે વધારાની મેટ્રો ફેરી અને દહાણુકરવાડી છે અંધેરી વેસ્ટ સુધીમાં બે વધારાની મેટ્રો ફેરી ઉપલબ્ધ થશે. મેટ્રો ૨-એ અને મેટ્રો -૭ પર અત્યાર સુધીમાં છ કરોડ નાગરિકે પ્રવાસ કર્યો છે. ૧૬ લાખ મુંબઈગરાએ અત્યાર સુધીમાં વન કાર્ડ ખરીદ્યું છે. ■


## ક્લાસિફાઈડ

**૯. લગ્ન સંબંધી**

■ વિધવા, વિધુર, કુંવારા અલ્ટ્રામોર્ડન સ્માર્ટ ભાઈ બહેનો, સુખી લગ્નજીવન માટે 7046555148, 9867510027. (દહેજ નહીં). (બી-૧૩૨૧૭)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૩૭૬૪-એ)

**૧૦. મહિલાઓ માટે**

**કાનનાં મોટાકાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૩૧૭૨)

**૧૪. નોકરી ખાલી છે**

**રસોઈ - મહારાજ**
**કાંદિવલી - મહાવીર નગરમાં, NRI ગુજરાતી કપલની રસોઈ માટે મહારાજ જોઈએ. સવારના 10 થી સાંજના 8 (પગાર 25000/-) સાયલી 7304789135. (૧૩૮૦૪-એ)**

**૧૭. જગ્યા આપવી છે**

**અંધેરી (ઈસ્ટ)**
ચકાલા લિવલાયસંસ ૧ BHK ફર્નિશ્ડ 48,000/- ખાર સ્ટેશન પાસે 3 BHK ફર્નિશ્ડ પાર્કિંગ 85,000/- તુરંત કબજો, 9820296693 કટારિયા એજન્ટ. (૧૩૭૭૧/એ)

**દાદર પશ્ચિમ**
પ્લાઝા સિનેમા પાસે, ગુરુકૃપા, પ્રાઈમ લોકેશન વિશાળ 2 BHK, 650 ચોરસ ફૂટ, 3.50 કરોડ તિરુપતિ 9819692697/ 9820028191. (બી-૧૩૨૨૨)

**નવા ટાવરમાં**
અદ્યતન સુવિધા સાથે ઘાટકોપર ઈસ્ટ ઓફ ૯૦ ફીટ રોડ, ૧ બેડરૂમ ફક્ત ૮૮ લાખ, ૨ બેડરૂમ ૧.૩૫ કરોડ. પઝેસન જાન્યુઆરી 24. ગુરુકૃપા ૯૮૭૦૦૦૧૬૦૨ / ૯૩૨૪૦૫૧૬૦૨. (જી/૨૪૮૫-સી)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા, વેચવા, ભાડેથી સંપર્ક:- રાજેશ દડીયા 9326495003 / 9322762805. (૧૧૭૮૮-એ)

**વસઈ - કામણ**
**સાતીવલી - વાલીવ - હાઈવે - સિરસાડ - પોમણ - બાપાને - સસુનવઘર - ઈન્ડસ્ટ્રીયલ - ગાળા - શેડ - યુનિટ - પ્લોટ - લેવા - વેચવા - ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**૨૩. મનોરંજન**

**પ્રાર્થનાસભા બજેટથી**
લગ્નગીત, સંગીત સંધ્યા, મહેંદી, સાંજી, એનીવર્સરી. KARAOKE મનસુખભાઈ: 9326801860, 8169552801. (૧૩૭૬૫-એ)

**૨૭. ઔષધ ઉપચાર**

**સર્જીકલ મોલ**
**એડલ્ટ ડાયપર/બેબી વાઈટસ/બાથ ટોવેલ્સ Vissco - Tynor પ્રોડક્ટસ હોલસેલ ભાવથી મળશે. જીગર સર્જીકલ - 8779915552. (એસડીબી-૧૫૧૨)**

**૩૩. ધંધાદારી**

**૩૩. ધંધાદારી**

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
48 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

**''એમ. મોતીલાલ મસાલાવાલા''**
**''મઠિયા'', ''ચોળાફળી'', ''મુખવાસ'' ''Dryfruit Gift Boxes.'' Bhuleshwar : 8169631554, Kandivali : 9987922146. (૧૩૭૮૬/એ)**

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

***શાસ્ત્રીજી***
જૂના જાણકાર કુંડલી દ્વારા દરેક સમસ્યાનું ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમલગન, ધારેલું કામ, શત્રુપીડા તુરંત નિકાલ 9765396401. (બી-૧૩૦૮૭)

■ ઓમસાગર જ્યોતિષ (જ્યોતિષ સમ્રાટ) તાત્કાલિક કામ, 3 પેઢીથી સ્થાયી કાર્યાલય, લવ પ્રોબ્લેમ, પ્રેમીમિલન, શત્રુનાશ, લગ્ન વિશે ચિંતા, રાજીખુશીથી છૂટાછેડા, ધંધામાં નુકસાન, જન્માક્ષર, ફોનથી કામ (ફ્રી સલાહ), (મુંબઈ, અમદાવાદ), 9712423531. (બી-૧૩૦૨૯)

■ રાજકીરો જ્યોતિષ, (વર્ષોના અનુભવી) ફોનથી કામ, લવ પ્રોબ્લેમ, પ્રેમીમિલન, જન્માક્ષર, છૂટાછેડા, પ્રેમલગ્ન, પતિ-પત્ની સંતાન કહેવામાં નથી, વ્યાપાર વૃદ્ધિ, શેરબજારમાં નફો, ધારેલા કામ (મુંબઈ, અમદાવાદ). 9998035329. (બી-૧૩૦૩૦)

**૫૨. કુરીઅર્સ**

**એડબ્લ્યુસીસી પ્રા. લિ.**
આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસા પાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૧૩૨૨૪)

**એસડી એક્સપ્રેસ**
**પરદેશમાં પાર્સલ - લંડન, અમેરિકા, કેનેડા દુનિયાભરમાં પહોંચાડીશું. 9702233554. (૧૩૭૭૪/એ)**

**વિદેશમાં પાર્સલ**
ઘેરબેઠા ઝડપી, બેસ્ટ રેટ સર્વિસ સસ્તામાં મેળવો. સંપર્ક - 7039519317 - દિવ્યમ દવે. (બી-૧૩૨૧૯)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૩૧૯૨-સી)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com



(B-13223)


પ્રદૂષણને ડામવા પાલિકા સજ્જ

# મુંબઈના એન્ટ્રી પોઈન્ટ પર થશે વાહનોની ધુલાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પ્રદૂષણ મુક્ત કરવા અને હવાની ગુણવત્તાનો સ્તર ૧૦૦ની નીચે લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ૨૭ નિયમો સાથેની ગાઈડલાઈન બહાર પાડ્યા બાદ હવે દિવાળીના તહેવારની ઉજવણી ફટાકડા મુક્ત કરવાની અપીલ મુંબઈગરાને કરી છે. એ સાથે જ મુંબઈમાં ધૂળને નિયંત્રણમાં લાવવા માટે મુંબઈના એન્ટ્રી પોઈન્ટ પર વાહનોની સફાઈની સાથે જ મુંબઈના રસ્તાને દરરોજ ધોવાની સાથે જ શહેરમાં ડમ્પિંગ ગ્રાઉન્ડથી લઈને રસ્તા પર ગમે ત્યાં આગ લગાડનારાઓ પર નજર રાખવા સ્પેશિયલ સ્કવોડ નીમવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે કહ્યું હતું.

મુંબઈ છેલ્લા થોડા દિવસથી પ્રદૂષણનું સ્તર વધી રહ્યું છે ત્યારે બુધવારે પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે કહ્યું હતું કે ધૂળનું પ્રમાણ ઘટાડવા માટે મુંબઈ બહારથી આવતા વાહનોની મુંબઈના એન્ટ્રી પોઈન્ટ પર જ સફાઈ કરવાની યોજના છે. મુંબઈની બહારથી રોજના લાખો વાહનો મુંબઈમાં પ્રવેશ કરે છે અને તે વાહનો પોતાની સાથે જ ધૂળ લઈને મુંબઈમાં પ્રવેશ કરે નહીં તે માટે મુંબઈના દહિસર, મુલુંડ, માનખુર્દ, ઐરોલી જેવા એન્ટ્રી પોઈન્ટ પર જેટ પ્રેશર મશીન બેસાડવાનો વિચાર છે, જે વાહનોના પૈડામાં ચોંટેલી ધૂળ સહિત વાહન ઉપર રહેલી ધૂળને સાફ કરશે. તેમ જ મોડી રાતે શહેરમાં પ્રવેશતા વાહનોને લઈને પણ સાવચેતી રાખવાની જરૂર છે. તેથી પાલિકા જેટ સ્પ્રેયર્સ પણ લાગુ કરવાની યોજના બનાવી રહી છે.

કમિશનરે વધુમાં કહ્યું હતું કે દિલ્હીની માફક હજી સુધી મુંબઈમાં ઍર પોલ્યુશનને કારણે પરિસ્થિતિ એટલી ગંભીર થઈ નથી કે ગ્રેડેડ રિસ્પોન્સ ઍક્શન પ્લાન (ગ્રેપ)ને અમલમાં મૂકવો પડે. જોકે આગામી દિવસોમાં તેની જરૂરિયાત પડી શકે છે. મુંબઈનો હાલમાં ઍર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ)નો સ્તર ૧૦૦થી ૨૦૦ની વચ્ચે છે, છતાં સુધરાઈનું લક્ષ્ય ૧૦૦નો સ્તર જાળવી રાખવાનો રહેશે.

નિષ્ણાતોના મતે જોકે ગ્રેપ લાવવાનું યોગ્ય રહેશે. ભારતીય હવામાન ખાતું વરસાદની ચેતવણી માટે પીળો, ઓરેન્જ, લાલ જેવા ઍલર્ટ આપે છે. જ્યારે રેડ ઍલર્ટ હોય ત્યારે મોટાભાગના લોકો પ્રવાસ કરવાનું ટાળે છે. મુંબઈમાં પણ પ્રદૂષણના પ્રકરણમાં આવી સિસ્ટમ હોવી આવશ્યક છે, જેથી નાગરિકો પણ ઍર પોલ્યુશન લઈને શું સાવચેતી રાખવી તેનાથી માહિતીગાર રહી શકે છે.

મુંબઈમાં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે પાલિકાએ અનેક ઉપાયયોજના આગામી દિવસમાં અમલમાં મૂકવાની હોવાનું જણાવતા પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે કહ્યું હતું કે આગામી દિવસોમાં મુંબઈમાં પ્રદૂષણનું સ્તર ૧૦૦ની આસપાસ જળવાઈ રહે અને તેનાથી પણ નીચે લાવવાના પ્રયાસ કરવામાં આવવાના છે, તે માટે પાલિકાએ અમલમાં મૂકેલી ૨૭ નિયમો સાથેની ગાઈડલાઈનનું ચુસ્ત રીતે પાલન કરાવવાની સાથે જ અનેક યોજનાને અમલમાં મૂકવાના છીએ. ■

## મુંબઈના રસ્તા દરરોજ ધોવાશે

મુંબઈમાં મોટી સંખ્યામાં બાંધકામ ચાલી રહ્યા છે, તેને કારણે ધૂળ પણ ભારે માત્રામાં ઊડી રહી છે. તેથી મુંબઈના મુખ્ય રસ્તાઓ અને ભારે ટ્રાફિક રહેતા હોય તેવા રસ્તાઓ થતા ફૂટપાથને ધોવાનું ચાલુ કરવામાં આવ્યું છે. મુંબઈમાં કુલ ૨૦૫૦ કિલોમીટર લંબાઈના રસ્તા છે અને પાલિકાની દરરોજ ૬૦૦ કિલોમીટર જેટલા રસ્તાને સાફ કરવાની યોજના છે. દર ત્રીજા દિવસે એજ રસ્તો ફરી ધોવાઈ એ રીતની યોજના અમલમાં મૂકવામાં આવી છે. રસ્તાની રોજ સફાઈ થશે તો ધૂળ પણ સાફ થશે.

## રાતના ૧૦ વાગ્યા બાદ ફટાકડા ફોડ્યા તો આવી બનશે

પ્રદૂષણનું સ્તર દિવાળીને તહેવારમાં કથળી જાય નહીં તે માટે પાલિકાએ કમર કસી છે. દિવાળી દરમિયાન મોટી માત્રામાં ઝેરી ધુમાડો છોડનારા ફટાકડા ફોડવામાં આવતા હોય છે અને તેને કારણે પ્રદૂષણના સ્તરમાં હજી વધારો થાય છે. તેથી પાલિકા કમિશરને લોકોને પ્રદૂષણ મુક્ત દિવાળી ઉજવવાની અપીલ કરી હતી. એ સાથે જ તેમણે કહ્યું હતું કે મુંબઈમાં દિવાળી દરમિયાન રાતના સાતથી દસ વાગ્યા સુધી ફટાકડા ફોડવાની મંજૂરી રહેશે અને ત્યારબાદ ફટાકડા ફોડનારા સામે કાર્યવાહી કરવામાં આવશે. લોકો આપેલી સમય મુદતમાં જ ફટાકડા ફોડે તે જોવાની જવાબદારી મુંબઈ પોલીસની રહેશે. રાતના દસ વાગ્યા બાદ ફટાકડા ફોડનારા સામે ગુનો પણ નોંધાશે.

## ડમ્પિંગ ગ્રાઉન્ડમાં આગ પર નજર રાખવા રાઉન્ડ ધ ક્લોક માર્શલ

પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે ત્યારે શહેરમાં રસ્તા પર ગમે ત્યાં લોકોને કચરામાં આગ લગાવતા રોકોવા તેમ જ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં આગ લગાવતી રોકવા માટે અઠવાડિયાના સાતે દિવસ ૨૪ કલાક માટે સ્પેશિયલ માર્શલ તેમ જ રાતના સમયમાં ગમે ત્યાં કોઈ કાટમાળ ફેંકીને જાય નહીં તેના પર નજર રાખવા માટે ૫૦૦ જેટલા માર્શલ તહેનાત કરવામાં આવવાના છે.

## તલોજામાં પ્રદૂષણ ફેલાવતાં યુનિટ બંધ કરો

મુંબઈની નજીક આવેલા તલોજાની એમઆઈડીસીમાં મોટી માત્રામાં કેમિકલ ફેક્ટરી સહિત ઉદ્યોગધંધા આવેલા છે. તલોજા મુંબઈની નજીક છે અને ત્યાના કારખાનાને કારણે પ્રદૂષણ થતું હોય તે હવાથી ફેલાઈને મુંબઈ આવી શકે છે અને મુંબઈના વાતાવરણને નુકસાન થઈ શકે છે, તેથી પ્રદૂષણ ફેલાવતા કારખાનાને બંધ કરવાની નોટિસ આપવાની વિનંતી એમઆઈડીસીને કરવામાં આવી હોવાનું કમિશનરે કહ્યું હતું.

# શહેરમાં ૧,000થી વધુ બાંધકામ સાઈટ્સને પ્રદૂષણ નિયંત્રણમાં લાવવાની સુધરાઈની નોટિસ

## બીકેસીમાં બુલેટ ટ્રેન કન્સ્ટ્રક્શન સાઈટને પણ નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ૨૭ સૂચનો સાથેની ગાઈડલાઈનનું પાલન નહીં કરનારા સામે સ્ટોપ વર્કસથી લઈને આકરા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં બીકેસીમાં હવાની ગુણવત્તા ઘસરી જતા પાલિકાએ બીકેસીમાં બુલેટ ટ્રેનની કન્સ્ટ્રકશન સાઈટને નોટિસ ફટકારી હતી. તો છેલ્લા બે દિવસમાં મુંબઈમાં ૧,૦૦૦થી વધુ સાઈટ્‌ને ધૂળને નિયંત્રણમાં લાવવા માટેની સૂચના આપતી નોટિસ ફટકારી છે.

બાંદ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ (બીકેસી)માં બુલેટ ટ્રેન સહિત મેટ્રો વગેરેના અનેક પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે. છેલ્લા થોડા દિવસથી બીકેસીમાં ઍર ક્વોલિટી ઈન્ડેક્સ ઊંચો નોંધાયો હતો. તેથી બીકેસીમાં બુલેટ ટ્રેનની કન્સ્ટ્રકશન સાઈટને ઍર પોલ્યુશનને નિયંત્રણમાં લાવવા માટે નોટિસ મોકલવામાં આવી છે, તેમ જ ધૂળને નિયંત્રણમાં લાવવા માટેની બીએમસીએ બહાર પાડેલી ગાઈડલાઈનનું પાલન નહીં કર્યું તો હવે સ્ટોપ વર્કની નોટિસ ફટકારવામાં આવશે એવું પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે કહ્યું હતું.

પાલિકાએ નીમેલી સ્કવોડ ટીમ દ્વારા મુંબઈમાં અનેક વિસ્તારોમાં ઈન્સ્પેકશન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે પાલિકાએ બહાર પાડેલી ગાઈડલાઈનનું પાલન કરવામાં નિષ્ફળ જતા સાંતાક્રુઝ, ખાર અને બાંદ્રા વિસ્તારમાં ૬૨ જેટલી સ્ટોપ વર્ક નોટિસ કન્સ્ટ્રકશન સાઈટ અને રેડી મિક્સ કૉંક્રીટ પ્લાન્ટસને પાલિકાએ મોકલી છે. આ કાર્યવાહી પાલિકાના એચ-પૂર્વ અને એચ-પશ્ચિમ વોર્ડ દ્વારા કરવામાં આવી હતી.

પાલિકાના ૨૪ પ્રશાસકીય વોર્ડમાં ૯૫ જેટલી સ્ક્વોડે શહેરમાં કન્સ્ટ્રક્શન સાઈટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટનું ઈન્સ્પેકશન કરવાનું શરૂ કરી દીધું છે. એચ-પૂર્વ વોર્ડ દ્વારા બીકેસીમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ) સહિત વોર્ડમાં અનેક બાંધકામ સ્થળોએ ૧૦૬ ઈન્ટીમેશનલ નોટિસ મોકલી છે, જેમાં ૪૦ બાંધકામ સાઈટ્સને સ્ટોપ વર્કની નોટિસ મોકલવામાં આવી છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ શહેરમાં લગભગ ૧,૦૦૦થી વધુ બાંધકામ સાઈટ્સને પ્રદૂષણ નિયંત્રણમાં લાવવા માટે નોટિસ મોકલવામાં આવી છે, જ્યારે ૬,૬૯૦ સાઈટ્સને પણ સુધરાઈની વેબસાઈટના બિલ્ડિંગ પ્રપોઝલ સેકશનમાં સર્ક્યુલર બહાર પાડીને સુધરાઈએ બહાર પાડેલી ગાઈડલાઈનનું પાલન કરવાની સૂચના આપવામાં આવી છે. ■

# બીએમસીએ કોન્ટ્રાક્ટરના રોડ ટેન્ડર રદ કર્યાં, ₹૫૦ કરોડનો દંડ લાધ્યો

મુંબઇ: રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડ એ મુંબઈમાં ૨૧૨ રસ્તાઓના કોંક્રીટાઇઝેશનમાં કરેલી નબળી કામગીરીને કારણે બીએમસી દ્વારા તેનો કોન્ટ્રાક્ટ રદ્દ કરવામાં આવ્યો છે. બીએમસી કોન્ટ્રાક્ટર પર ₹૫૦ કરોડથી વધુનો દંડ ફટકારશે.

રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડએ શહેરમાં રોડ કોંક્રીટાઇઝેશન માટે ₹૬,૦૮૦ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલી પાંચ કંપનીઓમાંની એક હતી. અન્ય ચાર કંપનીઓ પણ બીએમસી દ્વારા તપાસ હેઠળ છે. ૨૧૨ રસ્તાઓ માટે નવા ટેન્ડર તૈયાર કરવામાં આવી રહ્યા છે.

રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડ એ આ વર્ષે જાન્યુઆરીમાં અંદાજિત ₹૧,૨૦૦ કરોડના ખર્ચે રોડ કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો. તે પાંચ કંપનીઓમાંની એક છે જેણે સમગ્ર શહેરમાં ₹૬૦૮૦-કરોડ, ૪૦૦-કિમી રોડ કોન્ક્રીટાઇઝેશન કોન્ટ્રાક્ટ કર્યા હતા. ચોમાસાને બાદ કરતાં તમામ કંપનીઓ માટે ૨૪ મહિનાની સમય મર્યાદા હતી.આ વર્ષે એપ્રિલમાં, બીએમસીએ વર્ક ઓર્ડર મળ્યાના ત્રણ મહિના પછી પણ કામ શરૂ કરવામાં નિષ્ફળ રહેવા બદલ અને પ્રગતિમાં વિલંબ બદલ પાંચમાંથી ત્રણ ફર્મ પર ₹૧૬ કરોડનો દંડ અને કારણ બતાવો નોટિસ લગાવી હતી.અન્ય ચાર કંપનીઓ જેમણે રોડ સિમેન્ટ-કોંક્રીટાઇઝિંગનું કામ કર્યું હતું તે પણ હવે બીએમસીના રડાર પર છે. ભાજપના ભૂતપૂર્વ કોર્પોરેટર મકરંદ નારવેકર આ મામલે વ્હિસલબ્લોઅર હતા, આ મામલાએ રાજકીય વળાંક લીધો જ્યારે શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેએ ગયા અઠવાડિયે ફરિયાદ કરી હતી કે ગયા શુક્રવારે કોન્ટ્રાક્ટરની સમાપ્તિ અંગેની અંતિમ સુનાવણી થઇ હોવા છતાં રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડને સમાપ્તિની નોટિસના એક અઠવાડિયા પછી પણ, બીએમસી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ■

# ભિવંડીમાં યુવકની હત્યા કરી મૃતદેહ વૃક્ષ પર લટકાવ્યો

થાણે: ભિવંડીમાં ૨૨ વર્ષનો યુવકની હત્યા કર્યા બાદ તેના મૃતદેહને વૃક્ષ પર લટકાવવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ભિવંડી રોડ રેલવે સ્ટેશન નજીક બુધવારે વૃક્ષ પર યુવકનો મૃતદેહ લટકતો મળી આવતાં લોકોએ પોલીસને જાણ કરી હતી.

યુવકના પગમાં ઇજાના નિશાન હતા. તેના એક હાથ પર સદ્દામ નામ લખેલું હતું, એન નારપોલી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ભરત કામતે જણાવ્યું હતું.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યા બાદ પોલીસે આ પ્રકરણે ત્રણ જણ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરી તેમની શોધ આદરી હતી. (પીટીઆઇ)■

ગ્રાહકોને થયેલા નુકસાનની ભરપાઈ

# મહારેરાએ એક જ ડેવલપર પાસેથી ₹ ૪.૭૧ કરોડ વસૂલ્યા

મુંબઇ: ગ્રાહકોને વળતર માટે મહારેરા દ્વારા જારી કરાયેલ વોરંટની વસૂલાત માટે મહારેરા સતત સંબંધિત કલેક્ટર કચેરીઓના સંપર્કમાં છે. મહારેરાના પગલે અનેક જગ્યાએ સંબંધિત ડેવલપરોની મિલકતો જપ્ત કરીને હરાજીની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. અન્ય કેટલાક સ્થળોએ વિકાસકર્તાઓ આ વળતરની રકમ ચૂકવવા અથવા તેમની આવક જપ્ત ન થાય તે માટે સંબંધિત ગ્રાહકો સાથે સમાધાન કરીને વળતરના મુદ્દાનું સમાધાન કરવા આગળ આવી રહ્યા છે.

આ રીતે, નાગપુરમાં ૧૧માંથી ૮ ગ્રાહકોને વળતર માટે મહારેરા દ્વારા આદેશ આપવામાં આવેલી રકમમાંથી ચાર કરોડ ૭૧ લાખ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે. નાગપુર શહેર તહસીલદાર કચેરીએ હેગવુડ કોમર્શિયલ ડેવલપર્સ પ્રા. લિ.નું બેંક એકાઉન્ટ સીલ કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. મહારેરાએ અત્યાર સુધીમાં રૂ. ૬૨૭.૭૦ કરોડના નુકસાનની વસૂલાત માટે ૧૦૫૩ વોરંટ જારી કર્યા છે. તેમાંથી મહારેરા અત્યાર સુધીમાં ૧૯૦ વોરંટ સામે ૧૩૩.૫૬ કરોડની રકમ વસૂલવામાં સફળ રહી છે. બાકીની રકમ વસૂલવા માટે મહારેરા સતત પ્રયાસ કરી રહી છે.

નાગપુર વિસ્તારના છ પ્રોજેક્ટના ૧૮ ગ્રાહકોને રૂ. ૧૦.૦૩ કરોડનું વળતર મળવાની અપેક્ષા હતી. જેમાંથી રૂ.૪.૭૧ કરોડનું વળતર વસૂલવામાં આવ્યું છે.

મહારેરા સમયાંતરે સુનાવણી યોજીને વ્યાજ/નુકસાન/રિફંડની ચુકવણી અંગે મહારેરા દ્વારા પસાર કરાયેલા આદેશોના અસરકારક અમલીકરણની ખાતરી કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહી છે. તેમજ મહારેરા આ વિશિષ્ટ નિયમનકારી મિકેનિઝમને વધુ મજબૂત અને સશક્ત કરવા માટે પ્રતિબદ્ધ છે. ■

# સુધરાઈની હવે પ્રદૂષણ માટે મોબાઈલ ઍપ!

## પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે થનારી કાર્યવાહીની નોંધ થશે ઍપ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે પાલિકા જુદા જુદા પગલા લઈ રહી છે, જેમાં વોર્ડ સ્તરે કરવામાં આવતી કાર્યવાહીની યોગ્ય નોંધ કરવા માટે અને પ્રદૂષણને લગતી તમામ માહિતી અપલોડ કરવા માટે પાલિકા મોબાઈલ ઍપની મદદ લેવાની છે.

કન્સ્ટ્રકશન સાઈટ પર નિયમોનું થનારા ઉલ્લંઘન અને તેમની સામે કરવામાં આવેલી કાર્યવાહીની માહિતી પાલિકા દ્વારા બનાવવામાં આવેલી સ્પેશિયલ સ્કવોડ દ્વારા આ ઍપ પર નોંધવાની રહેશે, જે પાલિકા માટે કાર્યવાહીનો નક્કર પૂરાવા રૂપે રહેશે. પ્રાયોગિક ધોરણે પહેલા પલિકાના 'ડી' વોર્ડમાં તેનો અમલ કરવાનો વિચાર છે.મુંબઈ મહાનગરપાલિકાએ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે ગાઈડલાઈન બહાર પાડી છે. તમામ ૨૪ પ્રશાસકીય વોર્ડ અંતર્ગત આવતા બાંધકામના ઠેકાણે ઈન્સ્પેકશન કરવાનું અને પ્રદૂષણ વિરોધી કાર્યવાહી કરવા માટે સ્પેશિયલ સ્કવોડ બનાવવામાં આવી છે. નાના, મધ્યમ અને મોટા વોર્ડ અનુસાર આ ટીમ બનાવવામાં આવી છે અને હાલ મોટાભાગના વોર્ડમાં આ ગાઈડલાઈનને અલમમાં મૂકવા માટેની ચેતવણી આપતી નોટિસ આપવામાં આવી રહી છે. તો અમુક વોર્ડમાં નાની-મોટી કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે.

જોકે વોર્ડ સ્તરે આ કાર્યવાહી યોગ્ય રીતે કરવામાં આવે છે કે નહીં તેમ જ વોર્ડ સ્તરે કાર્યવાહી સરળે રહે અને કાર્યવાહીની યોગ્ય રીતે નોંધ થાય તે માટે મોબાઈલ ઍપ બનાવવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે. બાંધકામના ઠેકાણે ગાઈડલાઈનનું ઉલ્લંઘન થતું હોય તો તેની વીડિયોગ્રાફી અને ફોટો કાઢી મોબાઈલ ઍપમાં ડાઉનલોડ કરવામાં આવશે. દરેક વોર્ડમાંથી તેમના વોર્ડ સ્તરે કરવામાં આવેલી કાર્યવાહી ઍપ પર ડાઉનલોડ કરવામાં આવશે. 'ડી' વોર્ડમાં પ્રાયોગિક ધોરણે આ પ્રયોગ કરવામાં આવવાનો છે, ત્યારબાદ તમામ વોર્ડમાં તેને અમલમાં મૂકવામાં આવશે. ■

# પ્રદૂષણને કાબૂમાં લેવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો: શિંદે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર મુંબઈના રસ્તાઓ ધોઈને અને બાંધકામ સ્થળો પરથી કાટમાળ સાફ કરીને પ્રદૂષણને કાબૂમાં લેવા યુદ્ધના ધોરણે કામ કરશે, એમ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગુરુવારે જણાવ્યું હતું.

આ મુદ્દા પર સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કર્યા પછી પત્રકારો સાથે વાત કરતા શિંદેએ કહ્યું કે તેમણે પર્યાવરણ મંત્રાલય, નાગરિક વડાઓ, રાજ્યના અન્ય ભાગોના કલેક્ટર્સ સાથે વધતા પ્રદૂષણના સ્તરને પહોંચી વળવાના માર્ગો પર વિગતવાર ચર્ચા કરી છે અને યુદ્ધના ધોરણે પ્રદૂષણને કાબૂમાં લેવા માટે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી છે. બીએમસીને પાણીથી રસ્તાઓ સાફ કરવા અને આ હેતુ માટે ટેન્કરો ભાડે કરવા માટે વધુ માનવશક્તિનો ઉપયોગ કરવા માટે કહેવામાં આવ્યું છે.

સીએમએ વધુમાં જણાવ્યું હતું કે ફોગર્સ (ઉપકરણ જે તીવ્ર સ્પેઇંગ દ્વારા ધુમ્મસ ઉત્પન્ન કરે છે ) નો ઉપયોગ બાંધકામ સ્થળો પર થવો જોઈએ, જ્યારે વહીવટીતંત્રને શહેરી વનનાબૂદી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કહેવામાં આવ્યું છે. (પીટીઆઈ)■

# સમૃદ્ધિ એક્સપ્રેસવે પર બસ સાથે ટ્રક ટકરાતાં બે જણનાં મોત

નાગપુર: બુલઢાણા જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ખાનગી બસ સાથે ટ્રક ટકરાતાં બે જણનાં મોત થયાં હતા, એમ પોલીસે જણાવ્યું હતું.બુલઢાણાના મેહકર વિસ્તારમાં ગુરુવારે વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. બસના ડ્રાઇવરે ટાયર ચેક કરવા માટે બસને એક લેનમાં રોકી હતી. બસ મુંબઈથી નાગપુર જઇ રહી હતી ત્યારે ટ્રકે પાછળથી તેને ટક્કર મારી હતી, જેમાં તેના ડ્રાઇવર અને એક પ્રવાસીનાં મોત થયાં હતાં.હિન્દુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગ મુંબઇ અને નાગપુરને જોડતો ૭૦૧ કિ.મી. લાંબો એક્સપ્રેસવે છે. તે નાગપુર, વર્ધા, વાશિમ, અહમદનગર, બુલઢાણા, ઔરંગાબાદ, અમરાવતી, જાલના, નાશિક અને થાણે સહિત ૧૦ જિલ્લામાંથી પસાર થાય છે.

# નિફ્ટી ૧૯,૪૦૦ની અંદર ઊતરી ગયો, સેન્સેક્સમાં વધુ ૧૪૩ પોઈન્ટનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના અસ્પષ્ટ વલણ સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી જારી રહેવાથી સર્જાયેલા નિરલ હવામાનમાં સેન્સેક્સ વધુ ૧૪૩ પોઇન્ટ નીચી સપાટીએ ગબડ્યો હતો. આ સત્રમાં પણ સેન્સેક્સ ૬૫,૦૦૦ની સપાટી પાર કરવામાં નિષ્ફળ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૧૯,૪૦૦ની અંદર ઉતરી ગયો હતો.

પોઝિટીવ અને નેગેટીવ ઝોનમાં અટવાતો ૩૦ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૧૪૩.૪૧ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા ઘટીને ૬૪,૮૩૨.૨૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન બેન્ચમાર્ક ૨૦૬.૮૫ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા ઘટીને ૬૪,૭૬૮.૭૬ પોઇન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૪૮.૨૦ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા ઘટીને ૧૯,૩૯૫.૩૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાં, હિન્દુસ્તાન યુનિલિવર, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, બજાજ ફાઇનાન્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ટાઇટન અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેર ટોપ લૂઝર્સની યાદીમાં હતાં. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, પાવર ગ્રીડ, ઈન્ડસઈન્ડ બેંક, ટાટા મોટર્સ, લાર્સન એન્ડ ટુબ્રો અને મારૂતિ ટોપ ગેઇનર્સ બન્યા હતા. મૂડીબજારમાં હલચલ ચાલુ રહી છે. ટ્રાવેલ ડિસ્ટ્રીબ્યુશન ફર્મ ટીબીઓ ટેક લિમિટેડે માર્કેટ રેગ્યુલેટર સેબી પાસે આઇપીઓ મારફત નાણાં એકત્ર કરવા માટે નવા પ્રાથમિક દસ્તાવોજો જમા કરાવ્યાં છે. કંપની રૂ. ૪૦૦ કરોડનું ભરણું લાવવા માગે છે. ઓએફએસ અંતર્ગત પ્રમોટર ઉપરાંત ઇન્વેસ્ટર્સ ટીબીઓ કોરિઆ અને ઓગસ્ટા ટીબીઓ શેર વેચશે.

આસ્ક ઓટોમોટીવનો આઇપીઓ ત્રીજા દિવસે ૫૧.૧૪ ગણો ભરાયો હતો. ક્વીબ્સ પોર્શન ૧૪૨.૪૧ ગણો, એનઆઈઆઇ ૩૫.૪૭ ગણો અને રિટેલ પોર્શન ૫.૭૦ ગણો ભરાયો હતો. ભરણું સાતમી તારીખે ખૂલ્યુ હતું. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૬૮થી૨૮૨ હતી અને બિડ લોટ ૫૩ શેરનો છે. ફેડરલ બેન્કે ૩૦ સપ્ટેમ્બરના ડેટા અનુસાર બેઝલ-થ્રી માર્ગરેખા મુજબ ૧૫.૫૦ ટકાનો કેપિટલ એડિક્વેસી રેશિયો નોંધાવ્યો છે. બેન્કનો બિઝનેસ મિક્સ રૂ. ૪.૨૬ લાખ કરોડ નોંધાયો છે. બેન્કે બ્રાન્ડ અવેરનેસ વ્યૂહના ભાગરૂપે એશ શટલર એચ એસ પ્રણોય સાથે સહયોગ સાધ્યો છે, જેઓ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનની વિવિધ ઇવેન્ટમાં બેન્કનો લોગો પ્રદર્શિત કરશે.

એશિયન બજારોમાં, સિઓલ, ટોક્યો અને શાંઘાઈ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં સરક્યો હતો. યુરોપિયન બજારો મોટાભાગે ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યો હતો. બુધવારે અમેરિકન બજારોનો અંત મિશ્રિત નોટ સાથે થયો હતો.

વિશ્વબજારના મિશ્ર સેન્ટિમેન્ટ્સને પ્રતિબિંબિત કરતા, ભારતીય બજાર રેન્જબાઉન્ડ વલણમાં અટવાઇ ગયું છે અને નિફ્ટી ઇન્ડેક્સ ૧૯,૫૦૦ પોઇન્ટના મુખ્ય સ્તરને તો ના વટાવી શકયો પરંતુ ૧૯,૪૦૦ની પણ નીચે સરકી ગયો. વિદેશી ફંડોની વેચવાલી સાધારણ છે, પરંતુ ઊંચા વ્યાજ દરની ચિંતા અને વૈશ્વિક મંદીને કારણે આ વર્ગનો ઇન્ફલો મંદ રહ્યો છે. વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૯૯ ટકા વધીને ૮૦.૩૩ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૮૪.૫૫ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી.

સેન્સેક્સમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૪.૦૯ ટકા, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ૧.૫૦ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૩૧ ટકા, ટાટા મોટર્સ ૧.૦૬ ટકા અને લાર્સન એન્ડ ટુબ્રો ૧.૦૦ ટકા વધ્યા હતા, જ્યારે હિન્દુસ્તાન યુનિલિવર ૧.૫૬ ટકા, ટેક મહિન્દ્રા ૧.૩૩ ટકા, ઈન્ફોસિસ ૧.૨૨ ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧.૧૧ ટકા અને બજાજ ફાઈનાન્સ ૧.૦૦ ટકા ઘટ્યા હતા. બધા ગ્રુપની કુલ ૧૨ કંપનીઓમાંથી નવ કંપનીઓને ઉપલી અને ત્રણ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

બુધવારે બીએસઇ બેન્ચમાર્ક ૩૩.૨૧ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકા વધીને ૬૪,૯૭૫.૬૧ પર સેટલ થયો હતો. જ્યારે નિફ્ટી ૩૬.૮૦ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા વધીને ૧૯,૪૪૩.૫૦ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો.

# ડૉલર સામે રૂપિયામાં એક પૈસાનો મામૂલી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને સત્રના અંતે મામૂલી એક પૈસાના સુધારા સાથે ૮૩.૨૯ના મથાળે રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે એકંદરે ડૉલર સામે રૂપિયો રેન્જ બાઉન્ડ રહેતાં સત્રના આરંભે ગઈકાલના ૮૩.૩૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૨૫ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં ૮૩.૨૯ અને ઉપરમાં ૮૩.૨૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે એક પૈસો વધીને ૮૩.૨૯ના મથાળે બંધ રહ્યો હતો. ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે તેનાં વક્તવ્યમાં મૉનૅટરી પૉલિસી અંગે કોઈ ટિપ્પણી નહોતી કરી પરંતુ આજે મૉનૅટરી પૉલિસી પડકારો અંગેની ચર્ચામાં તેઓ વ્યાજદર સંબંધી કોઈ દિશા નિર્દેશ આપે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં કામકાજો પાંખાં રહ્યા હોવાનું બીએનપી પારિબાસના ફંડામેન્ટલ કરન્સી ઍન્ડ કૉમૉડિટીઝ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ પ્રવીણ સિંઘે જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૦૧ ટકા ઘટીને ૧૦૫.૫૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૬ ટકા વધીને બેરલદીઠ ૮૦.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૪૩.૪૧ પૉઈન્ટનો અને ૪૮.૨૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૪.૫૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

## ટાટા પાવરનો ચોખ્ખો નફો ₹ ૧,૦૧૭ કરોડ

મુંબઇઃ ટાટા પાવરે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં નવ ટકાના વધારા સાથે રૂ. ૧,૦૧૭.૪૧ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખા નફો નોંધાવ્યો હતો. રેગ્યુલેટરી ફાઇલિંગ અનુસાર, વર્ષ અગાઉના સમયગાળામાં તેનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો રૂ. ૯૩૫.૧૮ કરોડ હતો. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કુલ આવક વધીને રૂ ૧૬,૦૨૯.૫૪ કરોડ થઈ હતી જે વર્ષ અગાઉના સમાન ગાળામાં રૂ.૧૪,૧૮૧.૦૭ કરોડ હતી.

## એશિયન ગ્રેનિટો લિમિટેડની ખોટમાં ઘટાડો

મુંબઇઃ એશિયન ગ્રેનિટો લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૪ના બીજા ક્વાર્ટરમાં એક ટકાના વધારા સાથે રૂ. ૪૦૧ કરોડનું કોન્સોલિડેટેડ વેચાણ નોંધાવ્યું છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં રૂ. ૩૯૮ કરોડ હતું. કંપનીએ ઉપરોક્ત ગાળમાં રૂ. ૭.૮ કરોડ સામે ઘટાડા સાથે રૂ. ૨.૮ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

પેસ્ટ કન્ટ્રોલ ઓફિસર T વોર્ડની ઓફિસ, MCGM બિલ્ડિંગ, રૂમ નં. ૫૩, ૨જો માળ, લાલા દેવી દયાળ રોડ, મુલુંડ (પ), ટેલિ. નં. (ઓફિસ): ૦૨૨-૨૫૬૪૫૨૯૧

નં. : PCO/૧૦૦૬/A તારીખ : ૦૮.૧૧.૨૦૨૩

**નોટિસ**

T વોર્ડમાં ૪ મહિના માટે બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન સાઈટસ પર જંતુનાશક સારવાર આપવા માટે સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલ સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવે છે.

રસ ધરાવતી સંસ્થાઓએ M.C.G.M. પોર્ટલ http://portal.mcgm.gov.in પરથી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈએ અથવા પેસ્ટ કન્ટ્રોલ ઓફિસર, T વોર્ડ, MCGM બિલ્ડિંગ, રૂમ નં. ૫૩, ૨જો માળ, લાલા દેવી દયાળ રોડ, મુલુંડ (પ), મુંબઈ-૪૦૦૦૮૦. ટેલિ. નં. (ઓફિસ). ૦૨૨-૨૫૬૪૫૨૯૧ની ઓફિસમાં સંપર્ક કરો.

કામકાજના દિવસોમાં પેસ્ટ કન્ટ્રોલ ઓફિસરની ઓફિસ ખાતે અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૨૪.૧૧.૨૦૨૩ના બપોરે ૨.૦૦ કલાક પહેલાની રહેશે.

સહી/-
પેસ્ટ કન્ટ્રોલ ઓફિસર
T વોર્ડ

PRO/1964/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો

BRIHANMUMBAI MAHANAGARPALIKA

પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ, રૂમ નં. ૫, ૩જા માળે, એન વોર્ડ MCGM ઓફિસ, જવાહર રોડ, ઘાટકોપર (પૂ.), મુંબઈ-૪૦૦૦૭૭,

ફોન નંબર ૦૨૨-૨૫૦૧૦૧૬૧ એક્ષ્ટે. ૩૧૪, ઈમેલઃ pco.n@mcgm.gov.in

નંબરઃ PCO/N/૮૪૭/A તારીખઃ ૦૯.૧૧.૨૩

**નોટીસ**

N વોર્ડમાં ૪ મહિના માટે બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર જંતુનાશક સારવાર આપવા માટે ૨૫ સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલ સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

રસ ધરાવતી સંસ્થાઓએ M.C.G.M. પોર્ટલ **http://portal.mcgm.gov.in** ઉપરથી અરજીઓ ડાઉનલોડ કરવી અથવા પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ પર સંપર્ક કરો. **(પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ, રૂમ નં. ૫, ૩જા માળે, N વોર્ડ MCGM ઓફિસ, જવાહરલાલ રોડ, ઘાટકોપર (પૂ), મુંબઈ-૪૦૦૦૭૭. ટેલિફોન નં. (ઓફિસ) ફોન નંબર ૦૨૨-૨૫૦૧૦૧૬૧. એક્ષ્ટે. ૩૧૪).**

કામકાજના દિવસોમાં પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ ખાતે અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૨૧.૧૧.૨૩ સાંજે ૪.૦૦ ક. પહેલાંની રહેશે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર
N વોર્ડ

PRO/1967/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો

# પૉવૅલના વક્તવ્ય પૂર્વે વૈશ્વિક સોનું ત્રણ સપ્તાહના તળિયે

## સ્થાનિક સોનામાં ₹ ૪૨૩ની પીછેહઠ, ચાંદીમાં ₹ ૭૨નો સુધારોઃ ધનતેરસ-દિવાળીમાં માગ ખૂલવાનો આશાવાદ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે ઈકૉનૉમિક આઉટલૂક અંગેના તેમના વક્તવ્યમાં વ્યાજદર અંગે કોઈ નિર્દેશ નહોતો આપ્યો પરંતુ હવે આજના વક્તવ્યમાં કોઈ નિર્દેશ આપે છે કે નહીં તેનાં પર રોકાણકારોની નજર હોવાથી તેઓએ લંડન ખાતે સત્રના આરંભે સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હતું અને મધ્યપૂર્વના દેશોનાં રાજકીય-ભૌગોલિક તણાવને કારણે છૂટીછવાઈ સલામતી માટેની માગને ટેકે હાજર ભાવમાં ટકેલું અને વાયદામાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું અને ચાંદીના ભાવમાં ઘટાડો દર્શાવાઈ રહ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૪૨થી ૪૪૩નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૭૨નો સાધારણ સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિક ઝવેરી બજારમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલી રહી હતી. તેમ છતાં ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૭૨ના સુધારા સાથે રૂ. ૭૦,૩૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને વધુ ભાવઘટાડાના આશાવાદે ખપપૂરતી માગ રહી હતી. તેમ છતાં વિશ્વ બજાર પાછળ ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૪૨ ઘટીને રૂ. ૬૦,૦૦૦ની સપાટીની અંદર ઉતરીને ૫૯,૮૫૬ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૪૩ ઘટીને રૂ. ૬૦,૦૯૭ના મથાળે રહ્યા હતા. જોકે, તાજેતરમાં સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાથી આગામી ધનતેરસ અને દિવાળીના તહેવારમાં માગ ખૂલે તેવો આશાવાદ જ્વેલરો રાખી રહ્યા છે.

અમેરિકા ખાતે ગઈકાલે એક પરિસંવાદમાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે તેનાં વક્તવ્યમાં મૉનૅટરી પૉલિસી અથવા તો ઈકોનોમિક આઉટલૂક અંગે કોઈ ટિપ્પણી નહોતી કરી, પરંતુ આજે અન્ય એક પરિસંવાદમાં મૉનૅટરી પૉલિસીની ચર્ચામાં વ્યાજદર અંગે કોઈ નિર્દેશ આપે છે કે કેમ તેના પર રોકાણકારોની નજર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ત્રણ સપ્તાહની નીચી ઔંસદીઠ ૧૯૪૮.૯૪ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ૧૯૫૪.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૨૨.૪૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

મધ્યપૂર્વના દેશોમાં તણાવ વધુ ઉગ્ર બને તેવી શક્યતાને ધ્યાનમાં લઈને અગાઉ રોકાણકારોએ સોનામાં સલામતી માટેની વ્યાપક માગને લીધે ભાવમાં વધીને ઔંસદીઠ ૨૦૦૦ ડૉલર પાર કરી ગયા બાદ હવે રોકાણકારો લેણ છૂટું કરી રહ્યા હોવાનું જણાઈ રહ્યું હોવાનું એક વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ફેડરલના અમુક અધિકારીઓએ આ સપ્તાહે ફેડરલનાં વ્યાજદર અંગે સમતુલિત મંતવ્યો આપ્યા હતા અને વ્યાજદરનો આધાર આર્થિક ડેટાઓ પર અવલંબિત રહેશે તેમ જણાવ્યું છે. આથી હવે આજે મોડી સાંજે જૅરૉમ પૉવૅલ તેના વક્તવ્યમાં વ્યાજદર અંગે કોઈ અણસાર આપે છે કેમ તેનાં પર મીટ માંડી છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જીનિયર (બ્રીજીસ)
બીડ નં. ૨૦૨૩_MCGM_૯૬૧૦૫૦_૧
નં. ચીફ એન્જી./૯૫૬૯A/બ્રીજીસ, તા. ૦૭-૧૧-૨૦૨૩

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) ઉપર દર્શાવેલ કામ માટે કોન્ટ્રેક્ટરની નિમણૂક કરવા ઈ-ટેન્ડર મંગાવે છે.

| અ. નં. | કામનું નામ | રૂા.માં અંદાજીત કિંમત | રૂા.માં બા.ર.ડી. | કોન્ટ્રાકટ મુદત |
|---|---|---|---|---|
| ૧. | F/સાઉથ વોર્ડમાં R.A. કિડવાઈ માર્ગની એક્રોસ શીવરી સ્ટેશન FOB થી FOB સુધી કનેક્ટિંગ આર્મ (સ્કાયવોક)નું બાંધકામ | ૫,૮૦,૫૯,૩૮૨/- | ૫,૮૦,૬૦૦/- | ૧૮ મહિના (ચોમાસા સિવાય) |

ટેન્ડરની કોપી મહારાષ્ટ્ર સરકાર (મહાટેન્ડર્સ)ની ઈ-પ્રોક્યોરમેન્ટ સીસ્ટમ **(http://mahatenders.gov.in)**થી **૧૦/૧૧/૨૩થી** ડાઉનલોડ કરી શકાશે. સમય સમયે પણ ઈસ્યુ થનાર સુધારા/વધારા ઉપરોક્ત વેબસાઈટોમાં અપલોડ કરાશે.

સહી/-
ડે. ચીફ એન્જીનિયર (બ્રીજીસ) શહેર

PRO/1956/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એક્ષિક્યૂટીવ એન્જિનિયર (ગાર્ડન સેલ)
નંબર EE/ગાર્ડન સેલ/૨૧૭૦/તા. ૦૯.૧૧.૨૦૨૩

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશન (BMC), પ્રતિષ્ઠિત, મલ્ટી. ડીસીપ્લીનરી એન્જીનીયરીંગ સંસ્થાઓ એટલે કે પ્રતિષ્ઠિત પેઢી, પ્રોપરાઈટરી / ભાગીદારી પેઢીઓ / પ્રા. લી. કું. / પબ્લિક લી. કું. / ભારતીય કંપની ધારા, ૨૦૧૩ હેઠળ નોંધાયેલ કું., **વ્યક્તિગત ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ યોગ્ય વર્ગમાં** બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) જોડે નોંધાયેલ કોન્ટ્રેક્ટરો પાસેથી અને કેન્દ્ર અથવા રાજ્ય સરકાર/ અર્ધ સહકારી સંસ્થાઓ/ કેન્દ્ર કે રાજ્ય સરકાર જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં નોંધાયેલા સમકક્ષ અને સુપીરીયર વર્ગના કોન્ટ્રેક્ટરો/ પેઢીઓ પાસેથી દર્શાવેલા કામો માટે કોન્ટ્રેક્ટરોની નિમણૂંક કરવા ઈ-ટેન્ડરો મંગાવે છે, એવી શરતને આધીન પરવાનગી અપાશે કે કોન્ટ્રેક્ટરો જેઓ BMC સાથે રજીસ્ટર્ડ નથી તેમણે કોન્ટ્રેક્ટની એવોર્ડથી ત્રણ મહિનાની સમય મુદતમાં તેમની પેઢીની નોંધણી માટે અરજી કરવી જોઈશે, નહીંતર તેમની બીડ સેક્યોરિટી એટલે કે બા.ર.ડી. (બાના રકમ ડિપોજિટ) જપ્ત કરાશે/ રીકવર કરાશે અને સંબંધિત વર્ગની નોંધણી ફીની બરાબરની રકમ પેનલ્ટી તરીકે રીકવર કરાશે. બીડીંગ પ્રક્રિયા ત્રણ તબક્કાની રહેશે.

અરજી ફોર્મ રૂ. ૧૫,૦૦૦/- સેટ દીઠ + ૧૮% GST (૯% CGST + ૯% SGST) એટલે કે રૂ. ૧૭,૭૦૦/-, ટેન્ડર સ્ક્રુટિની ફી તરીકેની ચૂકવણી કરવા પર ***મહારાષ્ટ્ર (http://mahatenders.gov.in)ની સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ પરથી*** ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર. નં. | કામનું નામ / ટેન્ડર ID | અંદાજિત કિંમત (INR) | કોન્ટ્રાક્ટ મુદત | બારડી (INR) |
|---|---|---|---|---|
| વિભાગ | | ગાર્ડન સેલ | | |
| ૧ | CTS નં. ૪૮A/૮ ગામ ચાંદિવલી, વોર્ડ નં. ૧૫૮, કુર્લા, 'L' વોર્ડ ધરાવતી જમીન પર મ્હાડા કોલોની ખાતે માઁ સાહેબ મીનાતાઈ ઠાકરે મનોરંજન મેદાનનો સુચિત પુનઃ વિકાસ. ટેન્ડર Id ૨૦૨૩_MCGM_૯૬૧૬૮૭_૧ | ૩,૫૦,૪૧,૭૧૮.૦૦ | ૬ મહિના (ચોમાસા સહિત) | ૩,૫૦,૫૦૦=૦૦ |

**અન્ય વિગતો**

| | |
|---|---|
| વેબસાઈટ | મહારાષ્ટ્ર http://mahatenders.gov.in ની સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ |
| ટેન્ડરની કિંમત | રૂ. ૧૫,૦૦૦/- + ૧૮% GST (૯% CGST+૯% SGST) એટલે કે રૂ. ૧૭,૭૦૦/- |
| ટેન્ડરના ઈસ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૧૦.૧૧.૨૦૨૩ના ૧૧.૦૦ કલાકથી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૭.૧૧.૨૦૨૩ના ૧૨.૦૦ કલાક સુધી |
| પેકેટ A, B & Cની સુપ્રતિ (ઓનલાઈન) અને બીડ સિક્યૂરિટી ડિપોઝિટની પ્રાપ્તિ | ૧૭.૧૧.૨૦૨૩ના ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ A ખૂલશે | ૨૦.૧૧.૨૦૨૩ના ૧૧.૦૦ કલાક પછી |
| પેકેટ B ખૂલશે | ૨૩.૧૧.૨૦૨૩ના ૧૧.૦૦ કલાક પછી |
| પેકેટ C ખૂલશે | ૩૦.૧૧.૨૦૨૩ના ૧૫.૦૦ કલાક પછી |
| સંપર્ક વ્યક્તિ | S. E. (G. C.) / A. E. (ગાર્ડન સેલ) |
| (A) નામ | શ્રી ઉમેશ પરવાડે / શ્રી રાયસિંઘ |
| (B) મોબાઈલ નંબર | + ૯૧ ૯૮૨૦૩૫૩૧૧૮ / + ૯૧ ૯૮૬૯૪૪૨૨૪૫ |
| (C) ઈમેલ સરનામું | bmcgardencell@gmail.com & ee.gc@bmc.gov.in |
| પ્રી-બીડ મિટિંગ | લાગુ પડતું નથી |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફર પાત્ર નથી. ઈ-ટેન્ડર કોપી મહારાષ્ટ્ર (http://mahatenders.gov.in)ની સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ પરથી ડાઉનલોડ કરી શકાશે.**

BMC તેના કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજીઓ નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
એક્ષીક્યુટીવ એન્જિનિયર (ગાર્ડન સેલ)

PRO/1974/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# ખાંડમાં માગને ટેકે ₹ ૧૦થી ૧૪નો સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૩૬૫૦માં ટકેલ ધોરણે થયા હોવાના નિર્દેશો હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની તહેવારોની માગ પ્રબળ રહેતાં હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૦ અને રૂ. ૧૪નો સુધારો આવ્યો હતો. નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની તહેવારોની મોસમ માટેની માગ પ્રબળ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને રૂ. ૩૭૭૬થી ૩૮૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ વધીને રૂ. ૩૮૭૬થી ૩૯૭૨માં ગુણવત્તાનુસાર થયા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર રેફરન્સ નંબર | ૧) Dy. HE (Const)/૩૧૦૦ I.R. તારીખ ૦૭.૧૧.૨૦૨૩<br>૨) HE/૨૩૧૫/SR તારીખ ૦૮.૧૧.૨૦૨૩ |
| ટેન્ડર આઈડી | ૧) 2023_MCGM_961558<br>૨) 2023_MCGM_961561 |
| વિભાગનું નામ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| પેટા વિભાગનું નામ | ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (કન્સ્ટ્રકશન) |
| વિષય | ૧) **(HE-C-WS-IMPROV-22)** પશ્ચિમના પરાઓમાં વિવિધ સ્થળો પર પાણી પુરવઠો બહેતર કરવા માટેના અન્ય સંલગ્ન કામ અને વિવિધ ડાયામીટરની વોટર મેઈન્સ પૂરી પાડવી, મૂકવાનું અને બદલવાનું કાર્ય (૨૦૨૩-૨૪) (પશ્ચિમના પરાઓના ઝેડ-થ્રીના એચ/ઈ, એચ/ડબલ્યુ અને કેઈ વોડર્સમાં સંલગ્ન કામ અને ૧૫૦ મિમિ, ૨૫૦ મિમિ અને ૩૦૦ મિમિ ડાયામીટર વોટર મેઈન્સ પૂરી પાડવી, મૂકવાનું અને બદલાનું કાર્ય.<br>૨) **(HE-C-WS-IMPROV-19)** પશ્ચિમના પરાઓમાં ઝોન-૭ના વિવિધ સ્થળો પર પાણી પુરવઠો બહેતર કરવા અન્ય સંલગ્ન કામ અને ૩૦૦ મિમિ સુધીના ડાયામીટરની વોટર મેઈન્સ પૂરી પાડવી, મૂકવાનું અને બદલવાનું કાર્ય.<br>(પશ્ચિમના પરાઓના Z-૭ના આર/એસ, આર/સી અને આર/એન વોડર્સમાં સંલગ્ન કાર્ય ૩૦૦ મિમિ ડાયામીટર વોટર મેઈન્સ પૂરી પાડવી, મૂકવાનું અને બદલાનું કાર્ય. |
| ટેન્ડર સ્ક્રુટિની ફીઃ | રૂ. ૧૫૦૦૦/- + ૧૮% જીએસટી (દરેક) |
| ઈ-ટેન્ડરનો ખર્ચ (અંદાજીત ખર્ચ) | ૧) રૂ. ૪,૩૦,૦૩,૧૬૮/-<br>૨) રૂ. ૨૦,૧૫,૦૩,૪૩૪/- |
| બિડ સિક્યુરિટી ડિપોઝીટ/ ઈએમડી | ૧) **રૂ. ૪,૩૦,૦૩૨/-** (ટેન્ડરના ખર્ચના અંદાજિત ૧%)<br>**રૂ. ૪૩,૦૦૪/-** (ઈએમડીના ૧૦% ઓનલાઈન પેમેન્ટ)<br>**રૂ. ૩,૮૭,૦૨૮/-** (બીડ રજૂ કર્યાના બીજા દિવસ અને પેકેટ એ ખોલવા અગાઉ EE WW(C) WS ના હેડ કલર્ક (એકસપેન્સ)ને ઈએમડીના ૯૦% ડીડીના ફોર્મમાં સબમિટ કરવું.<br>૨) **રૂ. ૨૦,૧૫,૧૦૦/-** (ટેન્ડરના અંદાજિત ખર્ચનો ૧%)<br>**રૂ. ૨,૦૧,૫૧૦/-** (ઈએમડીના ૧૦% ઓનલાઈન પેમેન્ટ)<br>**રૂ. ૧૮,૧૩,૫૯૦/-** (પેકેટ એ ખોલવા અગાઉ અને બિડ રજૂ કર્યાના બીજા દિવસે EE WW(C) WSના હેડ કલર્ક (એકસપેન્સ)ને ઈએમડીના ૯૦% ડીડીના રૂપમાં) |
| ટેન્ડર ઈસ્યુ કરવાની અને વેચાણની તારીખ | ૧૦.૧૧.૨૦૨૩, ૧૧.૦૦ કલાકથી. |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૩૦.૧૧.૨૦૨૩, ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ એ, બી અને પેકેટ સી (ઓનલાઈન) રજૂ કરવાની છેલ્લી તારીખ અને સમય અને બિડ સિક્યુરિટી ડિપોઝીટ મેળવવાની | ૩૦.૧૧.૨૦૨૩, ૧૬.૦૦ કલાક સુધી |
| પ્રિ-બિડ મિટીંગ | ૧૬.૧૧.૨૦૨૩, ૧૫.૦૦ કલાકે હાઈડ્રોલિક એન્જિનિયરના કોન્ફરન્સ રૂમમાં મ્યુનિસિપાલ એન્જિનિયરિંગ હબ બિલ્ડીંગ, પહેલો માળ, ડો. ઈ. મોઝિસ રોડ, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮. |
| પેકેટ એ ખોલવાની તારીખ | ૦૪.૧૨.૨૦૨૩, ૧૨.૦૦ કલાક પછી |
| પેકેટ બી ખોલવાની તારીખ | ૦૭.૧૨.૨૦૨૩, ૧૨.૦૦ કલાક સુધી |
| પેકેટ સી ખોલવાની તારીખ | ૧૮.૧૨.૨૦૨૩, ૧૫.૦૦ કલાક પછી |
| કમ્યુનિકેશનનું એડ્રેસ | એક્ઝિક્યુટીવ એન્જિનિયર વોટર વકર્સની ઓફિસ (કન્સ્ટ્રકશન) પશ્ચિમના પરા, હાઈડ્રોલિક એન્જિનિયરનું ડિપાર્ટમેન્ટ સીટીએસ નં. ૩૦૯/૫, વિલેજ પહાડી, સદભાવ એકસેલ એસ્ટેટ, સી વિંગ, ગોવિંદજી શ્રોફ માર્ગ, પટેલ ઓટો સર્વિસ સામે ઓફફઃ એસવી રોડ, ગોરેગાંવ (વેસ્ટ) મુંબઈ-૪૦૦૧૦૪. |
| બિડ ખોલવાનું સ્થળ | એક્ઝિક્યુટીવ એન્જિનિયર વોટર વકર્સ (કન્સ્ટ્રકશન)ની ઓફિસ પશ્ચિમના પરા, હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ, સીટીએસ નં. ૩૦૯/૫, વિલેજ પહાડી, સદભાવ એકસેલ એસ્ટેટ સી વિંગ, ગોવિંદજી શ્રોફ માર્ગ, પટેલ ઓટો સર્વિસ સામે ઓફફ એસવી રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૧૦૪. |
| જેનો સંપર્ક કરવાનો તેમનું નામ | શ્રી એસ. એસ. રાને, એક્ઝિક્યુટીવ એન્જિનિયર વોટર વકર્સ (કન્સ્ટ્રકશન) ડબલ્યુએસ |
| ટેલિફોન (ઓફિસ) | (૦૨૨) ૨૮૭૯૧૨૪૧/ ૪૫/ ૪૮ |
| મોબાઈલ નંબર | ૯૯૬૭૭૨૦૯૧૫ |
| ઈમેઈલ આઈડી | **eewwconstws.he@mcgm.gov.in** |
| વેબસાઈટ | મહા ટેન્ડરના પોર્ટલ **https://mahatenders.gov.in** પરથી એપ્લીકેશન ફોર્મ ડાઉનલોડ કરી શકાશે. |
| આ ટેન્ડર ડોક્યુમેન્ટ ટ્રાન્સફરેબલ નથી | |
| ઉપર જણાવેલા વિષય પર કોઈ પણ કારણ આપ્યા વિના કોઈ પણ એપ્લીકેશન સ્વીકારવાનો અને કોઈ પણ અથવા તમામ એપ્લીકેશન ફગાવવાનો હક્ક એમસીજીએમ અનામત રાખે છે. | |

સહી/-
૮/૧૧/૨૦૨૩
હાઈડ્રોલિક એન્જિનિયર I/c

PRO/1963/ADV./2023-24

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો

### મહારાષ્ટ્રની નવી નિકાસ નીતિ

# ₹ ૨૫,૦૦૦ કરોડનું રોકાણ અને ૪૦,૦૦૦ રોજગાર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે નવી નિકાસ નીતિની જાહેરાત કરી છે, તેનાથી રાજ્યમાં નવા રોકાણની તકોનું નિર્માણ થવાની સાથે નવી રોજગારી ઊભી થશે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા રાજ્યમાં વેપાર-ધંધાને આગળ વધારવા રાજ્ય સરકારે નિકાસની નીતિને મંજૂરી આપી છે. આ યોજનાને કારણે રાજ્યમાં ૨૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ અને ૪૦,૦૦૦ લોકોને રોજગાર મળશે.


આ નીતિ હેઠળ રાજ્યમાં રોકાણ વધે તે માટે ટેક્સટાઇલ પોલિસીમાં પણ સુધારો કરવામાં આવ્યો છે અને બારામતી ખાતે ડોગ ટ્રેનિંગ સેન્ટર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ વિદર્ભમાં પાંચ ઓરેન્જ પ્રોસેસિંગ સેન્ટર બનાવવાનો પ્રસ્તાવ રજૂ કરવા આવ્યો છે તેમ જ કેબિનેટે નરીમન પોઈન્ટ ખાતે આવેલી એર ઈન્ડિયાની ઈમારતને પણ ખરીદવાની તૈયારી દર્શાવી હતી.

આ નવી નિકાસ નીતિ ૨૦૨૭-૨૮ સુધી (જુઓ પાનું ૪) ▶▶

# બોરીવલીથી મુલુંડ એક કલાકમાં, નવો ફ્લાયઓવર સમય બચાવશે

મુંબઇઃ બોરીવલીથી મુલુંડ હવે એક કલાકમાં પહોંચી જવું શક્ય બનશે. મલાડ જળાશય અને અપ્પાપાડા વચ્ચે નવો ફ્લાયઓવર બાંધવામાં આવશે, જે ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ સાથે જોડાશે. પાલિકાએ દાવો કર્યો છે કે આ ફ્લાયઓવરથી વેસ્ટર્ન એક્સપ્રેસ વે પર ટ્રાફિકનું ભારણ ૩૦ ટકા ઘટશે.

વેસ્ટર્ન એક્સપ્રેસ વે પર ટ્રાફિકનું ભારે દબાણ હોવાથી તેના નિરાકરણ માટે પાલિકા દ્વારા વિવિધ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હાઇવે પરનો ભાર ઘટાડવા માટે ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ તેમજ આરે કોલોની, ગોરેગાંવ, મલાડ, કાંદિવલીમાં નવા રસ્તાઓ વિકસાવવામાં આવશે. આ પ્રયાસમાં (જુઓ પાનું ૪) ▶▶




# અજિત પવાર જૂથના ૨૦,૦૦૦ શપથપત્રમાં ખામી

### શરદ પવાર જૂથનો આક્ષેપઃ આગામી સુનાવણી ૨૦ નવેમ્બરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપીમાં ભાગલા પડ્યા બાદ અજિત પવાર જૂથ અને શરદ પવાર જૂથ બંને જૂથ દ્વારા પક્ષ પર દાવો કરવામાં આવ્યો છે અને કાયદેસરની લડાઈ ચાલુ થઈ છે. આની સુનાવણી ગુરુવારે નવી દિલ્હીમાં ચૂંટણી પંચ સમક્ષ ચાલી રહી હતી ત્યારે એડ. અભિષેક મનુ સિંઘવીએ શરદ પવાર જૂથની બાજુ માંડી હતી. તેમણે અજિત દાદાના જૂથ પર ગંભીર આરોપ લગાવતાં મૃત (જુઓ પાનું ૪) ▶▶

# કલ્યાણ પાસેની ઈરાની બસ્તીમાં ફરી પોલીસની ટીમ પર હુમલોઃ દસ જખમી

### ૬૦ પોલીસની આઠ ટીમ ટૂરિસ્ટ વાહનમાં ગઈઃ એક પકડાયો, બે આરોપી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચેન સ્નેચિંગના કેસમાં સંડોવાયેલા આરોપીઓને પકડવા કલ્યાણ પાસેની ઈરાની બસ્તીમાં ગયેલી પોલીસની ટીમ પર સ્થાનિક રહેવાસીઓએ પથ્થરમારો કરતાં ૧૦ પોલીસ અધિકારી-કર્મચારી ઘવાયા હતા. દસેક દિવસથી નજર રાખ્યા પછી ૬૦ પોલીસની આઠ ટીમ ટુરિસ્ટ વાહનમાં આરોપીને પકડવા પહોંચી હતી, પરંતુ એક જ આરોપી હાથ લાગ્યો હતો, (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**